બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃاللہعلیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃاللہعلیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)

**મે-૨૦૨૫**

ઝિલ્ કઅદ - ઝિલ્ હજ્જ
હિજરી સન : ૧૪૪૬

વર્ષ : ૨૨, અંક : ૫, સળંગ અંક : ૨૫૬

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000301
ISLAMIC WELFARE MISSION
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | તમારા રબના ખાતર નમાઝ પઢો અને કુર્બાની કરો | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 06 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 09 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ-૨) | 12 |
| 05 | હશ્ત બહિશ્ત : ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) | 16 |
| 06 | કાનૂને શરીઅત (ભાગ-૨) | 19 |
| 07 | તઝકેરતુલ અવલિયા : હઝરત જુનેદ બગદાદી رحمۃاللہعلیہ | 21 |
| 08 | ઈસ્લામી અખ્લાકો આદાબ | 23 |
| 09 | વસીલો તથા પોકારવું હદીષોની રોશનીમાં | 28 |
| 10 | (ત્રીજી સદીના મુજદ્દિદ : ૩) હઝરત ઈમામ અહમદ બિન શોએબ બિન અલી નસાઈ رحمۃاللہعلیہ | 33 |
| 11 | પાંચ નબવી નસીહતો | 37 |
| 12 | કશ્ફુલ મહજૂબ (તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ) | 41 |
| 13 | ઝર્બે હૈદરી | 45 |
| 14 | તર્જુમા તફસીર સાથે કુર્આન પઢવા અને સાંભળવાની આદત અપનાવો ! | 49 |


## હબીબે ખુદા કા નઝારા કરું મૈં

હબીબે ખુદા કા નઝારા કરું મૈં
દિલો જાન ઉન પર નિષારા કરું મૈં
મુજે અપની રહમતસે તુ અપના કર લે,
સિવા તેરે સબસે કિનારા કરું મૈં.

મૈં ક્યું ગૈર કી ઠોકરેં ખાને જાઉં,
તેરે દર સે અપના ગુઝારા કરું મૈ.
તેરે દર કે હોતે કહાં જાઉં પ્યારે,
કહાં અપના દામન પસારા કરું મૈં.

ખુદા એક પર હો તો એક પર મુહમ્મદ,
અગર કલ્બ અપના દો પારા કરું મૈં.
તેરા નામ લબ પર ખુદા દિલ કે અંદર,
યું હી ઝિંદગાની ગુઝારા કરું મૈં.

દમે વાપસી તક તેરે ગીત ગાઉં,
મુહમ્મદ મુહમ્મદ પુકારા કરું મૈં.
ખુદા ખૈર સે લાએ વો દીન ભી "નૂરી"
મદીને કી ગલિયાં બોહારા કરું મૈં.

# તમારા રબના ખાતર નમાઝ પઢો અને કુર્બાની કરો

**તંત્રી લેખ**

કેટલાક સમયથી જયારે પણ કુર્બાની ઈદનો સમય આવે છે તો બેદીન ગુમરાહો તરફથી કુર્બાની સંબંધે વાંધાવચકા તથા અવનવા તુક્કારૂપે નિવેદનો બહાર પડતાં રહે છે. પણ જે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ પર ઈમાન લાવેલા છે તેમણે કોઈ નાદાનોની વાતો પ્રતિ ધ્યાન કરવાની જરૂર નથી. ઈસ્લામી શરીઅતમાં ખાસ દિવસોમાં ખાસ જાનવરને ખુદાની રઝા માટે ઝબહ કરવું કુર્બાની છે. સાલભર અન્ય કૌમો થકી સેંકડો જાનવરોની ઠેક ઠેકાણે ક્રૂરતાપૂર્વક રોજ બલી ચઢાવાય છે તે દિલના આંધળાઓને દેખાતુ નથી, અને કેવળ મુસલમાનો થકી થતી કુર્બાની વિશે જ એલફેલ બકતા જોવા મળે છે. પણ ઈમાનવાળાઓનું કામ કુર્આન હદીષ પર ચાલવાનું છે. કુર્બાની હઝરત ઈબ્રાહીમ علیہ السلام ની સુન્નત છે જે આ ઉમ્મત માટે બાકી રાખવામાં આવી અને કુર્આનમાં નબી પાક ﷺ ને કુર્બાની કરવાનો હુકમ આપવામાં આવ્યો : فَصَلِّ لِرَبِّكَ وَانْحَرْ ''તમે તમારા રબને ખાતર નમાઝ પઢો અને કુર્બાની કરો.'' *(સૂરએ કૌષર, આ. ૨)*

## ખુશદિલીથી કુર્બાની કરો !

અબૂ દાઊદ, તિર્મિઝી તથા ઈબ્ને માજહ, ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا થી રાવી કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે દસ ઝીલ હજ્જમાં આદમની ઔલાદનો કોઈ અમલ ખુદાની નજીક લોહી વહાવવા (કુર્બાની કરવા)થી અધિક પ્યારો નથી. અને તે જાનવર ક઼યામતના દિવસે પોતાની શીંગો અને વાળ અને ખરીઓ સાથે આવશે, અને કુર્બાનીનું લોહી જમીન પર પડવાથી પહેલાં ખુદાની નજીક ક઼બૂલિયતના સ્થાને પહોંચી જાય છે, જેથી એને ખુશદિલીથી કરો.

રસૂલુલ્લાહ ﷺ ના આ મુબારક ફર્માને તુક્કાબાઝોની સર્વ વાહિયાત વાતોને રદ કરી દીધી જેમ કે કુર્બાની એટલે ગરીબોમાં માલ પૈસા વહેંચવા વગેરે.... એ તેમના સડેલા દિમાગની ઉપજ છે.

બીજી હદીષમાં છે : તિબ્રાની હઝરત ઈમામ હસન ઈબ્ને અલી رضی اللہ عنہما થી રાવી. હુઝૂરે અકરમ ﷺ એ ફર્માવ્યું, જેણે ખુશદિલીથી સવાબ પામવા માટે કુર્બાની કરી તે જહન્નમની આગ સામે આડ થઈ જશે. *(અલ મોઅજમુલ કબીર, હદીષ : ૨૭૩૬, ૩/૮૪)*

એક હદીષમાં છે : ''જે રૂપિયા ઈદના દિવસે કુર્બાનીમાં ખર્ચ કરવામાં આવ્યા એનાથી વધુ કોઈ રૂપિયા પ્યારા નથી.'' બીજી હદીષમાં રસૂલે પાક ﷺ ચેતવણી આપે છે કે : ''જેનામાં શક્તિ હોય અને કુર્બાની ન કરે તે અમારી ઈદગાહની નજીક ન આવે.'' (સુનને ઈબ્ને માજહ, બહારે શરીઅત) સારાંશ કે આપણે ખુશદિલીથી રબની રઝા ખાતર કુર્બાની કરવી જોઈએ અને નારીઓની વાતો કાને ધરવી ન જોઈએ.

## કુર્બાનીમાં શું સવાબ છે ?

ઈબ્ને માજહએ ઝયદ ઈબ્ને અરકમ رضی اللہ عنہ થી રિવાયત કરી કે સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ અર્ઝ કર્યું, યા

રસૂલલ્લાહ ! ﷺ આ કુર્બાનીઓ શું છે ? ફર્માવ્યું, "તમારા બાપ ઈબ્રાહીમ علیہ السلامની સુન્નત છે." લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમારા માટે એમાં શું સવાબ છે ? ફર્માવ્યું, દરેક બાલની સરખામણીમાં નેકી છે. અર્ઝ કરી, એમનો શું હુકમ છે ? ફર્માવ્યું, તેમના દરેક વાળના બદલામાં નેકી છે.

ઈમામ અહમદ વગેરે બરાઅ رضی اللہ عنہથી રાવી. હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું કે આજના દિવસે જે કામ આપણે પ્રથમ કરવાનું છે તે નમાઝ છે અને એના પછી કુર્બાની કરવાની છે. જેણે એવું કર્યું તે અમારી સુન્નતે પહોંચ્યો અને જેણે પ્રથમ ઝબહ કરી નાખ્યું તે ગોશ્ત છે જે તેણે પોતાનાં ઘરવાળાઓ માટે પ્રથમ જ કરી લીધુ, એટલે કુર્બાનીથી તેને કોઈ સંબંધ નથી. *(મુસ્નદે ઈમામ અહમદ)*

## હુઝૂર ﷺએ કઈ રીતે કુર્બાની કરી ?

ઈમામ મુસ્લિમ હઝરત આઈશા رضی اللہ عنہاથી રાવી. રસૂલુલ્લાહ ﷺએ હુકમ ફર્માવ્યો કે શીંગવાળો ઘેટો લાવવામાં આવે જે કાળાશમાં ચાલતો હોય કાળાશમાં બેસતો હોય અને કાળાશમાં નજર કરતો હોય. એટલે તેના પગો કાળા હોય અને પેટ કાળુ હોય અને આંખો કાળી હોય. તે કુર્બાની માટે હાજર કરવામાં આવ્યો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આઈશા ! છરી લાવો. પછી ફર્માવ્યું, એને પથ્થર પર તેજ કરી લો. પછી હુઝૂર ﷺએ છરી લીધી અને ઘેટાને સૂવડાવ્યો અને તેને ઝબહ કર્યો પછી ફર્માવ્યું : بِسۡمِ اللّٰهِ اَللّٰهُمَّ تَقَبَّلۡ مِنۡ مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ. وَمِنۡ اُمَّةِ مُحَمَّدٍ "ઈલાહી ! તું એને મુહમ્મદ ﷺની તરફથી અને તેમની આલ અને તેમની ઉમ્મતની તરફથી કબૂલ કર." (સહીહ મુસ્લિમ) અન્ય પણ હદીષો હુઝૂર ﷺના દસ્તે અક્દસ ﷺથી કુર્બાની કરવા વિશે આવેલી છે.

ઈમામ બુખારી તથા મુસ્લિમે અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ બે ઘેટાઓ કાબરા ચિતરા શીંગવાળાઓની કુર્બાની કરી તેને પોતાના હાથ મુબારક વડે ઝબહ કર્યા અને "બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર" કહ્યું. કહે છે, મેં હુઝૂર ﷺને જોયા કે પોતાનો પગ તેમના પાસા પર રાખ્યો અને "બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર" કહ્યું.

## કુર્બાની કરનાર ન કરનાર માટેનો બેહતર અમલ

મુસ્લિમ, તિર્મિઝી તથા નસાઈ તથા ઈબ્ને માજહ, ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે સલમા رضی اللہ عنہاથી રાવી. હુઝૂર ﷺએ ફર્માવ્યું, જેણે ઝીલ હજ્જનો ચાંદ જોઈ લીધો અને તેનો ઈરાદો કુર્બાની કરવાનો છે તો જ્યાં સુધી કુર્બાની ન કરી લે બાલ તથા નખોથી ન લે, એટલે ન કતરાવે.

અબૂ દાઊદ તથા નસાઈ, અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہથી હદીષ રિવાયત કરે છે, જેનો ભાવાર્થ એ છે કે, જેને કુર્બાની કરવાની તૌફીક઼ ન થાય (સાહિબે નિસાબ ન હોવાથી) તે પણ ઝીલ હજ્જનો ચાંદ થાય ત્યારથી દસમી સુધી વાળ નખો ન કતરાવે તો તે એ ચીજોને કરવાથી કુર્બાનીનો સવાબ હાંસલ થઈ જશે. *(બહારે શરીઅત)*

ઈમામ અહમદે રિવાયત કરી કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું, "અફઝલ કુર્બાની તે છે જે કિંમતના એતબારથી આ'લા હોય અને ખૂબ તાજુ હોય." *(મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ)*

**નોંધ : કુર્બાનીના મસાઈલ વિગતવાર જાણવા "કાનૂને શરીઅત (ભાગ-૧)"નો અભ્યાસ કરવો.**

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::

મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## 'સૂરએ અઅ્રાફ'ની તફસીર

અને તેઓ જે ઈમાન લાવ્યા અને શક્તિ અનુસાર સારાં કર્મો કર્યાં. અમે કોઈના પર શક્તિ ઉપરાંતનું વજન નથી લાદતા. તેઓ જન્નતવાળા છે, તેમને એમાં હમેશાં રહેવાનું (૪૨) અને અમે એમના સીનાઓમાંથી કીનો ખેંચી લીધો.[૧૯૩] તેમની નીચે નહેરો વહેશે, અને કહેશે,[૧૯૪] ''બધી ખૂબીઓ અલ્લાહને, જેણે અમને આનો માર્ગ દેખાડયો,[૧૯૫] અને અમે રસ્તો ન પામત જો અલ્લાહ અમને રસ્તો ન દેખાડત. બેશક ! અમારા પરવરદીગારના રસૂલો સત્ય લાવ્યા[૧૯૬] અને જાહેરાત થઈ કે આ જન્નત તમને વારસામાં મળી,[૧૯૭] તમારા કર્મોનો બદલો (૪૩) અને જન્નતવાળાઓએ દોઝખવાળાઓને પોકાર કર્યો, ''અમને તો જે સાચો વાયદો અમારી સાથે અમારા પરવરદીગારે કર્યો હતો[૧૯૮] તે મળી ગયો. તો શું તમે પણ મેળવ્યું જે તમારા પરવરદીગારે[૧૯૯] સાચુ વચન તમને આપ્યું હતું ?'' બોલ્યા, ''હા'' અને વચમાં એલાન કરનારે પોકાર્યું કે, ''અલ્લાહની લઅનત જાલિમો ઉપર'' (૪૪) જેઓ અલ્લાહના માર્ગથી રોકે છે,[૨૦૦] અને તેનો વંકાશ ઈચ્છે છે,[૨૦૧] અને આખેરતને અમાન્ય રાખે છે (૪૫) અને જન્નત તથા દોઝખની વચમાં એક પર્દો છે.[૨૦૨] અને એઅ્રાફ પર અમુક પુરૂષો હશે,[૨૦૩] કે (જેઓ) બન્ને પક્ષોને તેમની

આ સૂરહમાં ૨૦૬ આયતો અને ૨૪ રુકૂઅ છે.

وَ الَّذِيْنَ اٰمَنُوْا وَ عَمِلُوا الصّٰلِحٰتِ لَا نُكَلِّفُ نَفْسًا اِلَّا وُسْعَهَاۤ٘
اُولٰٓىِٕكَ اَصْحٰبُ الْجَنَّةِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿۴۲﴾ وَ نَزَعْنَا مَا فِيْ
صُدُوْرِهِمْ مِّنْ غِلٍّ تَجْرِيْ مِنْ تَحْتِهِمُ الْاَنْهٰرُ ۚ وَ قَالُوا الْحَمْدُ لِلّٰهِ
الَّذِيْ هَدٰىنَا لِهٰذَا ۫ وَ مَا كُنَّا لِنَهْتَدِيَ لَوْ لَاۤ اَنْ هَدٰىنَا اللّٰهُ ۚ لَقَدْ
جَآءَتْ رُسُلُ رَبِّنَا بِالْحَقِّ ؕ وَ نُوْدُوْۤا اَنْ تِلْكُمُ الْجَنَّةُ اُوْرِثْتُمُوْهَا بِمَا
كُنْتُمْ تَعْمَلُوْنَ ﴿۴۳﴾ وَ نَادٰۤى اَصْحٰبُ الْجَنَّةِ اَصْحٰبَ النَّارِ اَنْ قَدْ
وَجَدْنَا مَا وَعَدَنَا رَبُّنَا حَقًّا فَهَلْ وَجَدْتُّمْ مَّا وَعَدَ رَبُّكُمْ حَقًّا ؕ
قَالُوْا نَعَمْ ۚ فَاَذَّنَ مُؤَذِّنٌۢ بَيْنَهُمْ اَنْ لَّعْنَةُ اللّٰهِ عَلَى الظّٰلِمِيْنَ ﴿۴۴﴾
الَّذِيْنَ يَصُدُّوْنَ عَنْ سَبِيْلِ اللّٰهِ وَ يَبْغُوْنَهَا عِوَجًا ۚ وَ هُمْ بِالْاٰخِرَةِ
كٰفِرُوْنَ ﴿۴۵﴾ وَ بَيْنَهُمَا حِجَابٌ ۚ وَ عَلَى الْاَعْرَافِ رِجَالٌ يَّعْرِفُوْنَ كُلًّاۢ
بِسِيْمٰىهُمْ ۚ وَ نَادَوْا اَصْحٰبَ الْجَنَّةِ اَنْ سَلٰمٌ عَلَيْكُمْ ۫ لَمْ
يَدْخُلُوْهَا وَ هُمْ يَطْمَعُوْنَ ﴿۴۶﴾ وَ اِذَا صُرِفَتْ اَبْصَارُهُمْ تِلْقَآءَ اَصْحٰبِ
النَّارِ ۙ قَالُوْا رَبَّنَا لَا تَجْعَلْنَا مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿۴۷﴾ وَ نَادٰۤى اَصْحٰبُ
الْاَعْرَافِ رِجَالًا يَّعْرِفُوْنَهُمْ بِسِيْمٰىهُمْ قَالُوْا مَاۤ اَغْنٰى عَنْكُمْ
جَمْعُكُمْ وَ مَا كُنْتُمْ تَسْتَكْبِرُوْنَ ﴿۴۸﴾ اَهٰۤؤُلَآءِ الَّذِيْنَ اَقْسَمْتُمْ لَا
يَنَالُهُمُ اللّٰهُ بِرَحْمَةٍ ؕ اُدْخُلُوا الْجَنَّةَ لَا خَوْفٌ عَلَيْكُمْ وَ لَاۤ اَنْتُمْ
تَحْزَنُوْنَ ﴿۴۹﴾ وَ نَادٰۤى اَصْحٰبُ النَّارِ اَصْحٰبَ الْجَنَّةِ اَنْ اَفِيْضُوْا عَلَيْنَا
مِنَ الْمَآءِ اَوْ مِمَّا رَزَقَكُمُ اللّٰهُ ؕ قَالُوْۤا اِنَّ اللّٰهَ حَرَّمَهُمَا عَلَى
الْكٰفِرِيْنَ ﴿۵۰﴾ الَّذِيْنَ اتَّخَذُوْا دِيْنَهُمْ لَهْوًا وَّ لَعِبًا وَّ غَرَّتْهُمُ الْحَيٰوةُ
الدُّنْيَا ۚ فَالْيَوْمَ نَنْسٰىهُمْ كَمَا نَسُوْا لِقَآءَ يَوْمِهِمْ هٰذَا ۙ وَ مَا كَانُوْا
بِاٰيٰتِنَا يَجْحَدُوْنَ ﴿۵۱﴾

*પેશાનીઓથી ઓળખશે.[૨૦૪] અને તેઓ જન્નતીઓને પોકારીને કહેશે, "તમારા પર સલામ" તેઓ[૨૦૫] જન્નતમાં નથી ગયા અને તેની અભિલાષા ધરાવે છે (૪૬) અને જ્યારે તેમની[૨૦૬] આંખો દાઝખીઓ તરફ ફરશે (ત્યારે) કહેશે. "હે અમારા પરવરદિગાર ! અમને જુલમીઓ સાથે ન કરીશ" (૪૭) અને અઅરાફવાળા અમુક પુરૂષોને[૨૦૭] પોકારશે, જેમને (તેઓ) તેમની પેશાનીથી ઓળખે છે. કહેશે, "તમને તમારું જુથ શું કામ આવ્યું ? અને તે જે તમે ઘમંડ કરતા હતા ?[૨૦૮] (૪૮) શું આ છે તે લોકો ?[૨૦૯] જેમની બાબત તમે સોગંદ ખાઈને કહેતા હતા કે એમના પર અલ્લાહ પોતાની રહમત કંઈ જ કરશે નહીં.[૨૧૦] એમને તો કહેવામાં આવ્યું કે, "જન્નતમાં જાઓ ન તમને કંઈ ચિંતા ન કંઈ દુઃખ" (૪૯) અને દોઝખી જન્નતીઓને પોકારશે કે, "અમને તમારા પાણીનો કંઈ ફાયદો આપો અથવા તે ખાવાનો જે અલ્લાહે તમને આપ્યું"[૨૧૧] (જન્નતી લોકો) કહેશે, "બેશક ! એ બન્ને (વસ્તુઓ) અલ્લાહે કાફિરો પર હરામ કરી છે." (૫૦) જેમણે પોતાના ધર્મને ખેલ તમાશો બનાવી લીધો[૨૧૨] અને દુનિયાના જીવને તેમને છેતર્યા.[૨૧૩] તો આજે અમે તેમને અલગ પાડી દઈશું જે મકે તેમણે આ દિવસની મુલાકાતનો ખ્યાલ (પોતાના દિમાગમાંથી) અલગ પાડી દીધો હતો, અને જેમ કે અમારી આયતોનો નકાર કરતા હતા (૫૧)*

## સમજૂતી

**૧૯૩ :** જે દુનિયામાં તેમની વચમાં હતા અને સ્વભાવ સ્વચ્છ કરી દેવાયા. અને તેમની અંદર પ્રેમ અને સદ્‌ભાવ સિવાય બીજું કશું બાકી રહ્યું નહીં.

હઝરત અલી رضی اللہ عنہ એ કહ્યું છે કે; આ અમે બદ્રની લડાઈમાં ભાગ લેનારાઓ વિશે ઉતર્યુ. અને આ કથન પણ આપનું છે કે; મને આશા છે કે હું અને ઉષ્માન અને તલ્હા તથા ઝુબેર એમાંથી હોઈશું જેમના વિશે અલ્લાહે وَنَزَعۡنَا مَا فِیۡ صُدُوۡرِهِمۡ مِّنۡ غِلٍّ (અને એમના સીનાઓમાંથી કીનો ખેંચી લીધો) ફર્માવ્યું. **હઝરત અલીના આ કથને રાફઝી ફિર્કાનું મૂળ ઉખેડી નાખ્યું, અને તેમના કિલ્લાને જમીન દોસ્ત કરી નાખ્યો.**

**૧૯૪ :** મો'મિન જન્નતમાં જતી વેળા.

**૧૯૫ :** અને અમને એવાં કામો કરવા પ્રેર્યા જેનો સવાબ આ છે. અને અમારા પર કૃપા અને પોતાની દયાદષ્ટિથી દોઝખની સજાથી બચાવ્યા.

**૧૯૬ :** અને જે તેમણે એમને દુનિયામાં સવાબની ખબરો કહી તે બધી અમે સ્પષ્ટ દેખી લીધી, તેમનું માર્ગ દર્શન અમારા માટે અતિ મહેરબાની અને કૃપા હતી.

**૧૯૭ :** મુસ્લિમ શરીફની હદીષમાં છે કે જ્યારે જન્નતી લોકો જન્નતમાં દાખલ થશે ત્યારે એક પોકારનાર એલાન કરશે કે;, તમારા માટે જીવન છે, કદી મરશો નહીં. તમારા માટે તંદુરસ્તી છે, કદી બીમાર થશો નહીં. તમારા માટે એશઆરામ છે કદી તંગી જોશો નહીં. અને જન્નતને વારસો એટલા માટે કહેવામાં આવ્યું કે, એ માત્ર અલ્લાહની કૃપાથી મળી છે.

**૧૯૮ :** અને રસૂલોએ કહ્યું હતું કે ઈમાન અને આજ્ઞાપાલનથી સવાબ અને બદલો પામશો.

**૧૯૯ :** કુફ્ર અને આજ્ઞાના ઉલ્લંઘનથી અઝાબનું.

**૨૦૦ :** અને લોકોને ઈસ્લામ અંગીકાર કરવાની મનાઈ કરે છે.

**૨૦૧ :** અર્થાત એવું છે કે અલ્લાહના દીનને

બદલી નાખે. અને જે બંધારણ અલ્લાહે પોતાના બંદાઓ માટે નક્કી કર્યું છે તેમાં ફેરફાર કરી નાખે. *(ખાઝિન)*

**૨૦૧** : જેને "અઅ્રાફ" કહે છે.

**૨૦૨** : એ લોકો કયા વર્ગના હશે ? એમાં ઘણા ભિન્ન ભિન્ન મંતવ્યો છે. એક કથન એવું છે કે તે લોકો હશે જેમની નેકીઓ અને બદીઓ સરખે સરખી હશે. તેઓ અઅરાફ પર રહેશે. જ્યારે જન્નતીઓ તરફ દેખશે ત્યારે તેમને સલામ કરશે, અને દોઝખીઓ તરફ જોશે ત્યારે કહેશે કે, "અય પરવરદિગાર ! અમને જાલિમ કૌમ સાથે ન કરીશ." અંતે તેઓને જન્નતમાં દાખલ કરાશે.

એક કથન એવું છે કે જે લોકો જિહાદમાં શહીદ થયા હશે, પણ તેમના મા, બાપ તેમનાથી નારાજ હશે, તેમને અઅ્રાફ પર જગ્યા આપવામાં આવશે.

ઉપરોક્ત કથનોથી પુરવાર થાય છે કે અઅ્રાફવાળાઓનો મર્તબો જન્નતવાળાઓથી ઓછો છે.

મુજાહિદનું કહેવું છે કે અઅ્રાફ પર નેક લોકો, ફકીરો, અને આલિમ હશે. અને તેમનો મક઼ામ ત્યાં એટલા માટે રાખવામાં આવશે કે બીજાઓ તેમની શ્રેષ્ઠતા અને મોટાઈને જોઈ શકે. અને હાલતોનું નિરીક્ષણ કરે. આ કથનો અનુસાર અઅ્રાફવાળાઓ જન્નતીઓમાં શ્રેષ્ઠ લોકો હશે. કારણ કે તેઓ બીજાઓથી મર્તબામાં ઊંચા છે. આ બધા કથનોમાં કોઈ વિરોધાભાસ નથી, એટલા માટે કે, બની શકે છે કે દરેક વર્ગના લોકો અઅ્રાફમાં રાખવામાં આવે. અને દરેકને રાખવાનું રહસ્ય અલગ હોય.

**૨૦૪** : બંને પક્ષો. એટલે જન્નતી અને દોઝખી. જન્નતીઓનાં મોઢાં ઉજળાં અને ખીલેલાં હશે. જ્યારે દોઝખીઓનાં મોઢાં કાળાં અને આંખો લીલી હશે, આ જ તેમનાં ઓળખચિન્હો છે.

**૨૦૫** : અઅ્રાફવાળા હજુ સુધી.

**૨૦૬** : અઅ્રાફવાળાઓની.

**૨૦૭** : કાફિરોમાંથી.

**૨૦૮** : અને અઅ્રાફવાળા ગરીબ મુસ્લિમો તરફ ઈશારો કરીને કાફિરોને કહેશે.

**૨૦૯** : જેમને દુનિયામાં તમે તુચ્છ સમજતા હતા.

**૨૧૦** : હવે જોઈ લો કે જન્નતના અનંત એશઆરામમાં કેવી ઈજ્જત અને માન મોભા સહિત છે.

**૨૧૧** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ બયાન કર્યું છે કે જ્યારે અઅ્રાફવાળા જન્નતમાં ચાલ્યા જશે, ત્યારે દોઝખી લોકોને પણ લાલચ પડશે, અને તેઓ વિનંતિ કરશે, "અય પરવરદિગાર ! જન્નતમાં અમારા સગાં સંબંધીઓ છે, આજ્ઞા આપ કે અમે તેમને જોઈએ, તેમની સાથે વાતચીત કરીએ." રજા મળશે. પછી તેઓ પોતાનાં સગા વહાલાને જન્નતની નેઅમતોમાં નિહાળશે, અને ઓળખશે, પણ જન્નતી લોકો દોઝખવાળાઓને નહીં ઓળખે, કારણ કે તેમના મોઢાં કાળાં બની ગયાં હશે, શિકલો બગડી ગઈ હશે. ત્યારે જન્નતીઓને તેઓ નામ લઈ લઈને બોલાવશે, કોઈ પોતાના બાપને બોલાવશે તો કોઈ ભાઈને, અને કહેશે હું બળી મર્યો છું મારા પર પાણી રેડો, અને તમને જે અલ્લાહે ખાવાનું આપ્યું છે તે આપો, ત્યારે જન્નતવાળાઓ.

**૨૧૨** : કે હલાલ અને હરામની બાબતમાં પોતાની મનેચ્છાને અનુસર્યા. જ્યારે તેમને ઈમાન પ્રતિ બોલાવાયા ત્યારે હંસી ઉડાડવા મંડયા.

**૨૧૩** : તેની લિજ્જતોમાં આખેરતને ભૂલી ગયા.

# દર્સે હદીષે પાક એટલે મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, હે અનસ તમારી નજર સજદા પર રાખો."*

**૧.** ઈમામ તયબી ફર્માવે છે, મુસ્તહબ એ છે કે કયામમાં નજર સજદાગાહ પર હોય, રુકૂઅમાં પગની પીઠ પર, સજદામાં નાકની ટોચ, અત્તહિય્યાતમાં ખોળા પર, દરેક નમાઝનો આ જ હુકમ છે. હા ! હરમ શરીફમાં નમાઝી કયામમાં કાબાતુલ્લાહને જુએ. અમુક રિવાયતોથી માલૂમ પડે છે કે સહાબાએ કિરામ નમાઝમાં હુઝૂર صلی اللہ علیہ وسلم ને જોતા હતા. જેવું કે અમે પાછલા લખાણમાં વારંવાર વર્ણવ્યું. ઈન્શા અલ્લાહ ! આગળ જતાં પણ વર્ણન કરીશું. અહીં મિશ્કાત શરીફમાં રવાહ પછી સફેદી છે કેમ કે લેખકને હદીષનો હવાલો ન મળ્યો. બાદમાં રવાહના બાદવાળુ લખાણ મિલાવવામાં આવ્યું.

*"એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે મને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, હે મારા બાળક ! નમાઝમાં ઈલ્તેફાત (આમ તેમ જોવાથી) બચે, કેમ કે નમાઝમાં ઈલ્તેફાત હલાકત (બર્બાદી) છે. જો જરૂરી હોય તો નફ્લમાં હોય ન કે ફર્ઝમાં[૧]." (તિર્મિઝી)*

**૧.** કેમ કે નફ્લમાં ગુંજાઈશ છે, ફર્ઝમાં તંગી. જુઓ નફ્લમાં કયામ પર શક્તિમાન હોવા છતાં બેસીને પઢવું જાઈઝ છે. હદીષનો મતલબ એ છે કે ફર્ઝમાં ઈલ્તેફાત અધિક મકરૂહ છે, નફ્લમાં ઓછો. અહીં ઈલ્તેફાતથી એ જ મુરાદ થશે જે અગાઉ વર્ણવવામાં આવ્યું એટલે મોં ફેરવીને જોવું. હલાકતથી મુરાદ સવાબનું ઘટી જવું છે. કુર્આન શરીફમાં આ શબ્દ ત્રણ અર્થોમાં આવ્યો છે : (૧) પોતાની ચીજ અન્યની પાસે પહોંચી જવી. (૨) ચીજનું નષ્ટ થવું. (૩) મૌત.

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم નમાઝમાં જમણે ડાબે ત્રાંસી આંખે જોતા હતા અને પોતાની ગરદન પીઠની પાછળ વાળતા ન હતા[૧]." (તિર્મિઝી, નિસાઈ)*

**૧.** આ હદીષ વર્ણન થયેલી તે હદીષોની શરહ (ખુલાસો) છે જેમાં ઈલ્તેફાતથી મના કરવામાં આવ્યું. આ હદીષે બતાવ્યું કે ત્યાં મોં ફેરવીને જોવું મુરાદ હતું, માથુ ફેરવ્યા વિના જોવું જાઈઝ, જો કે મુસ્તહબની વિરુદ્ધ છે. હુઝૂર صلی اللہ علیہ وسلم નો આ ફેઅલ શરીફ (અમલ) જવાઝના વર્ણન માટે છે. હુઝૂર صلی اللہ علیہ وسلم ને અમુક મકરૂહ ફેઅલો પર મુસ્તહબનો સવાબ મળે છે. કેમ કે આપની આ અમલી તબ્લીગ છે. *(મિર્કાત)*

*"હઝરત અદી ઈબ્ને ષાબિતથી[૧] રિવાયત છે. તે પોતાના પિતાથી, તે પોતાના દાદાથી રિવાયત મરફૂઅ કરે છે કે નમાઝમાં છીંક, ઊંઘ, બગાસુ, હૈઝ, ઉલ્ટી તથા નસકોરી ફૂટવું શૈતાનથી છે[૨]." (તિર્મિઝી)*

**૧.** તાબઈ છે. અન્સારી છે. કૂફી છે. ઈબ્ને હબ્બાન અને અબૂ હાતિમે એમને ષિક્હ કહ્યા. અમુક મુહદ્દિષોએ કહ્યું કે એ ગાલી શીઆ હતો. શીઆઓની મસ્જિદોનો ઈમામ હતો. તેમનો જ આલિમ તથા કાઝી હતો. તેના દાદાનું નામ દીનાર છે જે સહાબી હતા.

**૨.** એટલે કે એ ચીજો છે કે જ્યારે એ નમાઝમાં આવી જાય તો શૈતાન એમનાથી ખુશ થાય છે કે મેં એની નમાઝમાં ખલેલ પાડી દીધી, નહીં તો એ ચીજો મના નથી, કુદરતી છે. બલ્કે છીંક તો ખુદાની નેઅમત છે જ્યારે કે બીમારીથી ન હોય.

*"હઝરત મતર્રિફ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને શિખ્ખૈરથી[1] રિવાયત છે. તે પોતાના પિતાથી રાવી છે. ફર્માવે છે કે હું નબી કરીમ ﷺથી ખિદમતમાં હાજર થયો. આપ નમાઝ પઢી રહ્યા હતા અને આપના પેટમાં હાંડલીની જેમ ઉકળાટ હતો. એટલે કે રડી રહ્યા હતા[2]. અને એક રિવાયતમાં છે. ફર્માવે છે કે, મેં હુઝૂર ﷺને નમાઝ પઢતા જોયા જ્યારે કે આપના સીનામાં રડવાને લીધે ઘંટીની જે ખખટાડ હતો." (અહમદ) અને નિસાઈએ પ્રથમ રિવાયત અને અબૂ દાઊદે બીજી રિવાયત કરી.*

**૧.** મતર્રિફ તાબઈ છે અને એમના પિતા અબ્દુલ્લાહ ઈબ્ને શિખ્ખૈર સહાબી છે. તેમનું પૂરું નામ આ પ્રમાણે છે. મુતર્રિફ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને આમિર ઈબ્ને સઅ્સઆ શિખ્ખૈર.

**૨.** હુઝૂરે અન્વર ﷺનું આ રડવું ખૌફે ખુદા છે કે ઈશ્કે ઈલાહીમાં હતું. અથવા પોતાની ઉમ્મતની શફાઅતના ખાતર હતું. જેમ કે અમુક રિવાયતોમાં છે કે હુઝૂર ﷺ તહજ્જુદ પઢી રહ્યા હતા અને આયત اِنْ تُعَذِّبْهُمْ الخ વારંવાર પઢતા હતા. આ રડવું રબ તઆલાને ખૂબ જ પ્યારું છે. હજી પણ જે નમાઝી હુઝૂર ﷺના ઈશ્ક કે ખુદાના ખૌફથી નમાઝમાં રડે તો નમાઝ ઘણી મક્બૂલ થાય છે. ખાસ કરીને તહજ્જુદની નમાઝ. હા ! દુનિયવી તકલીફથી નમાઝમાં રડવું મના છે અને જો તેમાં ત્રણ હરફ (અક્ષરો) અદા થઈ ગયા તો નમાઝ ફાસિદ છે. (તૂટી જશે)

*"હઝરત અબૂઝર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ નમાઝમાં ઉભો થાય તો કાંકરીઓ ન સ્પર્શે કેમ કે રહમત એના સામે છે[1]." (અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ)*

**૧.** એટલે કે કાંકરીઓથી રમત ન કરે. અફસોસ છે કે રબની રહ્મત એની તરફ ધ્યાનિત હોય અને એ કાંકરીઓની તરફ ! યાદ રાખશો કે સજદાગાહથી કાંટા કે કાંકરીઓ હટાવવી કે જમીન સરખી કરવી દુરુસ્ત છે. કેમ કે એ રમત કરવા માટે નથી બલ્કે નમાઝની ઈસ્લાહના માટે છે. પરંતુ કેવળ એકવાર કરે, જેવું કે અગાઉ વર્ણન આવી ગયું.

*"હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہاથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺએ અમારા છોકરાને જેને અફ્લહ કહેવામાં આવતો હતો જોયો કે જ્યારે તે સજદો કરે છે તો ફૂંક મારતો. તો ફર્માવ્યું, હે અફ્લહ ! તારો ચહેરો ધૂળવાળો કર[1]." (તિર્મિઝી)*

**૧.** એટલે કે નાક તથા પેશાની પર ધૂળ લાગવા દે. એમાં સફાઈનો ખયાલ ન કર. યાદ રાખશો કે ગુલામ અરબીમાં છોકરાને કહેવામાં આવે છે. કુર્આને પાકમાં આ શબ્દ દરેક જગાએ એ અર્થમાં આવ્યો છે. સજદાગાહની મારી પેશાનીમાં લાગવા દે પણ નમાઝ બાદ સાફ કરી દે જેથી રિયા ન થઈ જાય.

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે નમાઝમાં કેડ પર હાથ રાખવો દોઝખીઓનો આરામ છે[૧]." (શરહે સુન્નહ)*

**૧.** આ હદીષ જો કે મૌકૂફ છે પણ મરફૂઅના હુકમમાં છે, કેમ કે એ ચીજ બુદ્ધિથી પર છે. મતલબ એ છે કે દોઝખી જ્યારે બહુ થાકી જશે તો કેડ પર હાથ રાખ્યા કરશે, નહીં તો દોઝખમાં આરામ ક્યાંથી ? આ જ જગાએ મિર્કાતે ફર્માવ્યું કે શૈતાન જ્યારે જમીન પર આવ્યો તો કેડ પર હાથ રાખેલ હતો. અત્યારે કેડ પર હાથ રાખીને જ ચાલે છે. લમ્આતમાં છે કે યહૂદીઓનો અમલ છે. યાદ રાખશો કે હદીષનો મતલબ એ નથી કે નમાઝમાં કેડ પર હાથ રાખવો જહન્નમીઓનો તરીક઼ો છે કેમ કે દોઝખી નમાઝ ક્યાં પઢવાના ?! બલ્કે મતલબ એ છે કે નમાઝમાં કેડ પર હાથ રાખવો સખત બુરો છે કે એ તરીક઼ો દોઝખીઓનો છે જન્નતી થઈને દોઝખીઓથી મળતાપણુ શા માટે કરે છે ? યાદ રાખશો કે નમાઝના સિવાય પણ બંને કેડોએ કે એક કેડ પર હાથ રાખવો, પીઠ પાછળ હાથ બાંધવો વિના જરૂરતે મના છે. ક્યાં તો હાથ છૂટા રાખવા અથવા નમાઝી જેમ આગળ બાંધવા.

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે નમાઝમાં બે કાળી ચીજો સાપ તથા વિછીને મારી નાખો[૧]. (અહમદ, અબૂ દાઊદ), તિર્મિઝી તથા નિસાઈએ એનો અર્થ.*

**૧.** અરબીમાં અસ્વદ કાળા સાપને કહે છે અથવા મુત્લક઼ન દરેક સાપ મુરાદ છે. અને તગ઼લીબન (એકને બીજા પર ગલ્બો આપીને) સાપ, વીંછી બંનેવને અસ્વદૈન દર્શાવી દેવામાં આવ્યું. જેમ કે મા બાપને "અબ્વૈન" અને ચાંદ સૂરજને "ક઼મરૈન" કહી દે છે. જો નમાઝી નમાઝની હાલતમાં સાપ વિછી જુએ તો એને મારી શકે છે. જો અમલે ક઼લીલથી માર્યો તો નમાઝ તૂટશે નહીં અને જો એના માટે કાબાથી સીનો ફરી ગયો અથવા સતત ત્રણ ક઼દમ ચાલવું પડયું અથવા ત્રણ ઘા મારવા પડયા તો નમાઝ તૂટી જશે. ફરીથી પઢવી પડશે. પણ એ શખ્સ નમાઝ તોડવાનો ગુનેહગાર થશે નહીં. આ હદીષની ઈજાઝતના કારણે કોઈની જાન બચાવવાના માટે નમાઝ તોડી નાખવી દુરુસ્ત છે, અથવા રેલગાડી ચાલુ થઈ જતાં મુસાફિર નમાઝ તોડીને સવાર થઈ શકે છે. આ હદીષથી જાણવા મળ્યું કે દરેક પ્રકારનો સાપ મારવાની ઈજાઝત છે. એ હદીષ કે પાતળો સાપ ન મારો જે ચાલવામાં લહેરાતો ન હોય, કેમ કે તે જિન્ની છે, એ મન્સૂખ છે. હા ! જો કોઈ સાપની જિનની નિશાની મૌજૂદ હોય તો તે નુકસાન દૂર કરવા માટે તેને ન મારે તો વાંધો નથી.

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم નફ્લ પઢી રહ્યા હતા[૧] અને દરવાજો આપના પર બંધ હતો. મેં આવી દરવાજો ખોલાવ્યો, તો આપ ચાલ્યા અને મારા માટે ખોલી આપ્યો પછી પોતાના મુસલ્લા તરફ પરત થઈ ગયા. અને આપે ઉલ્લેખ નથી કર્યો કે દરવાજો ક઼િબ્લા તરફ હતો[૨]. (અહમદ, અબૂ દાઊદ, તિર્મિઝી) નિસાઈએ એના જેવી રિવાયત કરી."*

**૧.** નફ્લનો ઉલ્લેખ બનાવ વર્ણન કરવા માટે છે. કેમ કે હુઝૂર صلی اللہ علیہ وسلم ફર્ઝ મસ્જિદમાં અદા કરતા હતા ન કે હુજરા (ઓરડા)માં. નમાઝ તૂટવા ન તૂટવામાં નફ્લ તથા ફર્ઝના હુકમો એક સરખા છે.

**૨.** જેથી આ દરવાજો ખોલવામાં ન આપનો સીનો ક઼િબ્લાથી ફર્યો ન આપે અમલે કષીર કરવો પડયો. એક ક઼દમ વધારીને એક હાથથી સાંકળ ખોલી. પછી એક ક઼દમ હટાવીને નમાઝની જગાએ પહોંચી ગયા. જેવી રીતે અત્યારે પણ જ્યારે ઈમામ કે મુક઼તદીને આગળ પાછળ હટાવવામાં આવે છે, તે એક ક઼દમથી હટી શકે છે. –*(ક્રમશઃ)*

شرحِ
# હ઼દાઈક઼ે બખ્શિશ
ભાગ-૨

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

## (નઅત શરીફ : ૭૮)

### મુસ્તફા ખૈરુલ વરા હો-સરવરે હર દોસરા હો

*(ખૈરુલવરા = સૌથી બેહતર સરવર = સરદાર. દોસરા = બંને જહાન)*

**અર્થાત :** હે ખુદાના પસંદીદા તથા ચૂનેલા પયગંબર ! ﷺ આપ સર્વ જહાનોમાં સૌથી બેહતરીન, અફઝલ તથા આ'લા છો અને બંને જહાનોના સરદાર છે.

*મુહમ્મદ નહીં હૈ ખુદા ઔર બેશક !-નહીં હૈ ખુદાસે જુદા અલ્લાહ ! અલ્લાહ !*
*ખુદાકી ખુદાઈકે સિર્રો અયાં મેં-મુહમ્મદ હૈં જલ્વાનુમા અલ્લાહ ! અલ્લાહ !*
*ન સમઝા હક઼ીક઼તકો કોઈ ભી ઉનકી-મગર રબ હર દોસરા અલ્લાહ ! અલ્લાહ !*
*મહકતી હૈ હસ્તી કી બસ્તી ઉન્હીંસે-ચલી કૈસી ઠંડી હવા અલ્લાહ ! અલ્લાહ ! (ﷺ)*

### અપને અચ્છોંકા તસદુક઼-હમ બદોંકો ભી નિબા હો

**અર્થાત :** હે પ્યારા આક઼ા તથા મૌલા ! ﷺ તમારા પ્યારા ગુલામો (સહાબાએ કિરામ, અવલિયાએ કિરામ)ના તુફૈલ અમને બુરાઓને પણ તમારી ગુલામીમાં ક઼બૂલ ફર્માવી લો, જો કે એમના જેવા અમારા અમલો તો નથી, પણ એમની સાથે મહોબ્બત તો રાખીએ છીએ, એ જ નિસ્બતના કારણે અમને પણ તમારો પ્યાર અતા ફર્માવી દો.

**અમલથી જિંદગી બને છે :** આપણી બદઅમલીઓ દહાડે દહાડે હદથી વધતી જઈ રહી છે, જ્યારે કે "ગુલામીએ રસૂલ" (ﷺ)ના બુલંદ બાંગ અને અમલથી ખાલી દાવા પણ પોતાની ઊંચાઈએ છે. "ગુલામીએ રસૂલમેં હમેં મૌત ભી કુબૂલ હૈ" પણ ગુલામીએ રસૂલમાં ન હુઝૂર ﷺની શકલો સૂરત અપનાવવાની તરફ આવે છે ન આપનો કિરદાર તથા સીરત ક઼બૂલ કરવાના માટે તૈયાર છે. બદ કિ઼સ્મતીથી આપણે પોતે પોતાને અહલે સુન્નત, આશિક઼ાને મુસ્તફા તથા અવલિયાએ કિરામ, સહાબાએ કિરામ તથા અહલે બયતે અત્હારના ગુલામ કહેવડાવીએ છીએ પણ આપણી અંદર જ તે નુફૂસે કુદસિયા (પવિત્ર હસ્તીઓ)ની તાલીમાતથી વિરૂધ્ધતા ઘણા અંશે અધિક જોવા મળે છે. ૯૫ ટકા લોકો કેવળ જુમ્આની નમાઝ પર સંતોષ માની લે છે ! જ્યારે ઘણા બધા નામ માત્રના મુસલમાન અને અહલે સુન્નતના નામ પર બદનુમા ડાઘ એવા પણ છે કે જે મુદ્દલે નમાઝ તથા

શરીઅતની મઝાક ઉડાવે છે, કેમ કે એવાઓને રહનુમા તથા નામ માત્રના પીર જ એવા મળી ગયા છે જેઓ પોતાનું ખીસ્સુ ભરી લેવાને જ પીરી મુરીદી સમજી બેઠા છે. મુરીદ ગમે તેવો અલ્લાહ વ રસૂલનો બાગી તથા નાફર્માન કેમ ન હોય પણ પીર સાહબને દર અઠવાડિયે હજારની નોટ થમાવી દે તો એનાથી મોટો આશિકે રસૂલ કોણ હોય શકે છે ! પછી મેહફિલોમાં સદારતો પણ એની જ છે અને પરચાઓમાં તરી આવતુ નામ પણ એ જ "આશિકે રસૂલ"નું છે. જાણે ઈશ્કે રસૂલ પણ આપણા દૌરમાં પૈસા થકી મળી જાય છે ! રિયાકારી તથા દિખાવો એટલી પ્રગતિમાં છે કે એનાથી પહેલાં કદાચ આટલી પ્રગતિએ કદી નહીં પહોંચ્યો હોય. ખૌફે ખુદા, ફિક્રે આખેરત અને તે અઝાબ જેના બારામાં અલ્લાહ તઆલા પોતાના બંદાઓને ડરાવે છે.

ذٰلِكَ يُخَوِّفُ اللّٰهُ بِهٖ عِبَادَهٗ "એનાથી અલ્લાહ ડરાવે છે પોતાના બંદાઓને." *(સૂ. ઝુમર, ૩૯/૧૬)* ભલા ! અમે ક્યારે એનાથી ડરવાવાળા છીએ ! અમે તો "આશિકાને મુસ્તફા" છીએ ! જ્યારે મુહમ્મદ મુસ્તફા ﷺ અને આપના સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَના બનાવો જો ચિંતનપૂર્વક પઢવા અને સાંભળવામાં આવે તો જિગર ફાટી જાય છે. પણ આપણી હાલત એ છે કે આપણા માટે મહાનથી મહાન બનાવ તે કુર્આનનો હોય કે હદીષનો એક ડ્રામા તથા વધુમાં વધુ કિસ્સા કહાનીથી અધિક કોઈ હૈસિયત નથી ધરાવતો. મુડદાંઓને દફનાવવા જાય છે, જનાઝા પઢે છે.(જો કે મોટાભાગનાને જનાઝાની નમાઝ સુધ્ધાં નથી આવડતી ! ઈદની નમાઝની નિય્યત તથા તરીકો દર ઈદે બતાવવો પડે છે ! નિકાહના સમયે જાતે પોતે દુલ્હો કલમા નથી પઢી શક્તો !) સારાંશ કે ન મૌતનો મન્ઝર આપણા કામ આવી શક્યો અને ન તો ખુશીની ઘડીઓ આપણને સુધારી શકી. એ પ્રસંગોએ જાત જાતની નાજાઈઝ રસમો પર જો અમલ ન કરે તો આપણી નાક કપાય જાય છે. શરીઅતના નિયમોનો ભંગ થતો હોય તો થઈ જાય, પણ લોકોમાં આપણી ઈજ્જતમાં ફરક ન આવવો જોઈએ અને આપણુ નામ સલામત રહે ! (જેથી ડાન્સ પાર્ટીઓ, ડી.જે. બેન્ડબાજા અને શું શું ખરાબીઓ શાદી વગેરેમાં આપણે કરીએ છીએ.) જેમના થકી આવા બેકારનાં કામો થતાં રહે છતાં આપણે તેમને ચાહતા જ રહીએ.

સારાંશ કે શું શું રોદણાં રોવામાં આવે આ સર્વ તબાહીનાં ! અન્ય પણ ઘણા કારણો છે, જ્યારે કે એમનામાંથી એક આ પણ છે કે દીન તથા દીનદારોની તો આપણે નજીક નથી ફરકતા, પણ દસ દેગો "લંગર શરીફ"ની પકાવી લીધી તો હાજી સાહબ ! ચૌધરી સાહબને માની જઈશું. પણ દીની સાહિત્ય માટે જો કહો કે આ નાની સરખી કિતાબ છપાવવી છે, તો મજાક ઉડાડવાનું શરૂ કરી આપે છે કે હવે પહેલાં ઓછી કિતાબો છપાય ચૂકી છે, બજારોનાં બજાર ભરપુર છે તો આ કિતાબ પર શા માટે પૈસા વેડફો છો ?! કોઈ વાંચતુ તો છે નથી ! પછી એને છપાવીને શું કરશો ?!... વગેરે. સુબ્હાનલ્લાહ ! શું ઈલ્મ દોસ્તી છે ?! એમની નજીક તો લખવાવાળા અને પઢવાવાળા પણ પાગલખાનામાં જવાને પાત્ર છે ! જ્યારે કે સારી કિતાબનો ફાયદો તથા મહત્વ દરેક સમજદાર તથા વાંચવા લખવાવાળા નજીક દરેક દૌરમાં સિધ્ધ થયેલ છે.

આપણા બુઝુર્ગોએ ઘણુ બધુ લખ્યું છે. જો તસવ્વુફની કિતાબો જુઓ તો એના અંબાર લાગેલા છે અને હવે તો ઈલ્મવાળાઓએ દરેક ભાષામાં તર્જુમા પણ કરી નાખ્યા છે. (فجزاهم الله تعالیٰ خير الجزاء) અકીદા વિશે વાંચવા ચાહો તો કિતાબોનો એક ખજાનો મૌજૂદ છે, પણ વાંચે કોણ ?! વર્તમાનકાળમાં તો કલાકો સુધી રાતે ને દિવસે મોબાઈલના ગુલામ જ લોકો બની ગયા છે ! ઈલ્લા માશા અલ્લાહ !

## ★ સારી કિતાબોનું મહત્વ તથા ફાયદા ★

- ❑ તે ઘર વિરાનાથી બદતર છે જેમાં સારી કિતાબો ન હોય.
- ❑ વાંચન એ ગમ તથા ઉદાસીનો બેહતરીન ઈલાજ છે. *(શયખ સઅદી رحمۃ اللہ علیہ)*
- ❑ જે શખ્સને સારી કિતાબો પઢવાનો શોખ નથી તે ઈન્સાનિયતના દરજાથી પડી ચૂકેલો છે.
- ❑ દિલને ઝિંદા તથા જાગૃત રાખવાના માટે સારી કિતાબોનો અભ્યાસ જરૂરી છે. *(ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ)*
- ❑ અભ્યાસ કરવું એ કોઈ નુકસાન વિના ખુશી પમાડે છે.
- ❑ ગંદા વિષયની કિતાબો લખવાથી દૂર રહો. કૌમનાં બાળકો પર રહમ કરો, તેમને ગોળમાં ઝહેર મિલાવીને ન પીવડાવો, કેમ કે બાળકો દરેક રંગને કૃબૂલ કરી લે છે. જેમ કે કોરી સ્લેટ પર જે લખશો તે અંકિત થઈ જશે.
- ❑ બુરા પુસ્તકના સમાન કોઈ ગુનોહ નથી. બુરો શિક્ષક કેવળ એક મદ્રસાને બગાડી શકે છે, પણ બુરી કિતાબ એક પુરા જગતને તબાહ કરી દે છે.
- ❑ બુરુ લખાણ ઉમદા કિતાબમાં એવું છે જેવું કે ગાઢ તથા ખુશ્નુમા ઝાડીમાં ફળ વિનાનું ઝાડ. એની ઉલ્ટુ લાભકારક લખાણ ભલે સામાન્ય શબ્દો કે સાદી શૈલીમાં અદા કરવામાં આવે પણ તે અખ્લાક઼ી સુધારણા માટે એક સ્ટાન્ડર્ડ બંધારણનું કામ આપે છે.
- ❑ જે શખ્સ બિભત્સ કિતાબોનો અભ્યાસ કરે છે એના કરતાં તે સારો છે જેને અભ્યાસનો શોખ જ નથી.
- ❑ જે શખ્સ મનોરંજન માટે પુસ્તકો વાંચે છે તે એજ્યુકેટેડ અય્યાશ દિમાગવાળો છે જે પોતાની ઈલ્મી દૌલત અને મહા મૂલ્ય સમયનાં મોતીને દિલ ખુશ કરવાની મજામાં લૂટાવી રહ્યો છે.
- ❑ વિવિધ જાતની સામાન્ય કિતાબો વાંચવાથી જાણકારી તો વધે છે પણ મજા બગડી જાય છે, વિચારોમાં ખરાબી આવી જાય છે, હક્ક઼ વાત પર દિલ નથી જામતું ઈલ્મની શક્તિ ઘટી જાય છે. એવી જ ધડ માથા વિનાની માલૂમાત માટે કહેવામાં આવ્યું છે કે, ઈલ્મ મહાન પડદો છે.
- ❑ કોઈ કિતાબ જ્યારે વાંચો તો છેવટમાં અમુક પરિણામો તારવી લો, નહીં તો ઉપર ઉપરથી વાંચી જવું એવું છે જેવું કે ખોરાક ચાવ્યા વિના જ ગળી જવું છે. જેથી વાંચો તો સમજીને વાંચો.
- ❑ કેટલાક લોકો મરતા દમ સુધી એ ખરાબ ખયાલોના માટે માતમ કરતા રહે છે જે બિભત્સ કિતાબોથી એમના દિલોમાં જામી ગયા છે.
- ❑ અમુક કિતાબો કેવળ ટેસ્ટ કરી લેવાને પાત્ર હોય, અમુક ગળી જવાને પાત્ર હોય છે, અને ઘણી થોડી એવી હોય છે જેને ચાવવા તથા હજમ કરવાની જરૂરત હોય છે જેથી સારુ લોહી પેદા થઈ શકે, એટલે કે સારાં પરિણામો પ્રાપ્ત જઈ શકે.
- ❑ દસ સારી કિતાબો વાંચશો ત્યારે ક્યાંક આપ એક પગથિયુ ઉપર ચઢી શકશો.
- ❑ એનાથી ઉલ્ટુ એક ગંદી કિતાબ વાંચીને આપ દસ પગથિયાં નીચે ઉતરી જશો.
- ❑ યાદ રાખશો કે જે કિતાબ કેટલીયે વાર વાંચવાને લાયક નથી, તે એકવાર પણ વાંચવા લાયક નથી.

- ❑ અમુક પાનાંઓનો સમૂહ જેને કિતાબ કહેવામાં આવે છે, એ શું ચીજ છે ?! રાત દિવસની સખત મહેનત, આંખોનું ફોડવું અને ખૂબ જ જિગર જલાવીને, તકલીફો વેઠીને, ભલે કિતાબ થોડાંક જ પાનાંની હોય છે પણ લેખકે કેટલા પ્રમાણમાં જિગરનું ખૂન પીવડાવ્યું હશે ! કેટલી મીઠી નીંદો હરામ કરી હશે, દિમાગ તથા આંખોનું કેવી રીતે તેલ કાઢયું હશે, એ તો એ જ જાણે ! કેવળ એટલા માટે કે તમે વાંચો અને લાભ ઉઠાવો. તેમની આટલા પ્રમાણની મહેનતો અને તકલીફોને બેકાર કરવી અને ઈલ્મનો તે ખજાનો જે એ કિતાબોમાં બંધ છે તેને લાપરવાહીની સાથે ઠુકરાવવો જે એ નેક રૂહો તથા ઉચ્ચ કક્ષાના દિમાગવાળી શખ્સિયતો પર જેમણે એ કિતાબોને લખવાની તકલીફો તમારા ખાતર ઉઠાવી તેમના પર જુલ્મ કરવું છે. શું એ આશ્ચર્યની વાત નથી કે પથ્થરો તથા ધાતુઓને આપણે ઘણી કાળજીપૂર્વક પેટીઓ તથા કબાટોમાં બંધ રાખીએ, અને સાચાં મોતીઓ તથા ઝવેરાતને નિઃસંકોચ જ્યાં ચાહીયે ત્યાં ફંગોટી દઈએ ! જ્યાં તે થોડાક અરસામાં ઉધઈનો ખોરાક બની જાય, જેના પાનાં બાદમાં રદ્દીની જેમ હલકાં કામોમાં વાપરવામાં આવે. શું આપણા દિલથી એ મહાન મહાન બુઝુર્ગો, સ્કોલરો, તથા સંશોધકોની ઈજ્જતનો ખયાલ તદ્દન જતો રહ્યો કે આપણે તેમના દિમાગી તથા રૂહાની વારસાની તદ્દન પરવા નથી કરતા. કેટલાટ નામવર તથા ઈલ્મથી સમૃધ્ધ આલિમ થઈ ગયા, જેમની કિતાબો સુધી સદ્નસીબીએ આપણે પહોંચી શક્યા છીએ, પણ પૂરી બેપરવાહીના કારણે આપણે કદી એ કિતાબોને ખોલવાની તથા આ કદી નષ્ટ ન થનારી દૌલતથી ફાયદો ઉઠાવવાની કોશિશ નથી કરતા. અને તેમના સર્વ જીવનભરના ઈલ્મી ખજાનાને મામૂલી કિંમત પર ખરીદી નથી શક્તા જેને તેઓ આપણા માટે છોડી ગયા છે.

શું એ શરમની વાત નથી કે એક મામૂલી અમીર માણસ અથવા હાકિમ જે આપણને મળવા પણ નથી માગતો તેનાથી એક મિનિટ માટે મુલાકાત કરવાને આપણે ફખ્રથી વાત સમજીએ છીએ અને આ બુધ્ધિ કૌશલ્યવાળા તથા ઈલ્મના શહેનશાહ જેઓ ખુદ આપણને ઘણા જ શોખપૂર્વક પોતાની પાસે બોલાવે છે અને કલાકો સુધી આપણી સાથે લાભદાયી ચર્ચા કરવા તૈયાર છે આપણે એમના તરફ ધ્યાન પણ નથી આપતા. મામૂલી દરબારોમાં જ્યાં મોટાભાગે જાહિલ તથા ઘમંડી લોકોનો મજમો હોય છે ત્યાં બિરાજવાને ઘણી ઈજ્જતની વાત સમજીએ છીએ, પરંતુ કિતાબો જે એક એવો દરિયો છે જ્યાં સર્વ જગતના ઉલમા તથા સ્કોલર્સ તથા ખુદાના નેક બંદાઓ, મોટા બાદશાહ, મોટા મોટા શાઈર, પ્રખ્યાત રેહબર ભેગા થયેલા છે, કોઈનામાં ઘમંડ કે સ્વાર્થપણાનું નામ નથી, વળી તેમનો દરબાર આમ છે, ટિકિટની જરૂરત નથી, જ્યારે ચાહો જાવ જ્યારે ચાહો વાતો કરો, જ્યારે ગભરાવ તો ઉઠીને ચાલ્યા જાવ. કોઈ પ્રકારની રોક ટોક નહીં, શું અફસોસની વાત નથી કે આપણે એવા દરબારોના માટે અમુક સમય પણ ન કાઢી શકીએ ?! આ એવા દોસ્ત છે જેઓ કદી તમને રંજમય નથી કરતા, કદી તમારાથી કાંઈ તલબ નથી કરતા, કોઈ મજબૂરી નથી દર્શાવતા, એ દોસ્તોની રાય હમેશાં દુરુસ્ત, નેક તથા તદ્દન સ્વાર્થથી પર હોય છે. એ દોસ્તો (ઉલમા, ફુક્હા, સાલેહીન)ની ક્દર કરો અને તેમનાથી ફાયદો ઉઠાવો. તેમના ઈલ્મના આફતાબથી રોશનીને હાંસલ કરો. –*(ક્મશઃ)*

અંજુમને રઝાએ મુસ્તફાના મેમ્બર બનવા માટે ફક્ત **રૂા. ૮૦૦/–** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો ! –*તંત્રી*

# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

# ફવાઈદુલ ફવાદ

## દિલોના ફાયદા

ભાગ-૧ (૩૪ મજલિસો)

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### *(૩૪ મી મજલિસ)*

**★ ઈબ્રાહીમ અદ્હમ رحمۃ اللہ علیہની એક કરામત ★**

એ જ વરસે માહે ઝીલ હજજની ૨૦મી તારીખને સોમવારે કદમબોસીની દોલત નસીબ થઈ. હઝરત ઈબ્રાહીમ અદ્હમ رحمۃ اللہ علیہના મર્તબાઓ તથા ખૂબીઓ પર ચર્ચા થવા લાગી. ઈર્શાદ થયો કે તે નવ વરસ સુધી એક ગુફામાં મુકીમ રહ્યા. તે ગુફામાં એક ઝરણુ વહેતુ હતું. અદ્હમ એ જ ઝરણા પર રહેતા હતા. અને ખુદા ﷻની ઈબાદત કર્યા કરતા હતા. એક રાતે સખત ઠંડી હતી. તેમને ઠંડી લાગી થઈ ત્યાં સુધી કે મરવાનો ડર થઈ ગયો. એ જ અંધારામાં એમનો હાથ એક ચામડા પર પડયો તેને પોતાના ઉપર ખેંચી લીધું અને ગરમ થઈ ગયા. જ્યારે દિવસ ચઢયો તો ચામડાને ઉતાર્યું. શું જુએ છે કે તે એક અજગર છે. આંખો ખોલીને અને ફેણ માંડીને તે હરકત કરવા લાગ્યો. ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہ આશ્ચર્યમાં જ હતા એવામાં એક અવાજ તેમણે સાંભળ્યો, એટલે અમે એક જીવલેણ ચીજથી જે ઠંડી હતી તને બચાવ્યો અને અજગર થકી કે જે ખુદ જીવલેણ હતો.

**★ સિંહની પૂછડી પકડી કૂવાથી બહાર આવ્યા !★**

ત્યારબાદ ફર્માવ્યું કે એક અન્ય દુરવેશની સાથે પણ આવી જ કરામત થઈ હતી. તેનો કિસ્સો આ પ્રમાણે છે કે કોઈ દુરવેશ કૂવામાં ગબડી પડયો. અને રસ્સી ન હતી કે જેનાથી બહાર નીકળે. મરવાની નજીક પહોંચી ગયો. એકાએક તેણે એક રસ્સી જેવી ચીજ જોઈ જે કૂવા ઉપરથી લટકી રહી હતી. તેણે વિચાર્યું કે બચવાનો માર્ગ નીકળી આવ્યો અને તેને પકડીને કૂવાની બહાર આવી ગયો. હવે જો જોયું તો માલૂમ પડયું કે એક સિંહ ત્યાં આવીને પૂછડી લટકાવીને બેઠો છે. તેણે પણ એ જ અવાજ સાંભળ્યો કે, અમે તને હલાક કરનારાથી હલાક કરવાવાળાના ઝરીયા બચાવ્યો.

**★ નાબીના વલીની કરામત ★**

અને અહીંથી અવલિયાની કરામતોની ચર્ચા ચાલી. ફર્માવ્યું કે એક નાબીના વલી હતા. એક વિરોધી આવ્યો અને તેમની સામે બેસી ગયો એ નિય્યતે કે એ વલીની પરીક્ષા લે. જેથી દિલમાં ખયાલ કર્યો કે આ આંખોથી લાચાર છે તો જરૂરી છે કે તેમના બાતિનના આલમમાં પણ કાંઈક કમી હોય. જેથી એ નાબીના સાહબને સંબોધીને કહેવા લાગ્યો કે વિલાયતની નિશાની શું છે ? અને જે વખતે આ વાત પૂછી એક માખી આવી અને તે વિરોધીના નાક પર બેસી ગઈ. વિરોધીએ તેને ઉડાડી દીધી પણ તે ફરીથી નાક પર આવીને બેઠી, તેણે ફરી ઉડાડી દીધી. ત્રીજી

વાર ફરી ઉડાડી અને એ દરમિયાનમાં તેણે સવાલ કર્યો કે અવલિયાની નિશાની શું છે ? નાબીના બોલ્યા કે એક નિશાની તો એ છે કે અવલિયાની નાક પર માખી નથી બેસતી !

## ★ ઈબ્રાહીમ અદ્‌હમ رحمۃ اللہ علیہના ખાણાની અસર ★

પછી ખાવામાં સાવધાની અને તેની અસરની ચર્ચા ચાલી. ફર્માવ્યું કે એક યુવાન ઈબ્રાહીમ અદ્‌હમ رحمۃ اللہ علیہનો મુરીદ થયો. એ યુવાન એટલા પ્રમાણમાં ઈબાદતગુઝાર હતો કે ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہને તેની ફર્માંબરદારી તથા ઈબાદત ખૂબ જ પસંદ આવી. અને તેમણે પોતાના નફ્સને મલામત કરી (ભલુ બુરૂ કહ્યું) કે આ નવો આવેલો યુવાન તો આટલા પ્રમાણમાં ફર્માંબરદારી કરે છે અને તું આટલી નથી કરતો. ત્યારબાદ પોતાના રોશન ઝમીરના નૂરથી તેમને માલૂમ થઈ ગયું કે આ સૌ શૈતાની છે. તે નવ યુવાન નાજાઈઝ કમાઈ ખાય છે અને શૈતાને તેને આ ફર્માંબરદારીમાં લાગેલો રાખ્યો છે. જ્યારે ઈબ્રાહીમ અદ્‌હમ رحمۃ اللہ علیہ પર એનો હાલ ખુલી ગયો તો તેમણે એ યુવાનને કહ્યું, એ ખાણામાંથી જે હું ખાઉં છું તમે પણ ખાયા કરો. યુવાને એવું જ કર્યું જે દુરવેશાના ખાણુ ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہ ખાયા કરતા હતા તે લાકડીઓ વેચીને હાંસલ કરવામાં આવતુ હતું. યુવાન પણ તેમાંથી ખાવા લાગ્યો, અને જે પાયાહિન ફર્માંબરદારીનો ગલ્બો જે એના પર હતો તે જતો રહ્યો. થોડી સરખી ઈબાદત રહી ગઈ. જેમ કે ફર્ઝ નમાઝો પણ હીલાથી પઢવા લાગ્યો, ત્યાં સુધી કે એ યુવાનનું કામ બની ગયું અને ઈખ્લાસ હાંસલ થઈ ગયો.

ત્યારબાદ ખ્વાજા ઝિકુલ્લાહ બિલ ખૈરએ એ રાઝ જે સર્વ સઆદતોનું રાઝ છે જાહેર કર્યું અને કહ્યું કે શયખની જરૂરત આ જ કામ માટે હોય છે. ત્યારબાદ એના અનુસંધાનમાં આ મુદ્દો વર્ણવ્યો કે તાઅત (ફર્માંબદારી) ચાહે થોડી હોય પરંતું ઈખ્લાસ વધુ હોવો જોઈએ.

## ★ ચાલીસ વરસના જાગરણનું ફળ ★

પછી મુજાહિદના ફળનો ઉલ્લેખ થયો. આદેશ થયો કે શાહ શુજાઅ કિર્માની رحمۃ اللہ علیہ ચાલીસ વરસો સુધી રાતમાં નથી સૂતા. ચાલીસ વરસો પછી એક રાતે સૂતા તો હઝરત ઈઝ્ઝત (અલ્લાહ તઆલા)ને ખ્વાબમાં જોયો. એ તારીખ પછી જ્યાં જતા બિસ્તર સાથે લઈને ફરતા કે સૂઈ જાઉં અને ખ્વાબમાં એ દોલતને ફરી જોઉં, ત્યાં સુધી કે તેમણે અવાજ સાંભળ્યો કે ખ્વાબની તે દોલત ચાલીસ વરસના જાગરણનું ફળ હતી !

પછી દુનિયાના જમા ખર્ચની વાત આવી. ફર્માવ્યું કે આ હદીષની રિવાયત બે રીતે કરવામાં આવી છે એક એ રીતે કે એના હલાલનો હિસાબ છે અને હરામ પર અઝાબ. એટલે જે કાંઈ હલાલ કમાઈથી ભેગુ કર્યું છે તેનો હિસાબ આપવો પડશે અને જે હરામ કમાયું છે તેના પર અઝાબ થશે. બીજી રિવાયત એ રીતે છે કે તેના હલાલ પર અઝાબ થશે અને હરામ પર (પણ) અઝાબ થશે. હરામ પર અઝાબ તો ઉઘાડી વાત છે, પરંતું તેના હલાલ પર અઝાબ કઈ રીતે થશે ? ઈર્શાદ થયો કે એક શખ્સને ક઼યામતના તાપમાં ઉભો કરવામાં આવશે અને હિસાબ માગવામાં આવશે અને પૂછવામાં આવશે કે ક્યાંથી કમાયો અને ક્યાં ખર્ચ કર્યો ? એ અઝાબ હશે. ત્યારબાદ ફર્માવ્યું કે અમુક લોકો કહે છે કે, આ ક઼ૌલ અમીરુલ મોમિનીન હઝરત અલી رضی اللہ عنہનો છે કે (દુનિયાની દોલત) હલાલ પર હિસાબ છે અને હરામ પર અઝાબ છે અને તેની શંકાસ્પદ ચીજો પર ધમકી!

## ★ ક઼યામતમાં હલાલ હરામનો હિસાબ થશે ★

પછી એ વાતની ચર્ચા ચાલી કે અમુક મશાઈખ ચાંદી (રૂપિયા) કબૂલ નથી કરતા. ફર્માવ્યું કે રૂપિયા લેવાના અને તેના ખર્ચના બારામાં શરતો છે. લેનારાએ જોઈએ કે જે કાંઈ લે હક્ક઼ લે. એની સ્પષ્ટતા આ

પ્રમાણે દર્શાવી કે જેમ કે કોઈ કોઈની સામે રૂપિયા (ઢેલા) પેશ કરે છે. તેને અલ્વી (સૈયદ) જોઈને કે તેણે બે વાળો કરી રાખ્યા છે. *(પૂરાણા જમાનામાં સૈયદ લાંબા વાળ રાખ્યા કરતા હતા અને લાંબા વાળ સૈયદ હોવાની નિશાની ગણાતા હતા.)* એ યક઼ીન સાથે નઝર કરે છે કે એ ફરઝંદે રસૂલ ﷺ છે, જો કે તે લેવાવાળો અલ્વી (સૈયદ) નથી હોતો. તો આવી સ્થિતિમાં જે કાંઈ લેશે તે ક઼ત્અન હરામ હશે.

**★ ન માગે ન દિલમાં લાલચ કરે પણ કોઈ આપે તો લઈ લે ★**

ત્યારબાદ એ ચર્ચા ચાલી કે મર્દ તે છે કે કોઈનાથી કાંઈ ન માગે, ન ઝબાનથી અને ન દિલમાં એ ખયાલ કરે કે જો ફલાણો શખ્સ મને કોઈ ચીજ આપે તો ઘણુ સારું થાય. અલ્બત્ત માગ્યા વિના અને તમન્ના કર્યા વિના એની પાસે કોઈ ચીજ આવે તો તે જાઈઝ હશે.

એ દરમિયાન એક બુઝુર્ગની હિકાયત વર્ણવી કે તે ફર્માવતા કે, હું કોઈનાથી કાંઈ નથી માગતો અને દિલમાં લાલચ પણ નથી રાખતો, પરંતું જો કોઈ શખ્સ મને આપે છે તો હું લઈ લઉં છું, હવે તે આપનારો દા.ત. શૈતાન જ હોય ! ખ્વાજા ઝિકુલ્લાહ બિલ ખૈરએ સ્મિત કર્યું અને કહ્યું કે એ બુઝુર્ગે આ પ્રમાણે કહ્યું છે એનો મતલબ એ હતો કે જે શખ્સ પણ મને કોઈ ચીજ આપે છે હું તેને લઈ લઉં છું, મને શું ખબર કે એ કોણ છે અથવા ક્યાંથી લાવ્યો છે ?! બસ એટલુ (પૂરતુ) છે કે હું પોતે (એની) ખ્વાહિશ નથી ધરાવતો.

**★ ઈન્તેકાલ સંબંધે પયગંબરને અખત્યાર ★**

પછી અંબિયા علیہ السلامના અહવાલનો ઉલ્લેખ થયો કે દરેક પયગંબરને ઈન્તેક઼ાલ વખતે અખત્યાર આપવામાં આવે છે. ફર્માન થાય છે કે તમને અખત્યાર છે કે જો તમે ચાહો છો કે અમુક અધિક દિવસો દુનિયામાં રહો તો રહો, અને જો નથી ચાહતા તો ઈન્તેક઼ાલ કરો. જેમ કે હઝરત મુસ્તફા ﷺની રહલતના સમયે હઝરત આઈશા رضی اللہ عنہاએ દિલમાં ખયાલ કર્યો કે કોને ખબર કે રસૂલુલ્લાહ ﷺ એમાં ખુશ છે કે અમુક સમય અધિક સહાબાની વચ્ચે રહે, અથવા એમાં ખુશ છે કે આલમે બકા તરફ જાય. એ વાત દિલમાં વિચારી અને રસૂલુલ્લાહ ﷺની તરફ તાકી તાકીને જોવા લાગ્યાં. રસૂલુલ્લાહ ﷺએ ઝબાન મુબારકથી ઈર્શાદ ફર્માવ્યો, રસૂલોની અને સિદ્દીક઼ોની, શહીદો અને સાલેહીનની સાથે ! તારી રહમતથી હે સૌથી મહાન મહેરબાન !

આ ફવાઈદુલ ફવાદનો એક ભાગ હતો જે લખવામાં આવ્યો. શાબાનના પ્રારંભ સન ૭૦૭થી ઝીલ હજ્જ સાતસો આઠ હિજરીના છેવટ સુધી, કે એક વરસ પાંચ મહીનાની મુદ્દત થઈ. જો ખુદા ﷻ ચાહશે તો જે અન્ય કાંઈ તેમની આણમોલ વાણીથી સાંભળવામાં આવશે એ પ્રમાણે લખવામાં આવશે. એ શર્તે કે અલ્લાહ તઆલા ચાહે અને મદદ ફર્માવે અને સારી તૌફીક઼ આપે. ....*(ક્રમશઃ)*

પેજ નં.**૨૨** નું ચાલુ.. બેપરવા થઈ જાય. ફર્માવ્યું કે હયા એક એવી નેઅમત છે જે ગુનાહોની નિગરાનીથી પેદા થાય છે. ફર્માવ્યું કે રઝા નામ છે પોતાના અખત્યારોનો ત્યાગ કરીને મુસીબતોને નેઅમત સમજવાનું. ફર્માવ્યું કે તૌબા નામ છે મજબૂત નિશ્ચય સાથે જુલ્મ તથા ગુનાહ તથા કીનો ત્યજી દેવાનું. ફર્માવ્યું કે પોતાની તાઝીમ કરાવવા માટે કરામતો પ્રદર્શિત કરવું ધોકો છે. ફર્માવ્યું કે મુરીદનું કબીરા ગુનાહથી બેખૌફ થઈ જવું ધોકામાં સામેલ છે અને કુફ્રથી ન ડરવું વાસિલનો ધોકો છે. ફર્માવ્યું કે રોઝે અઝલ અલ્લાહે اَلَسْتُ بِرَبِّکُمْ (શું હું તમારો રબ નથી ?) ફર્માવીને રૂહોને એવી મસ્ત બનાવી દીધી કે દુનિયામાં પણ સમઅની હાલત વખતે આ કૈફિયતના એહસાસથી મસ્ત થઈ જાય છે. ફર્માવ્યું કે તસવ્વુફ નામ છે મખ્લૂક઼ તરફથી ખાલિક તરફ વળવાનું, કુર્આન તથા સુન્નતનું અનુસરણ કરવાનું અને ઈબાદતમાં મશગૂલ રહેવાનું. –(ક્રમશઃ)

# દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

(ભાગ-૨)

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## ★ મેહમાનના માટે નિયમો ★

**મસ્અલા** : મહેમાન માટે ચાર વાતો જરૂરી છે : **(૧)** જ્યાં બેસાડવામાં આવે ત્યાં બેસે **(૨)** એની સામે જે રજુ કરવામાં આવે તેના પર ખુશ હોવું, એવું ન કહેવા લાગે કે આનાથી સારું તો હું મારા ઘેર ખાયા કરું છું અથવા અન્ય પ્રકારના કોઈ શબ્દો જેમ કે આજકાલ મોટા ભાગની દાવતોમાં લોકો આપસમાં કહ્યા કરે છે. **(૩)** ઘર માલિકની ઈજાઝત વગર ત્યાંથી ન ઉઠવું. **(૪)** જ્યારે ત્યાંથી જાય ત્યારે એના (ઘર માલિક) માટે દુઆ કરે.

## ★ મેજબાનના માટે નિયમો ★

મેજબાને જોઈએ કે તે વખતો વખત મહેમાનને કહે કે ખાઓ, પરંતુ ખૂબ આગ્રહ ન કરે કેમ કે કંઈ એવું ન બને કે ખૂબ આગ્રહને કારણે વધારે ખવાય અને તેના માટે નુકસાનકારક બને. મેજબાને બિલ્કુલ ખામોશ ન રહેવું જોઈએ અને ખાણું મૂકી ગાયબ પણ ન થઈ જવું જોઈએ બલ્કે ત્યાં હાજર રહે અને મહેમાનોની હાજરીમાં નોકરો વગેરે પર નારાજ ન થાય અને આર્થિક રીતે સધ્ધરતાની ગુંજાઈશ હોય તો મહેમાનને કારણે ઘરવાળાઓ પર ખાવાની કમી ન કરે. મેજબાન માટે જરૂરી છે કે મેહમાનની ખિદમતમાં પોતે રચ્યો રહે. ખાદિમોની જવાબદારી પર મહેમાનને ન છોડે કેમ કે આ હઝરત ઈબ્રાહીમ علیہ السلام ની સુન્નત છે. જો મેહમાન ઓછા હોય તો તેમની સાથે ખાવા બેસી જવું, કેમ કે એ અખ્લાકી તકાઝો છે અને વધારે મહેમાન હોય તો એમની સાથે ન બેસે બલ્કે એમની સેવામાં, ખવડાવવામાં મશ્ગૂલ રહે. મહેમાનોની સાથે એવાને ન બેસાડો કે જેનું બેસવું (મહેમાનો) તેમના પર ભારી હોય. *(આલમગીરી)*

**મસ્અલા** : જ્યારે ખાવાથી ફારિગ થાય તો એમના હાથ ધોવડાવવામાં આવે અને એવું ન કરવું કે એક (માણસ)ના હાથ ધોવડાવી પાણીને ફેંકી દઈ બીજાની સામે હાથ ધોવા માટે ચલમચી પેશ કરવામાં આવે. *(આલમગીરી)*

**મસ્અલા** : કોઈએ હદિયો મોકલ્યો, જો એની પાસે હલાલ અને હરામ બંને પ્રકારનો માલ હોય પરંતુ હલાલ માલનું પ્રમાણ વધારે છે તો એને કબૂલ કરવામાં કોઈ વાંધો નથી. એ જ હુકમ એને ત્યાં દાવત ખાવા માટેનો છે. જો એ માલમાં હરામનું પ્રમાણ વધારે હોય તો ન હદિયો કબૂલ કરવો, ન એની દાવત ખાવી જ્યાં સુધી એ વાતની ખબર ન પડે કે આ ચીજ જે એણે રજુ કરી છે તે હલાલ છે. *(આલમગીરી)*

**મસ્અલા** : જે માણસ પર એનું કરજ હોય (દાવત આપનાર તેનો કરજદાર હોય) જો એણે દાવત કરી અને તે કરજ લેતા પહેલાં પણ આ રીતે દાવત કર્યા કરતો હતો તો કબૂલ કરવામાં કોઈ વાંધો નથી. પરંતુ જો પહેલાં વીસ દિવસમાં દાવત કરતો હતો અને હવે દસ દિવસમાં (દા'વત) કરે છે અથવા એણે ખાવામાં ઠાઠ માઠ વધારી દીધો તો કબૂલ ન કરવી, કેમ કે એ કરજના કારણે છે. *(આલમગીરી)*

## વાસણનું બયાન

સોના ચાંદીના વાસણમાં ખાવું, પીવું અને

એની કટોરીઓમાંથી તેલ લગાડવું યા એની અત્તરદાનથી અત્તર લગાડવું યા એની લોબાનદાનીથી લોબાન કરવું મના છે અને એ મનાઈ ઓરતો તથા મરદો બંને માટે છે. ઓરતોને એના ઘરેણાં પહેરવાની ઈજાઝત છે. ઘરેણા સિવાય સોના ચાંદીનો બીજો કોઈ ઉપયોગ કરવો મરદો તથા ઓરતો બંને માટે નાજાઈઝ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : સોના ચાંદીના ચમચાથી ખાવું, એની સલાઈ (સળી)થી સૂરમાદાનીમાંથી સૂરમો કાઢી આંખે લગાડવો. એના અરીસામાં મોં જોવું, એના ખડિયા કલમથી લખવું, એના લોટા અથવા થાળીથી વુઝૂ કરવું, એની ખુરશી પર બેસવું મરદ અને ઓરત બંને માટે નાજાઈઝ છે. *(દુર્રે મુખ્તાર, રદુલ મુહ્તાર)*

**મસ્અલા** : સોના ચાંદીની આરસી પહેરવી ઓરત માટે જાઈઝ છે પરંતુ એ આરસીમાં મોં જોવું ઓરત માટે પણ નાજાઈઝ છે.

**મસ્અલા** : સોના ચાંદીના ચા નાં વાસણનો ઉપયોગ કરવો નાજાઈઝ છે. એ રીતે સોના ચાંદીની ઘડિયાળ હાથે બાંધવી બલ્કે એમાં વખત જોવો પણ નાજાઈઝ છે કેમ કે ઘડિયાળનો ઉપયોગ જ વખત જોવા માટે થાય છે. *(રદુલ મુહ્તાર)*

**મસ્અલા** : સોના ચાંદીની ચીજો ફકત મકાનની ખુબસૂરતી દેખાવ માટે હોય. દા.ત. મકાનની સજાવટમાં એ વાસણો લગાવે જેથી મકાનની સુંદર સજાવટ થઈ જાય (દેખાય) એમાં વાંધો નથી. એ રીતે સોના ચાંદીની ખુરશીઓ, મેજ યા તખ્ત વગેરેથી મકાન સજાવ્યું છે. એના પર બેસવામાં ન આવતું હોય તો વાંધો નથી.

*(દુર્રે મુખ્તાર, રદુલ મુહ્તાર)*

**મસ્અલા** : બાળકોને **બિસ્મિલ્લાહ** પઢાવતી વખતે (પ્રસંગે) ચાંદીની કલમ, ખડિયો, તકતી લાવવામાં આવે છે એ ચીજો ઉપયોગમાં લેતા નથી પરંતુ પ્રસંગે પૂરો થયા પછી પઢાવનારને આપી દેવામાં આવે છે એમાં વાંધો નથી.

**મસ્અલા** : સોના ચાંદી સિવાયના બીજા દરેક પ્રકારના વાસણનો ઉપયોગ જાઈઝ છે. દા.ત. તાંબુ, પિત્તળ, કાચ, બલુર વગેરે, પરંતુ માટીના વાસણોનો ઉપયોગ સૌથી બેહતર છે. કેમ કે હદીષમાં છે કે જેણે ઘરના વાસણો માટીનાં બનાવ્યાં (માટીના વાસણોનો ઉપયોગ) ફરિશ્તાઓ તેની જીયારત માટે આવશે. તાંબા, પિત્તળનાં વાસણોને કલઈ કરેલી હોવી જોઈએ, કલઈ વગરનાં એ વાસણોનો ઉપયોગ મકરૂહ છે.

**મસ્અલા** : જે વાસણની બનાવટમાં સોના, ચાંદીનો ઉપયોગ થયો હોય તેનો ઉપયોગ જાઈઝ છે જો ઉપયોગમાં લેવાની જગ્યા પર સોનું, ચાંદી લાગેલ ન હોય. દા.ત. કટોરા યા ગ્લાસમાં ચાંદીનું કામ હોય તો પાણી પીવામાં એ જગ્યા પર મોં ન લાગવું જોઈએ જ્યાં સુધી સોનું કે ચાંદી (લાગેલી) છે. કેટલાકનું કહેવું છે કે એ જગ્યા પર હાથ ન લાગવો જોઈએ અને એ કથન સહીહ છે.

*(દુર્રેમુખ્તાર, રદુલ મુહ્તાર)*

**મસ્અલા** : છરીનો હાથો સોના કે ચાંદીનો હોય તો એનો ઉપયોગ નાજાઈઝ છે, કેમ કે ઉપયોગનો તરીકો એ છે કે હાથા પર હાથ રાખવામાં આવે છે. પરિણામે ઉપયોગની જગ્યા સોના ચાંદીની થઈ. એની રીતે બીજાં સાધનો કલઈ વગેરે જેમાં ઉપયોગની જગ્યા પર સોનુ ચાંદી હોય તો નાજાઈઝ છે અને જો ઉપયોગમાં લેવાની જગ્યા પર ન હોય તો વાંધો નથી. *(બહારે શરીઅત વગેરે)*

**મસ્અલા** : વાસણ પર સોના ચાંદીનો ગિલિટ ચઢાવેલ હોય તો એના ઉપયોગમાં કોઈ વાંધો નથી. *(હિદાયા) –(ક્રમશઃ)*

## તઝકેરતુલ અવલિયા

# હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**આપના આદેશો :** આપ ફર્માવ્યા કરતા હતા કે શામ ફતહોનું, ઈરાક઼ ફસાહતનું અને ખુરાસાન સત્યનું મર્કઝ છે, પરંતું એ રાહોમાં ડાકૂઓએ પોતાની જાળો બિછાવી રાખી છે. ફર્માવ્યું કે કુદરતનો મુશાહેદો કરનાર શ્વાસ લેવાને કુફ્ર ખયાલ કરે છે. ફર્માવ્યું કે ખૂબ જ અફઝલ છે તે બંદો જેને એક પળ માટે પણ કુર્બે ઈલાહી હાંસલ થયો હોય. ફર્માવ્યું કે બંદા પણ બે પ્રકારના હોય છે : પ્રથમ હક્ક઼નો બંદો બીજો હક઼ીક઼તનો બંદો. પરંતું હક્ક઼નો બંદો એટલા માટે અફઝલ હોય છે કે તેને اعوذ برضاك من سخطك નો મક઼ામ હાંસલ થાય છે.

ફર્માવ્યું કે કુર્આન તથા હદીષનું અનુસરણ કરતા રહો અને જે એનો આજ્ઞાંકિત ન હોય તેનું અનુસરણ કદાપિ ન કરો. ફર્માવ્યું કે શૈતાનના વસવસાઓ કરતાં. નફસના વસવસા એટલા માટે સખત તરીન હોય છે કે શૈતાની વસવસા તો લાહોલથી દૂર થઈ જાય છે, પરંતું નફસના વસવસા દૂર કરવા ખૂબ જ મુશ્કેલ હોય છે. ફર્માવ્યું કે ઈબ્લીસને ઈબાદતના બાદ પણ મુશાહેદો હાંસલ ન થઈ શકયો, પણ હઝરત આદમ علیہ السلامએ ઝિલ્લત છતાં મુશાહેદાને કાયમ રાખ્યો. ફર્માવ્યું કે ઈન્સાન સીરતથી ઈન્સાન હોય છે ન કે સૂરતથી. ફર્માવ્યું કે ખુદાના ભેદ ખુદાના દોસ્તોના દિલોમાં મેહફૂઝ રહે છે. ફર્માવ્યું કે જહન્નમમાં સળગવા કરતાં વધુ ખુદાથી ગાફેલ રહેવું સખ્ત છે. ફર્માવ્યું કે ફનાઈયત વિના બકા હાંસલ નથી થઈ શકતી. ફર્માવ્યું તર્કે દુનિયા અને ગોશાનશીનીથી ઈમાન પણ સલામત રહે છે અને સુકૂન પણ હાંસલ થાય છે. ફર્માવ્યું કે જેનો ઈલ્મ યક઼ીન સુધી, યક઼ીન ખૌફ સુધી, ખૌફ અમલ સુધી, અમલ વરઅ સુધી અને ઈખ્લાસ મુશાહિદા સુધી નથી પહોંચતો તે હલાક થઈ જાય છે. ફર્માવ્યું કે તકલીફ પર શિકાયત ન કરતાં સબ્ર કરવી બંદગીની બેહતરીન નિશાની છે. ફર્માવ્યું કે મેહમાનનવાઝી નવાફિલ કરતાં બેહતર છે.

ફર્માવ્યું કે બંદો જેટલો ખુદાથી નજીક હોય છે ખુદા પણ એટલો જ તેની નજીક રહે છે. ફર્માવ્યું કે જેની હયાત રૂહ પર આધારિત હોય તે રૂહ નીકળતાં જ મરી જાય છે અને જેની હયાતનો દારોમદાર ખુદા પર હોય તે કદી નથી મરતો, બલ્કે તબઈ જિંદગીથી હક઼ીક઼ી જિંદગી હાંસલ કરી લે છે. ફર્માવ્યું કે સન્અતે ઈલાહી (ખુદાની કારીગરી)થી બોધ હાંસલ ન કરનાર આંખનું આંધળા જ હોવું બેહતર છે, અને જે જીભ ખુદાના ઝિક્રથી ખાલી હોય તેનું ગુંગા હોવું બેહતર છે અને જે કાન હક્ક઼ની વાત સાંભળવાથી આજિઝ હોય તેનું બહેરા હોવું સારું છે, અને જે શરીર ઈબાદતથી મેહરૂમ હોય તેનું મુર્દા થઈ જવું અફઝલ છે. ફર્માવ્યું કે મુરીદે શરીઅતના હુકમો સિવાય કાંઈ સાંભળવું ન જોઈએ અને મુરીદના માટે દુનિયા કડવી હોય છે અને મઅરેફત મીઠી. ફર્માવ્યું કે જમીનને સૂફિયાએ કિરામથી એવી જ સજાવટ હાંસલ છે જેવી રીતે આસમાનને તારાઓથી. ફર્માવ્યું કે ખતરા (દિલમાં ઉઠતા ખયાલો)ના ચાર પ્રકાર છે : પ્રથમ ખતરએ હક્ક઼ જેનાથી મઅરેફત હાંસલ થાય છે. બીજો ખતરએ મલાઈકા જેનાથી ઈબાદતની રગબત (આકર્ષણ) પેદા થાય છે. ત્રીજો ખતરએ નફ્સ જેનાથી દુનિયામાં વ્યસ્ત થઈ જાય છે. ચોથો ખતરએ ઈબ્લીસ જેનાથી અદાવત તથા દુશ્મની જનમ

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

લે છે. ફર્માવ્યું કે અહલે હિંમત (હોસલાવાળા) પોતાની હિંમતના કારણે દુશ્મની નજમ લે છે. ફર્માવ્યું કે અહલે હિંમત (હોસલાવાળા) પોતાની હિંમતના કારણે સૌના પર અગ્રતા હાંસલ કરી લે છે. ફર્માવ્યું કે ચાર હજાર ખુદા રશીદા બુઝુર્ગોનો આ કૌલ છે કે રબની ઈબાદત એ રીતે કરવી જોઈએ કે ખુદા સિવાય કોઈનો ખયાલ પણ ન આવે.

ફર્માવ્યું કે તસવ્વુફનો માખઝ ઈસ્તિફા (ભલાઈઓથી ભરપુર) છે, એટલા માટે કેવળ બરગુઝીદા (મકૂબૂલ) હસ્તીને જ સૂફી કહેવામાં આવે છે. અને સૂફી તે છે જે હઝરત ઈબ્રાહીમ علیہ السلامથી ખલીલ હોવાનો દર્સ અને હઝરત ઈસ્માઈલ علیہ السلامથી તસ્લીમ (સ્વીકૃતિ)નો દર્સ અને હઝરત દાઊદ علیہ السلامથી ગમનો દર્સ, અને ઐયૂબ علیہ السلامથી સબ્રનો દર્સ અને હઝરત મૂસા علیہ السلامથી શોક઼નો દર્સ અને હુઝૂરે અકરમ ﷺથી ઈખ્લાસનો હાંસલ કરે. ફર્માવ્યું કે ખુદાના સિવાય દરેક ચીજને છોડીને ખુદને ફના કરી લેવાનું નામ તસવ્વુફ છે. અને આપના એક મુરીદનો કૌલ એ છે કે સૂફી એને કહે છે જે પોતાના સૌ અવસાફ (ગુણો, ખૂબીઓ)ને ખત્મ કરીને ખુદાને પામી લે. ફર્માવ્યું કે આરિફથી સર્વ ઝુકાવો ખત્મ કરી દેવામાં આવે છે અને આરિફ ખુદાઈ ભેદોથી માહિતગાર હોય છે. ફર્માવ્યું કે મઅરેફતના બે પ્રકારો છે : પ્રથમ મઅરેફતે તા'રીફ એટલે ખુદ અલ્લાહની ઓળખ કરવી. બીજો મઅરેફતે તસરીફ એટલે અલ્લાહ તેને ઓળખે, અને ખુદા સાથે મશગૂલિયતનું નામ મઅરેફત છે. ફર્માવ્યું કે તૌહીદ ખુદાને જાણવાનું નામ છે અને તૌહીદની હદ એ છે કે જે હદ સુધી તૌહીદનો ઈલ્મ હોય તેને એ જ ખયાલ કરે કે તૌહીદ એનાથી પણ ઉચ્ચ છે. ફર્માવ્યું કે જો મહોબ્બતનો તઅલ્લુક કોઈ ચીજથી કાયમ હોય તો તે ચીજની ફનાઈયતથી મહોબ્બત પણ ફના થઈ જાય છે, અને મહોબ્બતની પ્રાપ્તિ ત્યાં સુધી શક્ય નથી જ્યાં સુધી પોતાને ફના ન કરી લે. અને મહોબ્બતવાળાઓના મોટાભાગના કથનો લોકોને કુફ્ર જણાય છે. ફર્માવ્યું કે વજદને મિટાવીને ગર્ક થવાનું નામ મુશાહેદા છે, કેમ કે વજૂદ હયાત અતા કરે છે અને મુશાહિદા ફનાઈયત. અને મુશાહિદા અબૂ દિયતને ફના કરીને રબૂબિયતની તરફ જાય છે અને કોઈ ચીજની ઝાતી હક઼ીક઼તના ઈલ્મનું નામ પણ મુશાહિદા છે. ફર્માવ્યું કે મુરાકિબા નામ છે તબાહી પર અફસોસ કરવાનું. અને મુરાકિબાની વ્યાખ્યા એ છે કે ગાયબનો ઈન્તેઝાર રહે, અને હયા હાજરથી શાર્મિંદગીનું નામ છે. અને ઝિક્રે ઈલાહીથી એક પળની ગફલત પણ હજાર વરસોની ઈબાદતથી બદતર છે, કેમ કે એક પળની ગૈર હાજરી ગુસ્તાખીની હજાર વરસોની ઈબાદત નષ્ટ નથી કરી શકતી. ફર્માવ્યું કે અવલિયા અલ્લાહના માટે નફ્સના બોજથી મુશ્કેલ કોઈ કામ નથી. ફર્માવ્યું કે દુનિયવી ઉત્તેજનાને ત્યજી દેવાનું નામ અબૂદિયત છે અને ઝુહદની હદ ઈફલાસ (મુફલિસી) છે. ફર્માવ્યું કે સાચો બંદો દિવસમાં ચાલીસ હાલતો બદલે છે પરંતુ રિયાકાર ચાલીસ વરસ પણ એક જ હાલત પર કાયમ રહે છે. અને સાચો બંદો તે જ છે જે ન તો માગણી માટે હાથ લંબાવે ન ઝઘડે.

ફર્માવ્યું કે તવક્કુલ સબ્રની હદનું નામ છે, જેવું કે રબ તઆલા ઈર્શાદ ફર્માવે છે કે, "તે લોકો જેઓ સબ્ર કરે છે એન પોતાના રબ પર તવક્કુલ કરે છે." અને સબ્રની વ્યાખ્યા એ છે કે જે મખ્લૂકથી દૂર કરીને ખાલિક઼ની નજીક કરી આપે. અને તવક્કુલનો ભાવાર્થ એ છે કે તમે અલ્લાહના માટે એવા બની જાવ જેવા રોઝે અઝલમાં હતા. ફર્માવ્યું, યકીન નામ છે ઈલ્મનું દિલમાં એ પ્રમાણે બેસી જવાનું જેમાં ફેરફાર કે અદલા બદલી ન થઈ શકે. અને યક઼ીનનો એક ભાવાર્થ એ છે કે તકબ્બુર (ઘમંડ) ત્યજીને દુનિયાથી વધુ પેજ ૧૮ પર.

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય — હપ્તો : ૨૭

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો ઘણો ખરો ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

## ઈયાદત (બીમારની ખબર પૂછવી) અને ઈલાજનું બયાન

**ઈયાદત** : બીમારની ખબર પૂછવા જવું સુન્નત છે, હદીષોમાં તેની ઘણી ફઝીલત દર્શાવવામાં આવી છે.

**હદીષ–૧** : બુખારી વ મુસ્લિમ વ અબૂ દાઊદ વ ઈબ્ને માજહ અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી કે હુઝૂરે અકદસ ﷺ ફર્માવે છે : મુસલમાન પર મુસલમાનના પાંચ હક્કો છે : (૧) સલામનો જવાબ આપવો (૨) બીમારને પૂછવા જવું (૩) જનાઝાની સાથે જવું (૪) દાવત કબૂલ કરવી (૫) છીંકવાળાને જવાબ આપવો (જ્યારે અલ્ હમ્દુલિલ્લાહ કહે)

**હદીષ–૨** : સહીહેનમાં છે બરાઅ બિન હાઝિબ رضی اللہ عنہ કહે છે અમને સાત વાતોનો હુઝૂરે હુકમ ફર્માવ્યો (ઉપરની પાંચ વાતો કહીને ફર્માવ્યું) : (૬) સોગંદ ખાવાવાળાની સોગંદ પૂરી કરવી (૭) જેના પર જુલ્મ થયો હોય તેની મદદ કરવી.

**હદીષ–૩** : બુખારી વ મુસ્લિમમાં ષવબાન رضی اللہ عنہથી રાવી. હુઝૂરે અકદસ ﷺ ફર્માવે છે : મુસલમાન ભાઈ જ્યારે પોતાના મુસલમાન ભાઈની ખબર જોવા ગયો તો પાછો આવતાં સુધી હમેશાં જન્નતનાં ફળો વીણતો રહેશે.

**હદીષ–૪** : સહીહ મુસ્લિમ શરીફમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : અલ્લાહ عزوجل કયામતના દિવસે ફર્માવશે, હે ! આદમની ઔલાદ ! હું બીમાર થયો તેં મારી ઈયાદત (ખબર પૂછવી) ન કરી. અર્ઝ કરશે, તારી ઈયાદત કેવી રીતે કરતો, તું રબ્બુલ આલમીન છે. (એટલે ખુદા કેવી રીતે બીમાર થઈ શકે છે કે તેની ઈયાદત કરવામાં આવે ?!) ફર્માવશે, શું તને નથી ખબર કે મારો ફલાણો બંદો બીમાર થયો અને એની તેં ઈયાદત ન કરી. શું તું નથી જાણતો કે તું જો એની ઈયાદત માટે જાત તો મને તેની પાસે પામતો. અને ફર્માવશે, હે ! આદમની ઔલાદ ! મેં તારાથી ખાવાનું માગ્યું પણ તેં ન આપ્યું. અર્ઝ કરશે, તને કઈ રીતે ખાવાનું આપતો ? તું રબ્બુલ આલમીન છે ! ફર્માવશે, શું તને ખબર નથી કે મારો ફલાણો બંદો તારાથી ખાવા માગી રહ્યો હતો અને તેં ન આપ્યું ! શું તને નથી ખબર કે જો તેં આપ્યું હોત તો તેને (એટલે તેના સવાબને) મારી જોડે પામતો. ફર્માવશે, હે આદમની ઔલાદ ! મેં તારી જોડે પાણી માગ્યું, તેં ન આપ્યું. અર્ઝ કરશે, તને કઈ રીતે પાણી આપતો ! તું રબ્બુલ આલમીન છે.

ફર્માવશે, મારા ફલાણા બંદાએ તારી પાસે પાણી માગ્યું, તેં એને ન પીવડાવ્યું. જો પીવડાવ્યું હોત તો તેને મારી પાસે પામતો.

**હદીષ-૫** : સહીહ બુખારી શરીફમાં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہથી મરવી છે. હુઝૂરે અકદસ ﷺ એક ગામડાવાસીની ઈયાદત માટે તશરીફ લઈ ગયા અને આદતે કરીમા હતી કે જ્યારે કોઈ બીમારની ઈયાદત માટે તશરીફ લઈ જતા તો ફર્માવતા : لا باس طھور ان شاء اللہ تعالیٰ એટલે કે કોઈ વાંધો નથી, ઈન્શા અલ્લાહ ! આ બીમારી ગુનાહોથી પાક કરવાવાળી છે. તે એઅ્રાબીથી પણ આ જ ફર્માવ્યું : لا باس طھور ان شاء اللہ تعالیٰ

**હદીષ-૬** : અબૂ દાઊદ તથા તિર્મિઝીએ અમીરુલ મો'મિનીન મૌલા અલી رضی اللہ عنہથી રાવી કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે **જે મુસલમાન બીજા મુસલમાનની ઈયાદત માટે સવારમાં જાય તો સાંજ સુધી ૭૦ હજાર ફરિશ્તાઓ તેના માટે ઈસ્તિગફાર કરે છે, અને સાંજે જાય તો સીત્તેર (૭૦) હજાર ફરિશ્તાઓ સવાર સુધી ઈસ્તિગફાર કરે છે, અને તેના માટે જન્નતમાં એક બાગ હશે.**

**હદીષ-૭** : અબૂ દાઊદે અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂર ﷺ ફર્માવે છે કે **જે સારી રીતે વુઝૂ કરીને સવાબની નિય્યતથી કોઈ મુસલમાન ભાઈની ઈયાદત માટે જાય તેને જહન્નમથી સાઠ (૬૦) વર્ષ સુધીના માર્ગ જેટલો દૂર કરી દેવામાં આવશે.**

**હદીષ-૮** : તિર્મિઝી બ ઈફાદાએ તહસીન વ ઈબ્ને માજહ رضی اللہ عنہથી રાવી કે હુઝૂર ﷺ ફર્માવે છે : જે શખ્સ બીમારની ઈયાદત માટે જાય છે આકાશમાંથી પોકારનારો પોકારે છે, તું સારો છે અને તારું ચાલવું સારું છે, અને જન્નતની એક મંઝિલને તેં તારું ઠેકાણું બનાવી લીધુ.

**હદીષ-૯** : ઈબ્ને માજહ અમીરુલ મો'મિનીન ફારૂકે આ'ઝમ رضی اللہ عنہથી રાવી કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, જ્યારે તું બીમારની પાસે જાય તો કહે કે તારા માટે દુઆ કરે કે તેની દુઆ ફરિશ્તાઓની દુઆની જેમ છે.

**હદીષ-૧૦** : બયહકીએ સઈદ બિન મુસય્યિબથી મુરસલન રિવાયત કરી કે ફર્માવે છે : અફઝલ ઈયાદત એ છે કે જલ્દી ઉઠીને આવે. અને આ જ રીતે હઝરત અનસ رضی اللہ عنہથી પણ મરવી.

**હદીષ-૧૧** : તિર્મિઝી વ ઈબ્ને માજહએ અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રાવી કે હુઝૂર ﷺ ફર્માવે છે, જ્યારે બીમારની પાસે જાવ તો ઉંમરના બારામાં દિલ ખુશ કરનારી વાતો કરો કે એ કોઈ વસ્તુને રદ ન કરી દે, અને તેના જીવને સારું લાગશે.

**હદીષ-૧૨** : ઈબ્ને હબ્બાન પોતાની સહીહમાં એમનાથી જ રાવી કે હુઝૂર ﷺ ફર્માવે છે : પાંચ વસ્તુ જે એક દિવસમાં કરશે અલ્લાહ તઆલા તેને જન્નતીઓમાં લખી દેશે : (૧) બીમારની ખબર જોવા જાય (૨) જનાઝામાં હાજર થાય (૩) રોઝો રાખે (૪) જુમ્આ માટે જાય (૫) ગુલામ આઝાદ કરે.

**હદીષ-૧૩/૧૪** : અહમદ તથા તબરાની તથા અબૂ યઅલા તથા ઈબ્ને ખુઝૈમા તથા ઈબ્ને હબ્બાન, મુઆઝ બિન જબલ અને અબૂ દાઊદ અબૂ ઉમામા رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી રાવી કે હુઝૂર ﷺ ફર્માવે છે : પાંચ વસ્તુઓ છે જો તેમાંથી એક પણ વસ્તુ કરશે તો અલ્લાહની હિફાઝતમાં આવી જશે : (૧) બીમારની ખબર જોવા જાય (૨) અથવા જનાઝાની સાથે જાય (૩) અથવા ગઝવા (અલ્લાહ માટે લડાઈ) માટે જાય (૪) અથવા ઈમામ પાસે તેની તાઝીમ અને ઈજ્જત કરવાના ઈરાદાથી જાય (૫) અથવા પોતાના ઘરમાં બેસી રહે કે બીજા લોકો તેનાથી

સલામત રહે અને તે લોકોથી.

**હદીષ–૧૫** : ઈબ્ને ખુઝૈમા પોતાની સહીહમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રાવી કે હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, આજે તમારામાંથી કોણ રોઝાદાર છે ? અબૂ બકર رضی اللہ عنہએ અર્ઝ કરી, "હું." ફર્માવ્યું, આજે તમારામાંથી કોઈએ ફકીરને ખાવાનું ખવડાવ્યું ? અર્ઝ કરી, "મેં." ફર્માવ્યું, કોણ આજે જનાઝાની સાથે ગયું ? અર્ઝ કરી "હું." ફર્માવ્યું, આજે કોણે બીમારની ખબર પૂછી ? અર્ઝ કરી, "મેં." ફર્માવ્યું, આ ખાસિયતો કોઈનામાં કદી ભેગી ન થશે, પણ જન્નતમાં પ્રવેશશે.

**હદીષ–૧૬** : અબૂ દાઊદ વ તિર્મિઝી અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماથી રાવી કે હુઝૂર صلی اللہ علیہ وسلم ફર્માવે છે, જ્યારે કોઈ મુસલમાન બીજા કોઈ મુસલમાનની ખબર જોવા માટે જાય તો સાત વખત આ દુઆ પઢે :–

اَسْأَلُ اللهَ الْعَظِيْمَ رَبَّ الْعَرْشِ الْكَرِيْمِ اَنْ يَّشْفِيَكَ

(તર્જુમા : અલ્લાહ મોટો છે સવાલ કરું છું જે અર્શે કરીમનો માલિક છે એ કે તને શિફા આપે) જો મૌત ન આવી તો શિફા થઈ જશે. *(ફઝાઈલે ઈયાદતનો વધારો, બહારે શરીઅત, ભાગ–૪)*

**ઈલાજ :–**

**હદીષ–૧** : સહીહ બુખારીમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ કોઈ બીમારી નથી ઉતારી પરંતુ તેની સાથે શિફા પણ ઉતારી.

**હદીષ–૨** : સહીહ મુસ્લિમમાં જાબિર رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, દરેક બીમારી માટે દવા છે, જ્યારે બીમારીને દવા મળી જશે તો અલ્લાહ તઆલાના હુકમથી સારું થઈ જશે.

**હદીષ–૩** : ઈમામ અહમદ વ તિર્મિઝી વ અબૂ દાઊદે ઓસામા બિન શરીક رضی اللہ عنہથી રિવાયત કરી કે લોકોએ ફર્માવ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم શું અમે દવા કરીએ ? ફર્માવ્યું, હા ! હે અલ્લાહના બંદાઓ ! કે અલ્લાહ તઆલાએ બીમારીની સાથે શિફા પણ રાખી છે સિવાય એક બીમારીના અને તે વૃદ્ધાવસ્થા છે.

**હદીષ–૪** : અબૂ દાઊદે અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, બીમારી અને દવા બંનેવને અલ્લાહ તઆલાએ ઊતારી, તેણે દરેક બીમારી માટે દવા નક્કી કરી રાખેલ છે માટે તમે દવા કરો પરંતું હરામથી ન કરો.

**હદીષ–૫** : ઈમામ અહમદ વ અબૂ દાઊદ વ તિર્મિઝી વ ઈબ્ને માજહએ અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ખબીષ (નાપાક) દવાથી મના ફર્માવી.

**હદીષ–૬** : તિર્મિઝી વ ઈબ્ને માજહએ ઉકબા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, બીમારોના ખાવા માટે જબરદસ્તી ન કરો કે તેમને અલ્લાહ તઆલા ખવડાવે પીવડાવે છે.

**હદીષ–૭** : ઈબ્ને માજહએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જ્યારે બીમારને ખાવાની ઈચ્છા થાય તો ખવડાવી દો આ હુકમ તે સમયે છે જ્યારે ખાવાની રૂચિ સાચી હોય.

**હદીષ–૮** : અબૂ દાઊદે ઉમ્મે મુન્ઝિર બિન્તે કૈસ رضی اللہ عنہاથી રિવાયત કરી, કહે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم અને હઝરત અલી رضی اللہ عنہ સાથે મારે ત્યાં તશરીફ લાવ્યા. હઝરત અલી رضی اللہ عنہને કમજોરી હતી એટલે બીમારીથી હજુ હમણા સારા થયા હતા. મકાનમાં ખજૂરના લૂમો લટકેલા હતા હુઝૂરે તેમાંથી ખજૂર ખાધી. હઝરત અલી رضی اللہ عنہએ ખાવા ઈચ્છયું પણ હુઝૂર صلی اللہ علیہ وسلمએ તેમને મના કર્યું અને ફર્માવ્યું, તમે કમજોર છો. કહે છે કે જવ અને બીટ બનાવીને લાવી. હુઝૂરે હઝરત અલીથી ફર્માવ્યું, આમાંથી લો કે આ તમારા માટે ફાયદાકારક છે. આ હદીષથી ખબર પડી કે બીમારે પરહેઝ કરવો જોઈએ, જે વસ્તુ

તેના માટે નુકસાનકારક છે તેનાથી બચવું જોઈએ.

**હદીષ-૯** : ઈમામ અહમદ વ તિર્મિઝી વ અબૂ દાઊદે ઈમરાન બિન હુસૈન અને ઈબ્ને માજહએ બુરૈદહ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ઝાડ ફૂંક નથી પરંતું બુરી નજર અને ઝહેરવાળા જાનવરોના કરડવાથી, એટલે આ બંનેવમાં વધારે ફાયદાકારક છે.

**હદીષ-૧૦** : ઈમામ અહમદ તથા તિર્મિઝી તથા ઈબ્ને માજહએ અસ્મા બિન્તે ઉમૈસ رضی اللہ عنہاથી રિવાયત કરી કે તેમણે અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! صلی اللہ علیہ وسلم જાફરની ઔલાદને જલ્દીથી નજર લાગી જતી હોય છે તો શું ઝાડ ફૂંક કરાવું ? ફર્માવ્યું, હા ! કારણ કે જો કોઈ વસ્તુ તકદીરથી આગળ લઈ જનારી હોત તો ખરાબ નજર આગળ વધી જાત.

**હદીષ-૧૧** : સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ખરાબ નજરથી ઝાડ ફૂંક કરવાનો હુકમ ફર્માવ્યો છે.

**હદીષ-૧૨** : સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاથી રિવાયત છે કે તેમના ઘરમાં એક છોકરી હતી જેના મોઢામાં પીળાશ હતી. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, એને ઝાંડ ફૂંક કરાવો કારણ કે તેને નજર લાગી ગઈ છે.

**હદીષ-૧૩** : સહીહ મુસ્લિમમાં જાબિર رضی اللہ عنہથી મરવી કે જ્યારે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઝાળ ફૂંકથી મના ફર્માવ્યું. અમર બિન હઝમનાં ઘરવાળાઓએ હાજર થઈને એ કહ્યું કે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم હુઝૂરે ઝાળવાનું મના ફર્માવ્યું છે અને અમારી પાસે વીંછીનું ઝાળ છે અને તેને હુઝૂર صلی اللہ علیہ وسلمના સમક્ષ મૂક્યું. ઈર્શાદ ફર્માવ્યું, આમાં કાંઈ વાંધો નથી. જે શખ્સ પોતાના ભાઈને નફો પહોંચાડી શકે તે નફો પહોંચાડે.

**હદીષ-૧૪** : સહીહ મુસ્લિમમાં ઔફ બિન માલિક અશજઈથી રિવાયત છે. કહે છે, અમે જાહિલિયતમાં ઝાળ્યા કરતા હતા. હુઝૂર صلی اللہ علیہ وسلمની ખિદમતમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم હુઝૂરનો આ સંબંધે શું ઈર્શાદ છે ? ફર્માવ્યું કે મારા સમક્ષ લાવો. ઝાળ ફૂંકમાં વાંધો નથી જ્યાં સુધી કે તેમાં શિર્ક ન હોય.

**હદીષ-૧૫** : સહીહ બુખારીમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, અદવા નથી એટલે બીમારી લાગવી અને મુતઅદ્દી (ચેપ) હોવું નથી, અને ન બદફાલી છે અને ન હાયા (ઉલ્લુ : જાહિલિયતના જમાનામાં અરબવાળા એને મનહૂસ સમજતા હતા) ન સફર (સફરના મહીનાને લોકો મનહૂસ સમજે છે. હદીષમાં છે કે આવી કોઈ વસ્તુ નથી) અને મજઝૂમ (કોઢી, રક્તપિત્તવાળા)થી ભાગો જે રીતે વાઘથી ભાગો છો. બીજી રિવાયતમાં છે કે એક એઅ્રાબીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلم એનું શું કારણ છે કે રણમાં ઊંટ હરણની જેમ (સાફ સુથરા) હોય છે અને ખારિશ્તી (ખુજલીવાળાં) ઊંટ જયારે તેની સાથે મળી જાય છે તો તેને પણ ખારિશ્તી કરી દે છે. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, પહેલાવાળાને કોણે બીમારી લગાડી ?! એટલે જે રીતે પહેલો ઊંટ ખારિશ્તી થઈ ગયો બીજો પણ થઈ ગયો. ચેપ જેવી કોઈ વસ્તુ નથી. અને કોઢીથી નાસવાનો હુકમ તો એટલા માટે છે કે જો તે એની સાથે મળી જશે અને જો તેને પણ કોઢીપણુ આવી જશે તો વિચારશે કે તેની સાથે રહેવાથી પેદા થયું. આ બેકાર વિચારથી બચવા માટે એ હુકમ થયો કે તેનાથી જુદા રહો.

**હદીષ-૧૬** : સહીહ બુખારીમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી. કહે છે, મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને ફર્માવતાં સાંભળ્યા કે બદફાલી કોઈ વસ્તુ નથી, અને ફાલ સારી વસ્તુ છે. લોકોએ અર્ઝ કરી, ફાલ શું છે ? ફર્માવ્યું, સારી વાત જે કોઈનાથી સાંભળે. એટલે ક્યાંક જવાના સમયે અથવા કોઈ કામનો ઈરાદો

કરવાના સમયે કોઈની જીભથી સારી વાત નીકળે આ ફાલે હસન (સારો ફાલ) છે.

**હદીષ-૧૭** : અબૂ દાઊદ વ તિર્મિઝીએ અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું ત્યરહ (બદફાલી) શિર્ક છે તેને ત્રણ વખત ફર્માવ્યું (એટલે કે મુશ્રિકોનો તરીકો છે) જો કોઈ આપણામાંથી હોય એટલે મુસલમાન હોય તે અલ્લાહ પર તવક્કુલ (ભરોસો) કરીને ચાલ્યો જાય.

**હદીષ-૧૮** : તિર્મિઝીએ અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે નબીએ કરીમ ﷺ જયારે કોઈ કામ માટે નીકળતા તો આ વાત હુઝૂર ﷺને પસંદ હતી કે "યા રાશિદ, યા નજીહ" સાંભળે એટલે કે એ સમયે કોઈ શખ્સ આ નામોની સાથે પુકારતો, આ હુઝૂર ﷺને સારુ લાગતું કે આ કામયાબી અને વિજયનો નેક ફાલ છે.

**હદીષ-૧૯** : અબૂ દાઊદે બુરેદહ رضی اللہ عنہથી રિવાયત કરી કે નબીએ કરીમ ﷺ કોઈ વસ્તુથી બદશગૂની ન લેતા. જયારે કોઈ આમિલને મોકલતા તો નામ પૂછતા જો નામ પસંદ હોત તો ખુશ થતા અને ખુશીની નિશાનીઓ ચહેરા પર જાહેર થતી અને જો તેનું નામ નાપસંદ હોય તો એની નિશાનીઓ મોઢા પર જાહેર થતી અને જયારે કોઈ વસ્તીમાં જતા અને તેનું નામ પૂછતા, જો તેનું નામ પસંદ હોતુ તો ખુશ થતા અને ખુશી તેમના ચહેરા પર દેખાય આવતી અને નાપસંદ હોતુ તો તેની નિશાની મોઢા પર જોવા મળ તી. આ હદીષનો મતલબ એ નથી કે આપ બદશગૂની લેતા બલ્કે સારાં નામ હુઝૂરને પસંદ હતાં અને ખરાબ નામ નાપસંદ હતાં.

**હદીષ-૨૦** : અબૂ દાઊદે ઉરવા બિન આમિરથી મુરસલન રિવાયત કરી કહે છે કે રસૂલુલ્લાહ ﷺની સામે બદશગૂનીનું ઝિક્ર થયું. હુઝૂર ﷺએ ફર્માવ્યું, ફાલ સારી વસ્તુ છે અને બદ્ શગૂન કોઈ મુસલમાનને પાછો ન કરે. એટલે ક્યાંક જઈ રહ્યો હતો અને બદ્ શગૂન થયો તો પરત ન આવે, ચાલ્યો જાય. જયારે કોઈ શખ્સ એવી વસ્તુ જુએ જે નાપસંદ છે એટલે બદ શગૂન મેળવે તો કહે :

اَللّٰھُمَّ لَا یَاْتِیْ بِالْحَسَنَاتِ اِلَّا اَنْتَ وَلَا یَدْفَعُ السَّیِّئَاتِ اِلَّا اَنْتَ وَلَا حَوْلَ وَلَا قُوَّۃَ اِلَّا بِاللّٰہِ

**હદીષ-૨૧** : સહીહ બુખારી વ મુસ્લિમમાં ઉસામા બિન ઝૈદ رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જયારે સાંભળો કે ફલાણી જગ્યા તાઊન (પ્લેગ) છે તો ત્યાં ન જાવ, અને જયારે ત્યાં થઈ જાય જયાં તમે છો તો ત્યાંથી ન નીકળો.

**હદીષ-૨૨** : સહીહ મુસ્લિમમાં ઉસામા બિન ઝૈદ رضی اللہ عنہથી મરવી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું તાઊન (પ્લેગ) અઝાબની નિશાની છે. અલ્લાહ તઆલાએ પોતાનાં બંદાઓમાંથી કેટલાક લોકોને તેમાં સપડાવ્યા. જયારે સાંભળો કે ક્યાંક છે તો ત્યાં ન જાવ, અને જયારે ત્યાં થઈ જાય જયાં તમે છો તો ભાગશો નહીં.

**હદીષ-૨૩** : ઈમામ અહમદ વ બુખારીએ આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તાઊન (પ્લેગ) અઝાબ હતો. અલ્લાહ તઆલા જેના પર ઈચ્છે તેના પર મોકલી દે છે તેને અલ્લાહે મો'મિનો માટે રહમત કરી દીધી. જયાં તાઊન (પ્લેગ) થયેલ હોય અને તે શહેરમાં જે શખ્સ સબ્ર કરીને અને સવાબ માટે રહે અને એવું યકીન રાખે કે એ જ થશે જે અલ્લાહે લખેલું છે, તેના માટે શહીદનો સવાબ છે.

**હદીષ-૨૪** : ઈમામ બુખારી વ મુસ્લિમ વ અહમદે હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તાઊન (પ્લેગ) દરેક મુસલમાન માટે શહાદત છે.

મસ્અલા 9

# વસીલો તથા પોકારવું

## હદીષોની રોશનીમાં

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર : દારુલ ઈફતા જામિઆ અશ્રફિયા–મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

**વસીલાની શાબ્દિક સ્પષ્ટતા** : વસીલાનો અર્થ છે ઝરીયો, નઝદીકીનો સબબ, નઝદીકી, તે ચીજ જેના થકી બીજાની નઝદીકી હાંસલ થાય, જે બીજા સુધી પહોંચવાનો સબબ બને. મુસલમાનોના ઉર્ફમાં એનાથી મુરાદ "અલ્લાહ عزوجل નો કુર્બ હાંસલ કરવાનો ઝરીયો" છે, ચાહે તે ઝરીયો નેક અમલ હોય કે સાલેહ બંદો હોય.

લિસાનુલ અરબમાં છે :–

وسیلۃ : قربت، وَسَّل فلانٌ إلى الله وسِيلةً ફલાણો નેક અમલો કરીને અલ્લાહનો મુકર્રબ (નઝદીકીવાળો) થયો. વસીલો : જેના થકી બીજાની નઝદીકી હાંસલ થાય. *(લિસાનુલ અરબ, પેજ : ૪૮૩૭, દારુલ મઆરિફ)*

**ઝરીયો, વસીલો** : વસ્તુ સુધી પહોંચનો સબબ. કહેવામાં આવે છે કે : ફલાણો તમારા સુધી પહોંચવા માટે મારો સબબ તથા સંપર્ક છે. વળી ઝરીયા શબ્દનો ઉપયોગ દરેક તે ચીજ માટે થવા લાગ્યો જે કોઈ બીજી ચીજથી નજીક કરી દે. *(હવાલો ઉપર મુજબ, પેજ : ૧૪૯૮)*

તાજુલ ઉરૂસમાં છે : ચીજ સુધી પહોંચવાનો સબબ. કહેવામાં આવે છે : ફલાણો તમારી પાસે મારી પહોંચનો ઝરીયો તથા માધ્યમ છે. *(તાજુલ ઉરૂસ મિન જવાહિરુલ કામૂસ, ૨૧/૧૨)*

આ બાબતો પર સૌની એકમતી છે કે :

- કોઈ વસીલા વિના અલ્લાહ તઆલાથી કાંઈક માગવું અને તેની બારગાહમાં દુઆ કરવું જાઈઝ છે. રબ તઆલાનો ઈર્શાદ છે : اُدْعُوْا رَبَّكُمْ تَضَرُّعًا وَّ خُفْيَةً "તમારા રબથી દુઆઓ કરો ગદ ગદ થઈને અને ધીમેથી." *(સૂરએ અઅ્રાફ, ૭/૫૫)* તેમજ રબનો ઈર્શાદ છે : اُجِيْبُ دَعْوَةَ الدَّاعِ اِذَا دَعَانِ "દુઆ કબૂલ કરું છું પોકારનારની જ્યારે મને પુકારે. *(સૂરએ બક્રહ, ૨/૧૮૬)*
- એના પર પણ સૌની એકમતી છે કે ઈબાદતો, ઝિક્ર તથા નેક અમલોને વસીલો બનાવવો જાઈઝ છે.
- આ અકીદો પણ ઈજમાઈ છે કે અલ્લાહ સિવાય કોઈને પણ મઅબૂદ માનવો અને એ હૈષિયતથી તેને બારગાહે ઈલાહીનો મુકર્રબ (નિકટતાવાળો) સમજીને વસીલો બનાવવો શિર્ક છે જે માફી તથા બખ્શિશના વર્તુળથી બહાર છે.

પરંતુ અલ્લાહના કોઈ મુકર્રબ બંદા નબી, વલી, સાલેહને બારગાહે ઈલાહીમાં વસીલો બનાવવો જાઈઝ છે કે નહીં, એમાં વિવાદ છે.

આપણે અહલે હક્ક અહલે સુન્નત વ જમાઅતની નજીક એ જાઈઝ છે બલ્કે મન્દૂબ (સરાહનીય) છે અને વહાબીઓ તેને બદ્તરીન બિદઅત તથા શિર્ક ઠરાવે છે.

### વિવાદના મોકાઓ

"સાચો મુસલમાન પોતાના મઅબૂદે બરહક્ક الله الرحمٰن ની બારગાહમાં દુઆ કરે અને તેના સૌથી પ્યારા રસૂલ મુહમ્મદ ﷺ અથવા અન્ય નબી અથવા રસૂલ અથવા સહાબી અથવા મુકર્રબ વલીને વસીલો બનાવે.

અથવા સાચો મુસ્લિમ એ પાક હસ્તીઓમાંથી

કોઈને બારગાહે ઈલાહીમાં વસીલો બનાવીને તેમની પાસે દુઆ કરાવે, વળી તે પાક હસ્તીઓની નજીક થઈને તેમને વસીલો બનાવે અથવા દૂર રહીને, અને તેમની હયાતમાં તેમને વસીલો બનાવે અથવા વિસાલ બાદ તેમને અલ્લાહની કુદરતના મઝહર (ઉગમ સ્થાન) સમજીને દૂરથી પુકારે અને દુઆ કરાવે અથવા નજીકથી.

અહલે સુન્નતની નજીક એ સૌ જાઈઝ તથા દુરુસ્ત છે પણ વહાબી આમાંનાં મોટાભાગનાને શિર્ક ઠરાવી દે છે જેમ કે તેમના ધર્મની મહત્વની કિતાબ ''તક્વિયતુલ ઈમાન''ના નીચેના એના માટે સાક્ષી છે :

*''પયગંબરે ખુદાના સમયમાં કાફિર પણ પોતાની મૂર્તિઓને અલ્લાહના બરાબર જાણતા ન હતા બલ્કે તેની જ મખ્લૂક઼ અને તેનો જ બંદો સમજતા હતા..... પણ એ જ પુકારવું............. અને તેમને પોતાના વકીલ અને સિફારિશી સમજવું પણ એમનું કુફ્ર તથા શિર્ક હતું. જેથી જે કોઈ કોઈનાથી આ મામલો કરે ભલે તેને અલ્લાહનો બંદો અને મખ્લૂક઼ જ સમજે તો અબૂ જહલ અને તે શિર્કમાં સરખા છે.'' (તકવિયતુલ ઈમાન, પેજ–૭, ૮, તૌહીદ તથા શિર્કના વર્ણનમાં, રાશિદ કંપની, દેવબંદ)*

અલ્લાહની બારગાહમાં તેના જે મુકર્રબ બંદાઓને વસીલો બનાવવામાં આવે છે તે વસીલો બનાવનારાઓના હક્ક઼માં સિફારિશી તથા વકીલ હોય છે, એને શિર્ક કહેવું એ ખરેખર નબીઓ તથા વલીઓથી તવસ્સુલ (વસીલો પકડવા)ને શિર્ક કહેવું છે.

**તો આ લખાણનો સાર એ છે કે :** નબીઓ તથા વલીઓથી અલ્લાહ તઆલાની બારગાહમાં તવસ્સુલ (વસીલો) શિર્ક છે અને જે એવું કરે તે અને અબૂ જહલ શિર્કમાં સરખા છે.

આ લખાણમાં ''પોકારવાને'' પણ શિર્ક ગણાવેલ છે, પણ એક અન્ય સ્થળે ''દૂરથી પુકારવાને'' શિર્ક કહ્યું છે. જેમ કે લખે છે :

*''આ જે અમુક લોકો આગલા બુઝુર્ગોને દૂર દૂરથી પુકારે છે અને એટલુ જ કહે છે કે, ''યા હઝરત! તમે અલ્લાહની જનાબમાં દુઆ કરો કે તે પોતાની કુદરતથી અમારી હાજત પૂરી કરે.'' અને પછી એવું સમજે છે કે અમે કાંઈ શિર્ક નથી કર્યું એટલા માટે એમનાથી હાજત નથી માગી બલ્કે દુઆ કરાવી છે, તો એ વાત ગલત છે. એટલા માટે કે એ માગવાની રાહથી શિર્ક સાબિત નથી થતું પરંતું પુકારવાની રાહથી શિર્ક સાબિત થઈ જાય છે કે એમને એવું સમજવું કે દૂરથી તથા નજીકથી બરાબર સાંભળી લે છે ત્યારે જ તો એમને આ રીતે પુકાર્યા.'' (તકવિયતુલ ઈમાન, પેજ : ૪૦, ૪૧, અલ ફસ્લુલષ્ષાની ફી રદ્દુલ ઈશ્રાક ફિલ્ ઈલ્મ, રાશિદ કંપની, દેવબંદ)*

આ લખાણમાં સ્પષ્ટપણે છે કે : બુઝુર્ગોથી દુઆ કરાવી શકીએ છીએ પણ તેમને દૂરથી ''દુઆ'' માટે પુકારવા શિર્ક છે.

*વહાબી ફિર્કાની પાસે પોતાના એ દાવાની સાબિતીમાં કોઈ દલીલ નથી, ન કિતાબુલ્લાહથી ન સુન્નતે રસૂલુલ્લાહથી, ન ઈજમાઅથી, ન સલફ તથા ખલફ (આગલા પાછલા બુઝુર્ગો)થી.*

અને દલીલોના નામ પર તે જે કાંઈ પણ રજૂ કરે છે તે ''મહલ્લે નઝાઅ'' (વિવાદના મોકા)થી તદ્દન વિપરિત છે. વિવાદની બાબતો કઈ છે ? :–

''સાચા મુસલમાનનું નબી અથવા વલીને અલ્લાહની બારગાહમાં વસીલો બનાવવું'' અને એ દાનિશમંદો (ડાહયા)ઓની જેટલી દલીલો છે એ સૌનો સંબંધ મુશ્રિકો તથા તેમના બાતિલ મઅબૂદોથી છે.

- ❑ ક્યાં સાચો મુસલમાન અને ક્યાં મુશ્રિક ?!
- ❑ ક્યાં રબની બારગાહ મુક઼ર્રિબીન (નજીકવાળો)

અને બાતિલ મઅબૂદો ?!

"શિર્ક" કદી માફ થશે નહીં, એટલા માટે મુશ્રિકોનો કોઈ વસીલો તેમને કામ આવશે નહીં. અને જેમને તેઓ ખુદા સિવાય પૂજે છે તેઓ શફીઅ (શફાઅત કરનાર) થઈ શકશે નહીં.

પરંતુ **સાચા મુસ્લિમનો વસીલો અંબિયા તથા અવલિયા છે અને તેઓ બારગાહે ઈલાહીમાં તેમના શફીઅ છે.** જે આયતો મુશ્રિકો અને તેમના બાતિલ મઅબૂદોના બારામાં છે, તે આયતો આ લોકો મુસલમાનો પર ફીટ કરે છે, પછી સમજે છે કે તૌહીદનો હક્ક઼ અદા કરી આપ્યો.

અમે અહીં સૌ પ્રથમ એ જ વહાબી હઝરાતની દલીલો રજૂ કરીએ છીએ.

## વહાબી ફિર્કાની દલીલો

**(૧) પ્રથમ દલીલ અને તેનો જવાબ :** ઈમામુત્તાઈફા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ "તવસ્સુલ" (વસીલો) શિર્ક હોવા પર જેવું કે હમણા વર્ણન પામ્યું આ દલીલ રજૂ કરી છે :–

> *"પયગંબરે ખુદાના સમયમાં કાફિર પણ પોતાની મૂર્તિઓને અલ્લાહના બરાબર જાણતા ન હતા, બલ્કે તેની જ મખ્લૂક અને તેનો જ બંદો સમજતા હતા.... પણ એ જ પુકારવું...... અને તેમને પોતાના વકીલ તથા સિફારિશી સમજવું પણ તેમનું કુફ્ર તથા શિર્ક હતું."*

તેમણે આ પણ કહેવું જોઈતુ હતું કે : "સાથો સાથ તેઓ આ મૂર્તિઓને પોતાના મઅબૂદ જાણતા હતા અને તેમની પૂજા કરતા હતા."

જેથી સ્પષ્ટ થઈ જાત કે તેમનું અસલ કુફ્ર તથા શિર્ક મૂર્તિઓને મઅબૂદ સમજવું અને તેમની પૂજા કરવું હતું. પછી તેમને મઅબૂદ જાણીને તેમનાથી વસીલો પણ શિર્ક થશે. એટલા માટે નહીં કે મૂળ વસીલો શિર્ક છે બલ્કે એટલા માટે કે મૂર્તિઓને મઅબૂદ જાણવું અને તેમની પૂજા કરવું શિર્ક છે.

શું આ બુરા એતેકાદ (યક઼ીન) સાથે કોઈ અલ્લાહ તઆલાને ખાલિક તથા રાઝિક઼ માને છે બલ્કે એ કારણે કે મૂર્તિઓને મઅબૂદ જાણે છે.

કોઈ શખ્સ મૂર્તિઓને પોતાનો મઅબૂદ માને અને એ અક઼ીદાની સાથે મુહમ્મદ ﷺને અલ્લાહના રસૂલ માને તો શું તે મુશ્રિક ન થશે ?! થશે અને જરૂર થશે. પણ એ કારણે નહીં કે તે સૈયદના મુહમ્મદ મુસ્તફા ﷺને "અલ્લાહના રસૂલ" માને છે બલ્કે એ કારણે તે મૂર્તિઓને મઅબૂદ માને છે.

વાતચીત ન મુશ્રિકમાં છે ન મૂર્તિઓને વસીલો બનાવવામાં છે, બલ્કે ચર્ચા "સાચા મુસ્લિમ"માં છે અને નબીઓ વલીઓને વસીલો બનાવવામાં છે.

અમે કહીએ છીએ સાચા મુસ્લિમનું નબી વલીને વસીલો બનાવવું જાઈઝ છે, અને તમે એનો રદ કરતાં કહો છો કે, "મુશ્રિકનું પોતાની મૂર્તિઓને વસીલો બનાવવું શિર્ક છે એટલા માટે મુસલમાનનું નબીઓ વલીઓને વસીલો બનાવવું પણ શિર્ક થશે ?" છે કોઈ નિસ્બત દાવા તથા દલીલમાં ?!

જો આ રીતનું પ્રમાણ (સનદ) જાઈઝ થાય તો દુનિયાથી અમાન ઉઠી જાય અને તમારા માટે દરેક સારી ચીજને બુરી કહેવું આસાન થઈ જાય. દા.ત. :–

**અમે કહીશું** : જે લોકો ઈમાન લાવ્યા અને નેક અમલો કર્યા તેમના માટે જન્નત છે.

**અને તમે કહેશો** : કદાપિ નહીં ! મુશ્રિક તથા કાફિર સદા જહન્નમમાં રહેશે, અને પછી આયતો પર આયતો તિલાવત કરવાનું શરૂ કરી આપો !

જો તમે અમારો મૌક઼િફ઼ (Point of view) નથી સમજી શકતા અને વિવાદના સ્થાનને (મોક઼ાને) દિમાગમાં મહેફૂઝ નથી રાખી શકતા તો પછી આ

રીતની અર્થહીન દલીલ કરતા રહેશો અને મુસલમાનને કાફિર મુશ્રિક બનાવતા રહેશો. વાંચકો એકવાર ફરી તક્‌વિયતુલ ઈમાનનું તે ''મુશ્રિક બનાવનાર'' લખાણ વાંચી લો, પછી જુઓ કે દાવા તથા દલીલમાં એ જ પ્રકારનું બેજોડપણુ છે કે નહીં ?!વહાબીઓની પાસે મુસલમાનોને મુશ્રિક બનાવવાની દલીલ એ જ છે કે કાફિરો મુશ્રિકોના શિર્કના અક્‌ીદાથી મુસલમાન પર તથા ઈસ્લામી અક્‌ીદા પર હુમ્લો કરે છે અને વિવાદની બાબત સાથે કોઈ લેવાદેવા નથી રાખતા.

**બીજી દલીલ અને તેનો જવાબ** : આ હઝરાત મુસલમાનોના વસીલાના અક્‌ીદાને શિર્ક ઠરાવવા માટે અમુક આયતો પણ રજૂ કરે છે. આપ પણ એની તિલાવત કરો.

**(૨)** : અલ્લાહ તઆલા ફર્માવે છે :–

وَ اتَّقُوْا يَوْمًا لَّا تَجْزِىْ نَفْسٌ عَنْ نَّفْسٍ شَيْـًٔا وَّ لَا يُقْبَلُ مِنْهَا شَفَاعَةٌ وَّ لَا يُؤْخَذُ مِنْهَا عَدْلٌ وَّ لَا هُمْ يُنْصَرُوْنَ ﴿٤٨﴾

''અને એ દિવસથી ડરો જે દિવસે કોઈ જાન બીજાનો બદલો ન થઈ શકશે અને ન કાફિરના માટે કોઈ સિફારિશ માનવામાં આવશે, અને ન કાંઈ લઈને તેની જાન છોડવામાં આવે, ન તેમની મદદ થાય.''

*(સૂરએ બક્‌રહ, ૨/૪૮)*

આ આયતે કરીમાનો સંબંધ કાફિરો તથા મુશ્રિકોથી છે અને તેનો સાર એ છે કે કાફિરો મુશ્રિકોનો કોઈ વસીલો કે કોઈ સિફારિશ અલ્લાહની બારગાહમાં મક્‌બૂલ ન થશે.

**(3)** : બીજી જગાએ કુર્આનમાં છે :–

اِذْ تَبَرَّاَ الَّذِيْنَ اتُّبِعُوْا مِنَ الَّذِيْنَ اتَّبَعُوْا وَ رَاَوُا الْعَذَابَ وَ تَقَطَّعَتْ بِهِمُ الْاَسْبَابُ ﴿١٦٦﴾

''જ્યારે બેઝાર થશે પેશવા પોતાની પયરવી કરનારા (અનુયાયીઓ)થી, જોશો અઝાબ અને કપાય જશે તેમના સબબો તથા સંબંધો.'' *(સૂરએ બક્‌રહ, ૨/૧૬૬)*

આ આયતે કરીમા પણ કાફિરો મુશ્રિકોના બારામાં છે : ''આ ક્‌યામતનું વર્ણન છે જ્યારે મુશ્રિકો અને તેમના પેશવાઓ જેમણે તેમને કુફ્ર પ્રતિ આકર્ષિત કર્યા હતા એક જગાએ ભેગાં થશે અને અઝાબ નાઝિલ થતો જોઈને એકબીજાથી બેઝાર થઈ જશે.

**(૪)** રબનો ઈર્શાદ છે :–

قُلِ ادْعُوا الَّذِيْنَ زَعَمْتُمْ مِّنْ دُوْنِهٖ فَلَا يَمْلِكُوْنَ كَشْفَ الضُّرِّ عَنْكُمْ وَ لَا تَحْوِيْلًا ﴿٥٦﴾ اُولٰٓئِكَ الَّذِيْنَ يَدْعُوْنَ يَبْتَغُوْنَ اِلٰى رَبِّهِمُ الْوَسِيْلَةَ اَيُّهُمْ اَقْرَبُ وَ يَرْجُوْنَ رَحْمَتَهٗ وَ يَخَافُوْنَ عَذَابَهٗ ؕ اِنَّ عَذَابَ رَبِّكَ كَانَ مَحْذُوْرًا ﴿٥٧﴾

''આપ કહી દો કે તમે એમને પુકારો જેમને અલ્લાહના સિવાય તમે પોતાનો મઅબૂદ સમજી રાખ્યા છે, તેઓ અખત્યાર નથી ધરાવતા તમારાથી તકલીફ દૂર કરવાનો ન ફેરવી દેવાનો. તે બંદાઓ જેમને આ કાફિર પૂજે છે તે પોતે જ પોતાના રબની તરફ વસીલો શોધે છે કે એમનામાં કોણ અધિક નજીકનો છે અને તેની રહમતની ઉમ્મીદ રાખે છે અને તેના અઝાબથી ડરે છે. બેશક ! તમારા રબનો અઝાબ ડરની ચીજ છે.'' *(સૂરએ ઈસ્રા, ૧૭/૫૬, ૫૭)*

આ આયતોનો સંબંધ પણ કાફિરો મુશ્રિકોથી છે જેઓ અલ્લાહ સિવાય બીજાઓને પૂજે છે.

**(૫)** અલ્લાહ તઆલા પોતાના નબી ﷺને સંબોધીને ફર્માવે છે :–

قُلِ ادْعُوا الَّذِيْنَ زَعَمْتُمْ مِّنْ دُوْنِ اللّٰهِ ۚ لَا يَمْلِكُوْنَ مِثْقَالَ ذَرَّةٍ فِى السَّمٰوٰتِ وَ لَا فِى الْاَرْضِ وَ مَا لَهُمْ فِيْهِمَا مِنْ شِرْكٍ وَّ مَا لَهٗ مِنْهُمْ مِّنْ ظَهِيْرٍ ﴿٢٢﴾

''હે નબી ! આપ મુશ્રિકોને કહો કે તમે એમને પુકારો જેમને તમે અલ્લાહના સિવાય મઅબૂદ બનાવી

બેઠા છો, તેઓ તો રજ માત્રના માલિક નથી આસ્માનો અને જમીનમાં, અને તેઓનો આ બંનેમાં કાંઈ હિસ્સો અને ન અલ્લાહનો એમનામાંથી કોઈ મદદગાર.''

*(સૂરએ સબા, ૩૪/૨૨)*

આ આયતે કરીમા પણ કાફિરો મુશ્રિકોના બારામાં છે. આ સ્થળે વહાબી ઉલમા પોતાના ઈમામ અલ્લામા ઈબ્ને કૈયિમની એક ઈબારતથી પણ સનદ લે છે જે એમણે આ આયતની તફસીરમાં લખી છે. તે લખાણ આ મુજબ છે : આ લખાણનો સાર એ છે કે :–

મુશ્રિકોએ અલ્લાહના સિવાય જેમને પોતાનો મઅબૂદ બનાવ્યો છે તેમને પોતાનો ''નાફેઅ'' (નફો આપનાર) યક઼ીન કરીને મઅબૂદ બનાવ્યો છે અને ''નાફેઅ'' ચાર પ્રકારના હોય શકે છે :–

- ❑ ક્યાં તો તે એ ચીજનો માલિક હોય જે મુશ્રિક તેનાથી ચાહે છે.
- ❑ ક્યાં તો તે માલિકનો ભાગીદાર હોય કે તે પણ કાંઈ આપી શકે છે.
- ❑ અથવા તે માલિકનો મુઈન તથા મદદગાર હોય.
- ❑ અથવા તે માલિકથી સિફારિશ કરી શકતો હોય.

ક્રમસર આ ચાર મર્તબા છે એમાં દરેક પ્રથમ મર્તબો બીજાથી ઉચ્ચ છે અને બીજો મર્તબો પહેલાથી અદના તથા કમતર છે.

અલ્લાહ તઆલાએ આ આયતે કરીમામાં નફો પહોંચાડવાના ચારેવ મર્તબાઓને રદ કરી આપ્યા છે અને મુશ્રિક જે પાયાઓ (આધારો) પર ગૈરુલ્લાહને પોતાનો મઅબૂદ બનાવે છે તે સર્વ પાયાઓને નષ્ટ કરી દીધા છે કે તે બાતિલ મઅબૂદ ન કોઈ ચીજનો માલિક છે, ન ભાગીદાર, ન મુઈન તથા મદદગાર, ન શફીઅ તથા સિફારિશી. તો આ આયતે કરીમા બુદ્ધિમાનો નજીક શિર્કની જડો કાપવા માટે પૂરતી છે. *(અદ્દવઉલ મુનીર અલત્તફસીર લિ ઈબ્નિલ કૈયિમિલ જવઝિયા, ૫/૮૨, ૮૩, બદાએઉત્તફસીર, ૨/૩૪૧)*

- ❑ આ શબ્દો પર એકવાર ફરી નજર કરો : ''મુશ્રિક પોતાના બાતિલ મઅબૂદથી જે શફાઅત (અથવા વસીલા)નો અક઼ીદો રાખે છે, અલ્લાહ તઆલાએ તેનો પણ નકાર કરી આપ્યો.
- ❑ હા ! અલ્લાહ તઆલાએ એક શફાઅત બરક઼રાર રાખી છે અને તે શફાઅત બિલ ઈઝ્ન છે (જે અંબિયા તથા અવલિયા મુસલમાનો માટે કરશે) એમાં કોઈ મુશ્રિક માટે કોઈ હિસ્સો નથી.
- ❑ આ આયતે કરીમા બુદ્ધિશાળીઓ નજીક શિર્કની જડો કાપવા માટે પૂરતી છે.

સારાંશ ચારેવ આયતો તથા વહાબીઓના ઈમામ ઈબ્ને કૈયિમની તફસીરથી સાબિત થાય છે કે મુશ્રિકો માટે અલ્લાહની બારગાહમાં કોઈ વસીલો અને શફીઅ નથી અને ખુદા સિવાય જેમને તેઓ પૂજે છે તે એમના કોઈ કામ ન આવશે, ન તેમની શફાઅત કરશે ન કોઈ મદદ. આ આયતોનો સંબંધ મો'મિનો સાથે નથી પણ આ વાત બુદ્ધિવાળા સમજે છે. لِمَنْ عَقَلَهَا

પછી આ આયતોથી એ દલીલ કઈ રીતે યોગ્ય થઈ કે મુસલમાનોનો અલ્લાહની બારગાહમાં કોઈ વસીલો તથા શફીઅ ન થશે, આ વહાબી દાનિશ્વરોની અજબની દલીલ છે ! ''દુઃખે પેટ અને કૂટે માથુ !'' અમારી માગણી એ છે કે કોઈ એવી મોહકમ, ગૈર મુવદ્દલ આયત રજૂ કરો જેનાથી એ સાબિત છે કે મુસ્લિમ કામિલનું નબીઓ વલીઓને વસીલો બનાવવું શિર્ક છે. فَإِنْ لَّمْ تَفْعَلُوا وَلَنْ تَفْعَلُوا فَاتَّقُوا اللّٰهَ، وكونوا مع الصادقين

**ઈસ્લામના મુજદ્દિદો વિશે વર્ણન**

**ત્રીજી સદીના મુજદ્દિદ ૩**

# હઝરત ઈમામ અહમદ બિન શોએબ બિન અલી નસાઈ رضی اللہ عنہ

***(હિ.સ. ૨૧૫ થી ૩૦૩)***

*(કાર્યાલય)*

હઝરત શયખુલ ઈસ્લામ, નાકિ્દુલ હદીષ ઈમામ નસાઈ رحمۃ اللہ علیہ પોતાના સમયના માયાનાઝ મુહક્કિક્, મુહદિ્ષ અને કષીરુત્તષાનીફ (ખૂબ જ અધિક કિતાબો લખનાર) બુઝુર્ગ હતા. બચપનથી જ ઈલ્મ તથા વિદ્યા કલાથી અનહદ દિલચસ્પી તથા લગન હતી અને ખેલકૂદથી નફરત હતી. એ જ દિલચસ્પી તથા નફરતે આપને મુહદિ્ષોના તબકામાં તરી આવતો મકામ અતા કર્યો. હદીષ વિદ્યામાં ખૂબ જ આકર્ષણ હતું અને મુહદિ્ષીને એઝામના દરમિયાન ઉચ્ચ મર્તબાવાળા હાફિઝુલ હદીષ તથા પેશવાની હેસિયત ધરાવતા હતા. અવામ તથા ખવાસમાં પણ તેમને હદ દરજા મકબૂલિયત હાંસલ હતી. યાદશક્તિ એટલા પ્રમાણમાં મજબૂત હતી કે મુહદિ્ષીને કિરામ તેમને હાફિઝ તથા ઈમામના નામથી યાદ કરતા હતા.

**નામ મુબારક :** અહમદ બિન શોએબ

**કુન્નિયત :** અબૂ અબ્દુર્રહમાન

**જન્મ મુબારક :** ઈમામ નસાઈ હિ.સ. ૨૧૫માં ખુરાસાનના એક પ્રખ્યાત શહેર નસામાં પેદા થયા. *(તઝકેરતુલ હુફ્ફાઝ, ૨/૬૯૮, લેખક : ઈમામ અબૂ અબ્દુલ્લાહ ઝહબી رحمۃ اللہ علیہ, વિસાલ–હિ. ૭૪૮)*

ઈમામ નસાઈ رحمۃ اللہ علیہના જન્મની તારીખમાં ઈતિહાસકારોનાં કથનો વિવિધ છે. ઈમામ અબૂ અબ્દુલ્લાહ ઝહબી رحمۃ اللہ علیہએ તઝકેરતુલ હુફ્ફાઝમાં અને ઈમામ ઈબ્ને હજર અસ્કલાની رحمۃ اللہ علیہએ તહઝીબુત્તહઝીબમાં જન્મની સાલ હિ.સ. ૨૧૫ વર્ણવી છે. જ્યારે કે હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદિ્ષ દહેલ્વી رحمۃ اللہ علیہએ બુસ્તાનુલ મુહદિ્ષીનમાં હિ. ૨૧૪ વર્ણવેલ છે. એના બારામાં ખુદ ઈમામ નસાઈ رحمۃ اللہ علیہના કૌલને નિર્ણયાત્મક કથન તથા વિશ્વાસપાત્ર ઠરાવવું અધિક સ્પષ્ટ તથા યોગ્ય છે. ઈમામ નસાઈ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે : ............ હક્ક એ છે કે મારા જન્મનુ વરસ હિ.સ. ૨૧૫ છે. *(તહઝીબુત્તહઝીબ, ૧/૨૮, લેખક : અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની, દારે અહયાઉત્તરાષિલ અરબી)*

આપનું વતન અને જન્મ સ્થળ ખુરાસાન છે, પરંતું બાદમાં આપે મિસરમાં કાયમી વસવાટ કરી લીધો. *(તઝકેરતુલ મુહદિ્ષીન, પેજ–૨૯૨, લેખક : અલ્લામા ગુલામ રસૂલ સઈદ رحمۃ اللہ علیہ)*

**જાહેરી તથા બાતિની ઈલ્મોથી માનવંત થવું :** પ્રાથમિક તાલીમ સંપૂર્ણ કર્યા બાદ ઈમામ નસાઈ رحمۃ اللہ علیہએ હદીષના ઈલ્મની પ્રાપ્તિ શરૂ કરી. સૌ પ્રથમ આપે કુતીબા ઈબ્ને સઈદ બલ્ખીની ફયઝવાળી દર્સગાહમાં હાજર થઈને ઈલ્મે હદીષની બરકતોથી પોતાની દુનિયા તથા આખેરતને ચમકતી કરી. લગભગ એક વરસ બે મહીના તેમની બારગાહમાં રહીને ઈલ્મે હદીષ હાંસલ કરતા રહ્યા. *(તઝકેરતુલ હુફ્ફાઝ, ૨/૬૯૮, લેખક : ઈમામ અબૂ અબ્દુલ્લાહ ઝહબી رحمۃ اللہ علیہ વફાત – હિ. ૭૪૮)*

ત્યારબાદ મુહદિ્ષીને એઝામની ચોખટથી રુજૂઅ કરીને જીવ ભરીને ફયઝ હાંસલ કર્યો.

ઈમામ નસાઈ رحمۃ اللہ علیہને ઈલ્મે દીને મુસ્તફાથી એટલા પ્રમાણમાં મહોબ્બત હતી કે આસપાસના ઉલમા, ફકીહો તથા મુહદિ્ષોથી ઈલ્મી ફયઝ હાંસલ કર્યા બાદ જ્યારે ઈલ્મે હદીષમાં સંપૂર્ણપણે તૃપ્તિ હાંસલ ન થઈ તો આપે વિવિધ ઈલાકાઓ અને દૂર દરાઝ શહેરોમાં જઈને ઈલ્મે હદીષનો દર્સ લીધો અને

મુબારક હદીષોની તલબ તથા શોધ અને રિવાયતના ખાતર વિવિધ દેશોનો સફર કર્યો. જે દેશો તથા શહેરોમાં જઈને આપે ઈલ્મે હદીષની બરકતોથી ખુદને સંવાર્યા એમનામાં હિજાઝ, ઈરાક, શામ, ખુરાસાન અને મિસર ઉલ્લેખનીય છે.

**ઉસ્તાદો તથા મશાઈખ :** ઈમામ નસાઈ رحمۃ اللہ علیہ એ જે મુકદ્દસ શખ્સિયતો અને પોતાના સમયના અજોડ મશાઈખની ખિદમતમાં રહીને ફયઝ હાંસલ કર્યો તેમનામાં આ મહાન હસ્તીઓ મશહૂર છે : હઝરત કુતીબી ઈબ્ને સઈદ, હઝરત ઈસ્હાક ઈબ્ને રાહવિયા, હઝરત હિશામ ઈબ્ને અમ્માર, હઝરત ઈસા ઈબ્ને રગબા, હઝરત મુહમ્મદ ઈબ્ને મરૂઝી, હઝરત અબૂ કરીબ, હઝરત સુવૈદ ઈબ્ને નસર, હઝરત મહમૂદ ઈબ્ને ગીલાન, હઝરત મુહમ્મદ બિન બશાઅ, હઝરત અલી બિન હજર, હઝરત અબૂ દાઊદ સુલૈમાન ઈબ્ને અશઅષ અને ઈમામ અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન ઈસ્માઈલ બુખારી رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ. *(તઝકેરતુલ હુફ્ફાઝ, ૨/૬૯૮, લેખક : અબૂ અબ્દુલ્લાહ ઝહબી رحمۃ اللہ علیہ, વફાત – હિ. ૭૪૮)*

**આપના શાગિર્દો :** ઈમામ નસાઈ رحمۃ اللہ علیہ ના શાગિર્દોની યાદી પણ ખાસ્સી લાંબી છે. અગણિત શહેરોના નબવી ઈલ્મના પ્યાસાઓના કાફલા મોજાં મારતા સમુદ્રની જેમ આપની બારગાહમાં હાજર થઈને ઈલ્મી ફયઝ હાંસલ કર્યા કરતા હતા. જે તલબાએ આપના ઈલ્મી દસ્તરખાનથી ઈલ્મી ફયઝ ઉઠાવ્યો છે એમાંના અમુક ખ્યાતિ પામેલા શાગિર્દોના મુબારક નામો નીચે વર્ણવીએ છીએ :

હઝરત અબ્દુલ કરીમ બિન અહમદ નસાઈ, હઝરત અબૂબક્ર અહમદ બિન મુહમ્મદ ઈસ્હાક બિન અનસ, હઝરત અબૂ અલી હસન બિન ખિઝર સિયૂતી, હઝરત હસન બિન રશીક અસ્કરી, હઝરત હાફિઝ અબુલ કાસિમ ઉન્દલુસી, હઝરત અલી બિન અબૂ જઅફર તહાવી, હઝરત અબૂ બકર બિન હદાદ ફકીહ, હઝરત અબૂ જઅફર ઓકૈલી, હઝરત અબૂ અલી બિન હારૂન, હાફિઝ અબૂ અલી નીશાપૂરી અને હઝરત અબુલ કાસિમ તિબ્રાની رحمۃ اللہ علیہم اجمعین

*(તહઝીબુત્તહઝીબ, ૧/૨૮)*

**ઈબાદત તથા રિયાઝત :** ઈમામ નસાઈ رحمۃ اللہ علیہ ઈબાદતગુઝાર તથા શબબેદારીના ચાહક હતા. એક દિવસ રોઝો એક દિવસ ઈફતાર એટલે સૌમે દાઊદી પર અમલ કરતા હતા. તબીઅત તથા મિજાઝમાં અત્યંત કક્ષાની બેનિયાઝી હતી એટલા માટે હાકિમોની મજલિસોમાં શિર્કતથી પરહેઝ કરતા હતા. આપની તબીઅતમાં ફૈયાઝી (ઉદારતા) કૂટી કૂટીને ભરેલી હતી. મુસલમાન કેદીઓને આઝાદ કરાવ્યા વિના આપનું દિલ સંતોષ પામતુ ન હતું.

ઈમામ નસાઈ رحمۃ اللہ علیہ ની ઈબાદતની અતિ અધિકતાનો અંદાઝો એનાથી કરી શકાય છે કે હાફિઝ મુહમ્મદ બિન મુઝફફર પોતાના મશાઈખથી રિવાયત કરે છે કે ઈમામ નસાઈ رحمۃ اللہ علیہ દિવસમાં અમીરે મિસ્રથી જેહાદ કરતા અને રાત ઈબાદતમાં ગુજારતા. તેમણે પોતાની આખી જિંદગી ઉસ્વએ રસૂલને અપનાવવામાં સાલેહીનના અખ્લાકને અપનાવીને ગુજારી દીધી. *(તઝકેરતુલ હુફ્ફાઝ, ૨/૭૦૦)*

**કલમી જવાહિર પારે (અનમોલ લેખન કાર્યના નમૂનાઓ) :** ઈમામ નસાઈ رحمۃ اللہ علیہ એ અતિશય વ્યસ્તતા છતાં ડઝનબંધી કિતાબો લખી અને કયામત સુધી આવનારી નસલોના માટે એક કિંમતી સરમાયો છોડી ગયા જેનાથી આજે પણ ઉલમા ફકીહો ફયઝ ઉઠાવી રહ્યા છે. અહીં ખાસ ખાસ કિતાબોના નામો દર્શાવીએ છીએ : અસ્સુનનિલ કુબ્રા, અલ મુજતબા, ખસાઈસે અલી, મુસ્નદે અલી, મુસ્નદે માલિક, કિતાબુદ્ દ્અફા, મુસ્નદે મન્સૂરી, ફઝાઈલુસ્સહાબા, કિતાબુત્તમીયીઝ, કિતાબુલ મુદલસીન, કિતાબુલ ઈખ્વા, કિતાબ જરહ વત્તઅદીલ, મશયખતુન્નસાઈ,

અસ્માઉર્રવહા, મનાસિકે હજ્જ.

ઈમામ શાફઈ رحمۃ اللہ علیہએ વર્ણવ્યું કે ઈમામ નસાઈ رحمۃ اللہ علیہએ જ્યારે કિતાબ "ખસાઈસે અલી" હઝરત અલી رضی اللہ عنہ તથા અહલે બયતે અત્હારની શાને અક્દસમાં સંપાદિત કરી તો લોકોએ કહ્યું કે આપ ફઝાઈલે સહાબામાં કોઈ કિતાબ કેમ ન લખી ? ફર્માવ્યું, એનું કારણ એ છે કે હું જ્યારે દમિશ્ક આવ્યો તો લોકોને એ હાલતમાં પામ્યા કે તેઓ અમીરુલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہથી વિમુખ છે અને તેમની શાનમાં બદ્ગોઈ કરે છે. મેં ચાહ્યું કે અલ્લાહ એ લોકોને હિદાયત અતા કરે એટલા માટે આ કિતાબ લખી. *(અશિઅતુલ લમ્આત ઉર્દૂ, શરહે મિશ્કાત, ૧/૧૬૦, મુતર્જિમ અલ્લામા મુહમ્મદ સઈદ અહમદ નક્શબંદી, મકતબા જીલાની બુક ડેપો, મટીયા મહેલ, જામા મસ્જિદ, દિલ્હી)*

ઈમામ નસાઈએ સૌ પ્રથમ "સુનને નસાઈ કબીર" લખી પછી એ જ કિતાબને ટૂંકાવી અને ટૂંકાવેલી કિતાબનું નામ "મુજતબા" રાખ્યું. ટૂંકાણમાં રજૂ કરવાનું કારણ એ છે કે જ્યારે આપે સુનને નસાઈ કબીર લખી તો એ કિતાબ અમીરે રમ્લા (ફિલિસ્તીન)ની સમક્ષ પેશ કરી. અમીરે પૂછયું, શું આપની કિતાબમાં મૌજૂદ સર્વ હદીષો સહીહ છે ? આપે ફર્માવ્યું, નહીં! બલ્કે આ કિતાબમાં સહીહ તથા હસન બંને પ્રકારની હદીષો છે. એના પર અમીરે આપને વિનંતિ કરી કે ખાલિસ સહીહ હદીષો પર આધારિત એક અલગ કિતાબ સંપાદિત કરો, તો આપે અમીરની ખ્વાહિશ પર એક નવો સંગ્રહ સંપાદિત કર્યો જેને "મુજતબા" નામ આપ્યું. એનું પ્રખ્યાત નામ સુનને નસાઈ છે. દરેક તે હદીષ જેની સનદમાં ક઼ીલો ક઼ાલ કરવામાં આવી અને ખામી તથા અયબ વર્ણન કરવામાં આવી એને કિતાબથી કાઢી નાખવામાં આવી. જ્યારે મુહદ્દિષીને એઝામ આ પ્રમાણે વર્ણવે છે : "રવાહુન્નસાઈ" તો એનાથી મુહદ્દિષે કિરામની મુરાદ આ સંક્ષિપ્ત કિતાબ "મુજતબા" જ હોય છે ન કે તે મોટી કિતાબ. એ જ પ્રમાણે અમુકવાર જ્યારે ઉલમા ફર્માવે છે, "કુતુબે ખમ્સા અથવા ઉસૂલે ખમ્સા" તો એનાથી બુખારી, મુસ્લિમ, સુનને અબૂ દાઊદ, જામેઅ તિર્મિઝી અને મુજતબા (નસાઈ) મુરાદ હોય છે. *(હવાલો : ઉપર મુજબ, પેજ–૧૫૯)*

**હદીષ વિદ્યામાં આગળ પડતુ સ્થાન :** ઈમામ નસાઈ رحمۃ اللہ علیہને ઈલ્મે હદીષમાં ઘણી મહારત તથા અનોખુ સ્થાન હાંસલ હતું. હદીષ વર્ણન કરવામાં ઈમામ બુખારી, ઈમામ મુસ્લિમ અને ઈમામ તિર્મિઝીમાંથી દરેકનો અંદાઝ તથા શૈલી અલગ અલગ છે. પરંતુ ઈમામ નસાઈએ હદીષના બયાનના બારામાં એવો અંદાઝ અપનાવ્યો કે એમનામાં ત્રણેવ મુહદ્દિષોના અંદાઝ તથા શૈલીઓ એક સ્થાને જોવા મળે છે. જેનાથી એ વાત ખૂબીપૂર્વક સ્પષ્ટ થઈ જાય છે કે ઈમામ નિસાઈને જેવી રીતે અસ્નાદના રાવીઓની છાનબીન પરખ પર મહારત હાંસલ હતી તેવી જ રીતે આપ એ રિવાયતના વિવિધ તરીક઼ા પર પણ નિગાહ ધરાવતા હતા. એના પર અધિક એ કે મસાઈલના ઈસ્તંબાત (કાઢવા) માટે જે રિવાયત જે પ્રકરણમાં યોગ્ય હતી આપે તેને ત્યાં વર્ણવી આપી જેથી કોઈ પ્રકારની મુશ્કેલી મહેસૂસ ન થાય.

હાફિઝ અબ્દુલ્લાહ નીશાપૂરી ફર્માવે છે કે મેં અબૂ અલી હાફિઝ નીશાપૂરી رضی اللہ عنہથી સાંભળ્યું કે આપ મુસલમાનોમાં ચાર વ્યક્તિઓને "હાફિઝે હદીષ" કહેતા હતા, એમાં પ્રથમ નામ અબૂ અબ્દુર્રહમાન નસાઈનું લેતા હતા. હાકિમથી એ જ વાત નકલ થયેલ છે કે તેમણે અબુલ હસન અલી બિન ઉમર દારકુત્નીથી કેટલીયવાર સાંભળ્યું. ફર્માવતા હતા કે ઈલ્મે હદીષ અને રાવીઓ પર જરહો તઅદીલની કલામાં ઈમામ નસાઈને પોતાના સમયના સર્વ લોકો પર અગ્રતા હાંસલ છે. આપ ખૂબ જ સાવધાનીવાળા અને મુત્તક઼ી તથા પરહેઝગાર હતા.

*(હવાલો ઉપર મુજબ)*

હાફિઝ સિયૂતી رحمۃ اللہ علیہ લખે છે કે ઈમામ અબુલ હસને કહ્યું કે જ્યારે તમે મુહદ્દિષોની રિવાયતો પર નજર નાખશો તો તમને માલૂમ પડશે કે જે હદીષની ઈમામ નસાઈ તખરીજ કરે છે તે અન્ય મુહદ્દિષોની તખરીજ કરતાં સહીહ હોવામાં અધિક નજીક હોય છે. *(મુક્દમા ઝહરુર્રબી, પેજ–૩૦, હાફિઝ જલાલુદ્દીન સિયૂતી)*

અમુક પશ્ચિમવાળા સુનને નસાઈને સહીહ બુખારી પર અગ્રતા આપે છે. જેમ કે હાફિઝ સખાવી ફર્માવે છે કે અમુક પશ્ચિમી મુહદ્દિષોએ સ્પષ્ટતા કરી છે કે ઈમામ નસાઈની કિતાબ ઈમામ બુખારીની સહીહ કરતાં અધિક વિશ્વસનીય છે. *(ફત્હુલ મુગીષ, પેજ–૧૨)*

અને મુહદ્દિષ બિન અમ્રએ પોતાના અમુક મશાઈખથી ત્યાં સુધી રિવાયત કરી છે કે સુનને નસાઈ ઈલ્મની સર્વ કિતાબોમાં સૌથી અફઝલ છે. અને ઈસ્લામી કિતાબોમાં સુનને નસાઈ પોતાની જોડ નથી ધરાવતી. *(હવાલો ઉપર મુજબ)*

હદીષની વિદ્યામાં આગળ પડતુ સ્થાન ધરાવનારાઓએ હદીષ વર્ણન કરવામાં ઈમામ નસાઈની શરતોને ઘણા મહત્વ સાથે વર્ણવેલ છે. અમુક મહાન મુહદ્દિષો શરતોના લેહાઝથી ઈમામ નસાઈને ઈમામ મુસ્લિમ પર અગ્રતા આપતા હતા. હાફિઝ નીશાપૂરી વર્ણવે છે કે રિજાલમાં ઈમામ નસાઈની શર્તો ઈમામ મુસ્લિમ કરતાં અધિક સખ્ત છે. એ જ હાકિમ નિશાપૂરી અને ખતીબ બગદાદીએ પણ ઈમામ નસાઈની શર્તોને ઈમામ મુસ્લિમ કરતાં અધિક સખ્ત ઠરાવેલ છે.

ઈબ્ને તાહિર કહે છે કે મેં ઈમામ અબુલ કાસિમ સઅદ ઈબ્ને અલી ઝન્જાનીથી એક રાવીના બારામાં પૂછયું તો તેમણે તેનું સમર્થન કર્યું. મેં કહ્યું કે ઈમામ નસાઈ તો એને ઝઈફ ઠરાવે છે, તો તેમણે જવાબ આપ્યો કે રિજાલમાં ઈમામ નસાઈની શર્તો ઈમામ બુખારી તથા ઈમામ મુસ્લિમ કરતાં અધિક સખ્ત છે. *(તઝકેરતુલ હુફ્ફાઝ, ૨/૭૦૦)*

અને હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની رحمۃ اللہ علیہ વર્ણવે છે કે ઘણા રાવી એવા છે જેમની રિવાયતને ઈમામ અબૂ દાઊદ અને ઈમામ તિર્મિઝી કબૂલ કરી લે છે, પરંતુ ઈમામ નસાઈ તેમનાથી પણ રિવાયત નથી લેતા, બલ્કે ઈમામ નસાઈએ તો સહીહૈનના રાવીઓની એક જમાઅતથી પણ રિવાયતમાં પરહેઝ કર્યો છે. *(મુક્દમા ઝહરુર્રબી, પેજ–૩૫)*

મહાન મુહદ્દિષોનાં આ કથનોથી એ વાત ધોળા દિવસની જેમ ઉજ્જવળ થઈ જાય છે કે ઈમામ નસાઈ હદીષ વર્ણવવામાં અનહદ સાવધાની વર્તતા હતા. એ જ કારણે આપને ઈલ્મે હદીષમાં અગ્રગણ્ય મક઼ામ હાંસલ છે.

**વિસાલ પુરમલાલ :** ઈમામ નસાઈએ જ્યારે દમિશ્કની જામેઅ મસ્જિદમાં ''ખસાઈસે અલી''નાં લખાણો વાંચીને સંભળાવ્યાં તો લોકો ગુસ્સામાં લાલચોળ થઈ ગયા અને આપને મારપીટ કરી. આ બનાવથી આપને સખત ઘા પહોંચ્યા. આપના ખાદિમો આપને મસ્જિદથી ઉઠાવીને ઘરે લઈ આવ્યા. આપે ખાદિમોને કહ્યું કે મને તાત્કાલિક જ મક્કા મુકર્રમા પહોંચાડી આપો જેથી મક્કા અથવા એના માર્ગમાં મારો ઈન્તેકાલ થઈ જાય. જેથી મક્કા મોઅઝ્ઝમા પહોંચીને ૧૩–સફરુલ મુઝફ્ફર હિ.સ. ૩૦૩ના રોજ આપનો ઈન્તેક઼ાલ થઈ ગયો. અમુક રિવાયતો પ્રમાણે મક્કા જતાં રમ્લા (ફિલિસ્તીન)ના સ્થળે આપ ખુદાને પ્યારા થઈ ગયા, અને ત્યાંથી આપની લાશ મુબારક મક્કા મુકર્રમા પહોંચાડવામાં આવી. હાફિઝ ઝહબીના ક઼ૌલ પ્રમાણે આ જ વાત સહીહ છે. *(તહઝીબુત્તહઝીબ, ૧/૨૮)*

**મઝારે પાક :** ઈમામ નસાઈનું મઝારે પાક સફા તથા મરવાની વચ્ચે આવેલુ છે જે આમ તથા ખાસ લોકોનું સ્થાન છે. *(વફયાતુલ અઅ્યાન, ૧/૯૮, લેખક : અબુલ અબ્બાસ અહમદ બિન મુહમ્મદ, વફાત : હિ.સ. ૬૮૧)*

# પાંચ નબવી નસીહતો

**લેખક : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*
**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ પટેલ–દયાદરા**

## ફુરસદની કદર કરો વ્યસ્તતા પહેલાં

પ્રિય વાંચકો ! જિંદગીની એક એક પળ અત્યંત કિંમતી છે. પોતાની થોડા દિવસોની જિંદગીની બાકીની પળોને ગનીમત જાણો, એ પળોને નિરર્થક કામો, ફાયદા વિનાના કાર્યોમાં કદાપિ કદાપિ ન ખર્ચો, બલ્કે તેમને અલ્લાહ તઆલા તથા તેના રસૂલ ﷺની ઈતાઅત તથા ફર્માંબરદારીમાં ગુજારો. માણસે પોતાની આ થોડા દિવસની જિંદગીની એ વખતે કદર થાય છે જ્યારે તે આ દુનિયાથી કૂચ કરી રહ્યો હોય છે, પરંતુ એ વખતે અફસોસ કરવું બિન ફાયદાકારક હોય છે. રબ તઆલા ફર્માવે છે :

حَتّٰۤى اِذَا جَآءَ اَحَدَهُمُ الْمَوْتُ قَالَ رَبِّ ارْجِعُوْنِ ﴿۹۹﴾ لَعَلِّیْۤ اَعْمَلُ صَالِحًا فِیْمَا تَرَكْتُ كَلَّا ؕ اِنَّهَا كَلِمَةٌ هُوَ قَآىٕلُهَا ؕ

"કદાચ હું કાંઈક ભલાઈ કમાઉં તેમાં જે છોડીને આવ્યો છું. છટ ! આ તો (માત્ર) એક વાત છે જે તે પોતાના મોઢેથી કહે છે." *(સૂ. મુઅમિનૂન, ૨૩/૯૯, ૧૦૦)*

જે ઈન્સાન દુનિયામાં રહીને અલ્લાહની ઈબાદત તથા ઈતાઅત (આજ્ઞાપાલન)થી ગાફેલ રહ્યો હશે તે કયામતના દિવસે અફસોસ કરતાં એ આરઝૂ કરશે કે કાશ ! દુનિયામાં ફરી વાર જવાનુ થતુ તો હું નેક અમલો કરતો અને દુનિયવી જિંદગીમાં ઝબાનથી કુફ્ર તથા શિર્ક અને અલ્લાહની નાફર્માનીના જે શબ્દો બકી નાખ્યા કરતો હતો એનાથી તૌબા કરી લેતો.

અલ્લાહની ફર્માંબરદારીથી ગાફેલ રહીને જે સમયોને બેકાર કામોમાં વેડફી નાખવામાં આવે છે તેના માટે જહન્નમમાં ગયા પછી પણ બંદો અફસોસ કરશે.

સૂરએ મુઅમિનૂનમાં છે :

رَبَّنَاۤ اَخْرِجْنَا مِنْهَا فَاِنْ عُدْنَا فَاِنَّا ظٰلِمُوْنَ ﴿۱۰۷﴾ قَالَ اخْسَــُٔوْا فِیْهَا وَ لَا تُكَلِّمُوْنِ ﴿۱۰۸﴾

"હે અમારા રબ ! અમને દોઝખથી કાઢી આપ, પછી જો અમે એવું જ કરીએ તો જાલિમ છીએ. રબ ફર્માવશે, ધુત્કારેલા પડી રહો એમાં ! અને મારાથી વાત ન કરો. *(સૂ. મુઅમિનૂન, ૨૩/૧૦૭, ૧૦૮, કન્ઝુલ ઈમાન)*

સદરુલ અફાઝિલ હઝરત અલ્લામા સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ઉપરોક્ત આયતની તફસીરમાં લખે છે ! "તિર્મિઝીની હદીષમાં છે કે દોઝખી લોકો જહન્નમના દારોગા (મેનેજર) હઝરત માલિકને ચાલીસ વરસ સુધી પુકારતા રહેશે, ત્યારબાદ તે કહેશે કે તમે જહન્નમમાં જ પડયા રહેશો. પછી તેઓ પરવરદિગારને પુકારશે અને કહેશે, હે અમારા રબ ! અમને દોઝખથી કાઢી નાખ ! અને આ પોકાર તેમની દુનિયાથી ડબલ ઉમરની મુદત સુધી ચાલુ રહેશે. ત્યારબાદ તેમને આ જવાબ આપવામાં આવશે જે આગલી આયતમાં છે. (ખાઝિન) અને દુનિયાની ઉમર કેટલી છે એમાં કેટલાંય કથનો છે. અમુકે કહ્યું કે દુનિયાની ઉમર સાત હજાર વરસ છે. અમુકે કહ્યું બાર હજાર વરસ. અમુકે કહ્યું, ત્રણ લાખ સાઈઠ વરસ. *(તઝકેરા કુર્તબી)*

આપણી જિંદગીની એક એક પળ એટલા પ્રમાણમાં અમૂલ્ય તથા કદરને પાત્ર છે કે જન્નતવાળાઓને જન્નતમાં પ્રવેશ પામવા છતાં જિંદગીની પળોના નિરર્થક પસાર થઈ જવા પર અફસોસ થશે. હદીષે પાકમાં છે :

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કોઈ કૌમ એવી મેહફિલ નથી સજાવતી જેમાં તે અલ્લાહનો ઝિક્ર નથી કરતી. અને હુઝૂર નબી પાક ﷺની ખિદમતે અક્દસમાં દુરૂદ શરીફ નથી પઢતી, પણ એ કે એ મેહફિલ કયામતના દિવસે સવાબની કમીના કારણે તેમના માટે અફસોસનો સબબ થશે, ભલે તેઓ જન્નતમાં દાખલ થઈ જશે.

પ્રિય વાંચકો ! સમય પસાર થતો રહે છે જેના પરિણામે દિવસ, અઠવાડિયાં, મહીના, સાલ અને સદીઓ જનમ લે છે. મહીના, સાલ તથા સદીઓ તો ખત્મ થઈ જાય છે, પણ સમય ગુજરતો જ રહે છે. કેમ કે સમય કદી ખત્મ ન થનાર એવા સફરનું નામ છે કે જેની કોઈ મંઝિલ નથી. પણ હા ! ઈન્સાન જો ચાહે તો પોતાના નેક મકસદોને નજર સામે રાખીને પોતાની મંઝિલને નિશ્ચિત કરી શકે છે. એ બરાબર છે કે માણસ બેઈખ્તિયાર છે પણ એટલો પણ નહીં કે તે પોતાના સમયને પોતાની મરજી અને ખ્વાહિશ પ્રમાણે સહીહ રીતે ગુજારી ન શકે. પરંતુ એ ત્યારે શક્ય થાય છે કે જ્યારે માણસ સમયની કદર તથા તેના મહત્વથી વાકેફિયત ધરાવતો હોય. અલ્હમ્દુલિલ્લાહ ! આપણે મુસલમાન છીએ. ઈસ્લામ તે મહાન નેઅમત છે જે આપણાથી એ વાતનો તકાઝો કરે છે કે આપણે મુસલમાન હોવાની હૈસિયતથી અન્ય ધર્મોના માનવાવાળાઓ કરતાં અધિક સમયની કદર કરીએ કરીએ.

વિચારો કે આપણને દુનિયાની સૌથી મહાન કિતાબ કુર્આનથી અલ્લાહ અને તેના રસૂલ હાદીયે આલમ, મોહસિને ઈન્સાનિયત ﷺના મુકદ્દસ ફર્માનોની રોશનીમાં સમયની કદર તથા મહત્વની ભાળ મળે છે અને તેને ગુજારવાના રોશન ઉસૂલ પણ મળે છે.

વાતને આગળ વધારતા પહેલાં એ વાત તથા મુદ્દો પેશ કરવો પણ જરૂરી છે કે જે જેટલી મોટી જાત હશે તેના એટલા જ મોટા અને રોશન ઉસૂલ હશે. દુનિયામાં સૌથી મોટી હકીકત તથા સચ્ચાઈ એ જ છે કે ખાલિકે કાઈનાત અલ્લાહથી વધીને કોઈ જાત નથી અને માનવ લિબાસમાં હાદીયે આલમ ﷺથી વધીને કોઈ રાહબર તથા રહનુમા નથી. તો હવે આવી સ્થિતિમાં એ કેવી રીતે શક્ય છે કે અલ્લાહ કોઈ કમતર ચીજની કસમ વારંવાર યાદ ફર્માવે. પરવરદિગારે આલમે વિવિધ જગાએ વિવિધ સમયોની કસમ યાદ ફર્માવી છે. સૂરએ ફજ્રમાં ફજરના સમયની અને ઝીલ હજ્જના દસ દિવસોની કસમ યાદ ફર્માવી છે. રબ તઆલાનો ઈર્શાદ છે.

وَالْفَجْرِ ۙ وَلَيَالٍ عَشْرٍ ۙ وَّالشَّفْعِ وَالْوَتْرِ ۙ وَالَّيْلِ اِذَا يَسْرِ

"આ સવારની કસમ અને દસ રાતોની, અને બેકી તથા એકીની, અને રાતની જ્યારે ચાલી જાય."

*(સૂ. ફજર, ૧ થી ૪, કન્ઝુલ ઈમાન)*

વળી એક સ્થળે ખાલિકે અર્દો સમાએ રાત અને દિવસની કસમ પણ યાદ ફર્માવી. ઈર્શાદ છે :

وَالَّيْلِ اِذْ اَدْبَرَ ۙ وَالصُّبْحِ اِذَآ اَسْفَرَ ۙ

"અને રાતની જ્યારે પીઠ ફેરવે અને સવારની જ્યારે અજવાળુ નાખે." *(સૂ. મુદ્દષ્ષિર, ૭૪/૩૩, ૪૪)*

એ જ પ્રમાણે સૂરતુદ્દોહામાં રબ્બે કાઈનાતે ચાશ્તના સમયની કસમ યાદ કરતાં ઈર્શાદ ફર્માવ્યો : وَالضُّحٰى ۙ وَالَّيْلِ اِذَا سَجٰى ۙ "ચાશ્તની કસમ અને રાતની જ્યારે પર્દો નાખે." *(સૂ. વદ્દુહા, ૯૩/૧,૨)*

સૂરએ અસ્રમાં જમાનાની કસમ યાદ ફર્માવી છે :

وَالْعَصْرِ ۙ اِنَّ الْاِنْسَانَ لَفِيْ خُسْرٍ ۙ اِلَّا الَّذِيْنَ اٰمَنُوْا وَ عَمِلُوا الصّٰلِحٰتِ وَتَوَاصَوْا بِالْحَقِّ ۙ وَتَوَاصَوْا بِالصَّبْرِ ۙ

"એ મહબૂબના જમાનાની કસમ ! બેશક ! માનવી જરૂર નુકસાનમાં છે પણ જેઓ ઈમાન લાવ્યા

અને સારાં કામો કર્યાં અને એકબીજાને હક્કની તાકીદ કરી અને એકબીજાને સબ્રની વસિયત કરી.

*(સૂ. અસ્ર, ૧૦૩/૧,૨,૩)*

હુઝૂર સૈયદે આલમ ﷺનું ફર્માને મુક઼દસ છે : "ક઼યામતના દિવસે બંદો એ સમય સુધી (બારગાહે ઈલાહીમાં) ઉભો રહેશે કે જ્યાં સુધી તેનાથી ચાર ચીજોના વિશે પૂછી ન લેવામાં આવે : જિંદગી કેવી રીતે પસાર કરી ? જે ઈલ્મ હાંસલ કર્યો તેના પર કેટલો અમલ કર્યો ? માલ ક્યાંથી કમાયો અને ક્યાં ખર્ચ કર્યો ? શરીરને કયા કામમાં ખપાવ્યે રાખ્યુ ? *(અલ મોઅજમુલ કબીર લિત્તબ્રાની, ૧૧/૧૦૨, ખુત્બા ઈબ્ને મસ્ઊદ, મુજાહિદ અન ઈબ્ને અબ્બાસ)*

એકવાર નબી કરીમ ﷺએ સૂરજ અસ્ત થતો જોયો તો ફર્માવ્યું : "તમારી દુનિયામાંથી જે ગુજરી ચૂકી છે કેવળ એટલી માત્રા બાકી છે જેટલો આ સૂરજ જિંદગી ગુજારીને આ દિવસમાં બાકી બચ્યો છે."

*(મુસ્નદે અહમદ, મિશ્કાત, તિર્મિઝી, અબ્વાબુલ ફ઼િતન)*

અલ્લાહ તઆલા અમુક લોકોને લાંબી ઉમરો અતા કરે છે અને અમુકને મૌત અચાનક ઊંચકી લે છે, પરંતુ લોકોમાંથી બેહતરીન શખ્સ તે છે જે પોતાના સમયો સારાં કામોમાં ગુજારીને આખેરતનો સામાન કરે.

એક શખ્સે નબી કરીમ રઉફો રહીમ ﷺનો પૂછયું કે બેહતરીન ઈન્સાન કોણ છે ? તો આપે ફર્માવ્યું, જેની ઉમર લાંબી અને અમલો સારા હોય. તેણે અર્ઝ કર્યું, લોકોમાંથી બદતરીન શખ્સ કોણ છે ? સરકાર ﷺએ ફર્માવ્યું, જેની ઉમર લાંબી અને અમલો બુરા હોય."

*(રવાહુ અહમદ, મિશ્કાત, તિર્મિઝી, અબ્વાબુઝ્ઝહદ)*

પરંતું આજે મુસલમાનોની જિંદગી પ્રત્યેની વિચારધારા બદલાય ચૂકી છે. કેટલાક મુસલમાન આખેરતને ભૂલીને પોતાને કેવળ કમાવા ખાવામાં સીમિત કરી દે છે. કેટલાક લોકો પોતાની આખેરત આબાદ કરે છે અને તેઓ અલ્લાહ તઆલાના હુકમોનું પાલન કરે છે અને મનાઈના હુકમોથી બચે છે. અમુક લોકોના સારા તથા બુરા અમલો અમલો મિશ્ર હોય છે.

માનવ જિંદગીના મહત્વ સંબંધે નબી કરીમ ﷺએ ફર્માવ્યું : "સવારના સમયે દરેક શખ્સ ચાલે છે અને પોતાના નફસને વેચે છે, પછી ક્યાં તો તેને દરેક જહન્નમથી આઝાદ કરાવી લે છે અથવા હલાલ ઠરાવી દે છે." *(રવાહુ મુસ્લિમ, કિતાબુત્તહારત)*

અલ્લાહ તઆલાએ સૂરતુશ્શમ્સમાં અગીયાર ચીજોની ક઼સમ યાદ ફર્માવી છે, પછી ફર્માવ્યું કે કામયામ શખ્સ તે છે જે તઝકિયએ નફ્સ (નફ્સની પાકી) કરી લે. અને નામુરાદ ઈન્સાન તે છે જે પોતાના નફ્સને ગુનાહોમાં સપડાવી દે. અલ્લાહ પાક ઈર્શાદ ફર્માવે છે :

وَ الشَّمْسِ وَ ضُحٰىهَا ۝۱ وَ الْقَمَرِ اِذَا تَلٰىهَا ۝۲ وَ النَّهَارِ اِذَا جَلّٰىهَا ۝۳ وَ الَّیْلِ اِذَا یَغْشٰىهَا ۝۴ وَ السَّمَآءِ وَ مَا بَنٰىهَا ۝۵ وَ الْاَرْضِ وَ مَا طَحٰىهَا ۝۶ وَ نَفْسٍ وَّ مَا سَوّٰىهَا ۝۷ فَاَلْهَمَهَا فُجُوْرَهَا وَ تَقْوٰىهَا ۝۸ قَدْ اَفْلَحَ مَنْ زَكّٰىهَا ۝۹ وَ قَدْ خَابَ مَنْ دَسّٰىهَا ۝۱۰

"સૂરજ અને તેની રોશનીની ક઼સમ ! અને ચાંદની જ્યારે તેની પાછળ આવે, અને દિવસની જ્યારે તેને ચમકાવે. અને રાતની જ્યારે તેને છુપાવે, અને આસ્માન અને તેને બનાવવાવાળાની કસમ, અને જમીન અને તેને ફેલાવવાની ક઼સમ, અને જાનની અને તેની જેણે એને ઠીક બનાવ્યો પછી તેની બદકારી અને તેની પરહેઝગારી દિલમાં નાખી. બેશક ! મુરાદે પહોંચ્યો જેણે એને (નફ્સને) સુથરો કર્યો અને નામુરાદ થયો જેણે એને ગુનાહોમાં છુપાવ્યો."

*(સૂ. શમ્સ, ૧ થી ૧૦, કન્ઝુલ ઈમાન)*

માનવ જિંદગી આજમાઈશો અને મુસીબતોથી ભરેલી પડી છે અને કદી ઈન્સાન જિંદગીની આ લગ઼ઝિશોથી એવી ઠોકર ખાય છે જે તેના વહેમ તથા

ગુમાનમાં પણ નથી થતી. નબીયે કૌનેન ﷺ દુનિયાની ભલાઈની આ શબ્દોમાં દુઆ કર્યા કરતા હતા : ''અને મારી જિંદગીને મારા માટે દરેક ભલાઈના વધારાનો સબબ બનાવ અને મૌતને મારા માટે દરેક બુરાઈથી રાહતનો ઝરીયો બનાવ.''

*(રવાહુ મુસ્લિમ, કિતાબુઝ્ઝિક બદુઆ, બાબુત્તઅવ્વુઝ)*

દરેક પસાર થતા વરસમાં આજમાઈશોનો ક્રમ વધતો જશે. નબીયે રહમત ﷺએ ફર્માવ્યું : ''તમારા પર જે પણ સમય આવશે પણ તેના બાદવાળો સમય (પહેલા કરતાં) બદતર હશે.''

*(રવાહુલ બુખારી, કિતાબુલ ફિતન...)*

## ★ નિરીક્ષણની આદત બનાવો ★

માણસે દરેક વખતે પોતાનું નિરીક્ષણ (પરીક્ષણ) કરવું જોઈએ કે તેણે આખેરતના માટે આગળ શું મોકલ્યું છે અને અલ્લાહ તઆલાની ખુશ્નુદી હાંસલ કરવાના માટે શું અમલો કર્યા છે, જેથી તે પોતાના નફસથી ફર્ઝોની અદાયગીના વિશે, મખ્લૂક઼ના હક્કોના વિશે અને માલના વિશે પૂછી શકે કે આ દુનિયાથી ક્યાંથી કમાયા અને ક્યાં ખર્ચ કર્યો.''

ફર્માને બારી તઆલા છે :

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَلْتَنْظُرْ نَفْسٌ مَّا قَدَّمَتْ لِغَدٍ ۚ
وَاتَّقُوا اللّٰهَ ۭ اِنَّ اللّٰهَ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ ﴿١٨﴾

''હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો, અને દરેક જાન જુએ કે કાલના માટે શું આગળ મોકલ્યું. અને અલ્લાહથી ડરો ! બેશક ! અલ્લાહને તમારાં કામોની ખબર છે.'' *(સૂ. હશ્ર, આ. ૧૮)*

પ્રિય વાંચકો ! સમય અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની એવી આમ નેઅમત છે જે માનવ સમાજમાં સમાન રીતે અમીર, ગરીબ, આલિમ, જાહિલ, મોટા, નાના સૌને મળી છે. સમયનું દૃષ્ટાંત તીવ્ર તાપમાં રાખેલી બરફની તે લાદીની જેમ છે જેનાથી જો ફાયદો ઉઠાવવામાં આવે તો બેહતર, નહીં તો એ તો છેવટે પીગળી જ જાય છે.

અત્યારે આપણો સમાજ સામાન્ય રીતે સમય વેડફવાનો શિકાર છે. યૂરોપી સમાજ પોતાની સર્વે ખામીઓ તથા કમજોરીઓ છતાં સમયની કદર કરનાર છે અને જિંદગીને બાકાયદા એક બંધારણા હેઠળ ગુજારવાનો પાબંદ બનેલો છે. સાયન્સ અને ટેકનોલોજીમાં તેમની પ્રગતિનો એક મોટો સબબ સમયની કદરદાની છે. જે ક઼ૌમો સમયની કદર કરવાનું જાણે છે તે રણોને ગુલશન બનાવી દે છે, તે વાતાવરણ પર કબજો કરી શકે છે, તે પહાડોનાં જિગરને ટુકડા ટુકડા કરી શકે છે, તે જમાનાની લીડરશીપ સંભાળી શકે છે પરંતુ જે ક઼ોમો સમયને બર્બાદ કરી દે છે સમય તેમને બર્બાદ કરી દે છે, પછી એવી કોમો ગુલામીની જિંદગી પસાર કરવા લાચાર થઈ જાય છે. તે દીન તથા દુનિયા બંને રીતે નુકસાનમાં રહે છે.

આજે આપણા સમાજમાં સૌથી સસ્તી અને બેક઼ીમત ચીજ જો કોઈ છે તો સમય છે ! તેની કદર તથા કિંમતનો આપણને તદ્દન એહસાસ નથી રહ્યો, એ જ કારણે સમયની ઘડીઓની ક઼દર ન કરવાના કારણે મિનિટોને, મિનિટોની ક઼દર ન કરવાના કારણે કલાકોને, કલાકોની ક઼દર ન કરવાના કારણે અઠવાડિયાંઓને, અને અઠવાડિયાઓની કદર ન કરવાના કારણે મહીનાઓને, અને મહીનાઓની ક઼દર ન કરવાના કારણે સાલોને અને ઉમરોને વેડફી નાખવું આપણા માટે ઘણુ આસાન બની ગયું છે.

આપણે લોકો ગલી કૂચાઓ, સડકો, હોટલો અને અંગત મજલિસોમાં સમય પસાર કરીએ છીએ, અને આપણો કેટલોય કિંમતી સમય ટીકા ટીપ્પણ, ગીબત, આક્ષેપબાજી તથા અન્ય ફુઝૂલ કામોમાં વેડફામ જાય છે અને આપણને તેનો એહસાસ પણ નથી થતો.

*–(ક્રમશઃ)*

# રૂહાનિયત તથા તસવ્વુફના વિષય પર વિશ્વ વિખ્યાત મક઼્બૂલ કૃતિ

# કશ્ફુલ મહજૂબ

## (તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ)

(હફ્તો : ૬)

**ફારસી લેખક** : વલીયે કામિલ હઝરત મખ્દૂમ સૈયદ અલી હજવૈરી **દાતા ગંજબખ્શ લાહોરી** رحمۃ اللہ علیہ

**ઉર્દૂ અનુવાદક : મુફ્તી ગુલામ મુઈનુદ્દીન નઈમી**

**ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*اَلْحَمْدُ لِلّٰہ આ લેખમાળા ક્રમશઃ રજૂ કરતાં હું નાચીઝ ગુનેહગાર અલ્પજ્ઞાની ખુશી અનુભવું છું કે એક મહાન બુઝુર્ગની કૃતિને વાંચકો સમક્ષ રજૂ કરી રહ્યો છું. હઝરત દાતા ગંજબખ્શ લાહોરી رحمۃ اللہ علیہ ખૂબ જ પાયાના બુઝુર્ગોમાંથી છે. આપની વિશેષ શાન હાલ રજૂ કરી શકતા નથી પણ કેવળ એટલું જ કહેવું પૂરતુ સમજું છું કે, આ તે મહાન બુઝુર્ગ છે જેમના આસ્તાના પર સુલ્તાનુલ હિંદ, હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી رحمۃ اللہ علیہ જેવા બુઝુર્ગે અજમેર શરીફ આવતા પહેલાં ચાલીસ દિવસનો ચિલ્લો કર્યો હતો અને ત્યાંથી રૂહાની ફયઝ પામ્યા હતા. તો ત્યાંથી વિદાય વેળા ખ્વાજા સાહબે હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ વિશે ફર્માવ્યું કે :–*

*ગંજબખ્શ ફયઝે આ'લમ – મઝહરે નૂરે ખુદા*

*નાકિસારા પીરે કામિલ–કામિલારા રહનુમા*

*એવા મહાન બુઝુર્ગ હઝરત દાતા ગંજબખ્શની તસવ્વુફના વિષયે રહનુમા કિતાબ ''કશ્ફુલ મહજૂબ'' નો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો તો જરૂર હિદાયત પામશો, ઈન્શાઅલ્લાહ ! –તંત્રી*

(૬) હઝરત અબુલ હસન નૂરી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''ફક઼ીરની વ્યાખ્યા એ છે કે ન હોવાના સમયે ખામોશ રહે અને જ્યારે હોય તો સર્વ કાંઈ ખર્ચ કરી દે. અને એ પણ ફર્માવ્યું કે મૌજૂદગીના વખતે બેચૈન રહે.''

મતલબ એ છે કે જ્યારે માલ નથી હોતો તો તે ખામોશ રહે છે અને જ્યારે માલ હોય છે તો તે પોતાના કરતાં બીજાને બેહતર જાણીને તેના પર ખર્ચ કરે છે. જેથી તે શખ્સ જે એક કોળિયાની જરૂરત ધરાવે છે, તેની હાજત જ્યારે પૂરી ન થાય તો તેનું દિલ સાકિન (શાંત) રહે છે, અને જો તે કોળિયો મળી જાય છે તો પોતાની સરખામણીમાં બીજાને બેહતર જાણીને તેને આપી દે છે. આ મહાન કારનામુ છે.

આ ક઼ૌલ (કથન)માં બે નિર્દેશો છે : એક એ કે ન હોવાની હાલતમાં ખામોશ અને રાઝી બ રઝા રહે છે અને મૌજૂદ હોવાની હાલતમાં પસંદ કરે છે કે બીજા પર ખર્ચ કરી દે, કેમ કે રાજી હોવું ખિલ્અતની પ્રાપ્તિના લાયક બનાવે છે. એ જ ખિલ્અત (માન માટેનો પહેરવેશ–જબ્બો) એ કુર્બ તથા નઝદીકીની નિશાની છે. અને મુહિબ્બ તથા તાલિબ એ ખિલ્અતને ત્યજનાર છે, કેમ કે ખિલ્અતમાં ફુર્કત (બે ચાહકોમાં વિરહ)નું નિશાન છે. બીજો નિર્દેશ એ છે કે તે સાકિન (શાંત) હોય છે. એટલે કે ન હોવાની હાલતમાં મૌજૂદ થવાની રાહ જોવામાં ખામોશ રહે છે. પછી જ્યારે મૌજૂદ થઈ જાય છે તો તેનું વજૂદ કેમ કે ખુદાનું ગૈર છે જેથી તે ગૈરથી રાહત નથી પામતો તો તેને પોતાનાથી અલગ કરી દે છે.

એ જ ભાવાર્થ શયખુલ મશાઈખ અબુલ ક઼ાસિમ અબુલ ક઼ાસિમ જુનેદ બિન મુહમ્મદ બિન જુનેદ رحمۃ اللہ علیہના અક઼્વાલનો છે. ફર્માવે છે : સર્વ સ્વરૂપોથી દિલનું ખાલી હોવું ફક઼્ (ફક઼ીરી) છે. દિલમાં જ્યારે શક઼્લ (સ્વરૂપ) હોય છે તો શક઼્લ કેમ કે ગૈર છે જેથી

એને કાઢીને ફેંકવા સિવાય કોઈ ચારો નથી.

**(૭)** હઝરત શિબ્લી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ફક઼ીરી મુસીબતોનો સમંદર છે, અને એની સર્વ બલાઓ (આજમાઈશો) ઈજ્જત છે અને ઈજ્જત ગૈરનું નસીબ છે એટલા માટે કે મુબ્તલા (સંકટગ્રસ્ત) તો અયન બલામાં છે, તેને ગૈરથી શું લેવા દેવા ! એ વખતે તો તે બલા પ્રતિ પણ તવજ્જોહ નથી રાખતો. એ વખતે તેની આજમાઈશ (બલા) સંપૂર્ણપણે ઈજ્જત હોય છે, અને તેની ઈજ્જત દરેક સમયે તેનો સમય સૌ મહોબ્બતમાં, અને મહોબ્બત તમામ મુશાહેદામાં લાગેલી હોય છે, જેથી મતલૂબ તથા તાલિબનું સંપૂર્ણ દિમાગ ખયાલના ગલબાથી દીદારનું સ્થાન બની જાય. ત્યાં સુધી કે વગર આંખે જોનાર, વગર કાને સાંભળ નાર બની જાય છે. તો એવો બંદો ઈજ્જતદાર છે કે તેણે સંકટો, મુસીબતોનો બોજ ઉઠાવી રાખ્યો છે, કેમ કે હક઼ીક઼તમાં મુસીબત ઈજ્જતની ચીજ છે અને દુનિયવી નેઅમતો ઝિલ્લતની ચીજો છે. એટલા માટે હક઼ીક઼ી ઈજ્જત એ જ છે જેનાથી બંદાની બારગાહે હક઼્ક઼માં હુઝૂરી થાય. ઝલીલ તથા બેઈજ્જત તે ચીજ છે જેનાથી બંદો હક઼્ક઼થી દૂર થાય. અને ફક્ર (ફક઼ીરી)ની બલાઓ મુસીબતો હુઝૂરીની નિશાની છે. અને ગના (માલદારી) તથા તવંગરીની રાહત દૂરી તથા ગીબતની નિશાની છે. હક઼્ક઼ની હુઝૂર હાજરમાં ઈજ્જત છે અને હક઼્ક઼થી ગાયબ થવું બેઈજ્જતી છે. જે બલાનો અર્થ મુશાહેદા તથા તેના દીદારથી લગાવ (મહોબ્બત) હોય, એનાથી જેટલા પ્રમાણમાં સંબંધ હોય એ ગનીમત છે.

**(૮)** સૈયદુત્તાઈફા હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "હે ફક઼ીરોના ગિરોહ ! તમે લોકોમાં અલ્લાહવાળાની હૈસિયતથી ઓળખાવ છો, અને અલ્લાહ તઆલાથી સંબંધ રાખવાના કારણે જ તમારી તાઝીમ કરવામાં આવે છે. જ્યારે તમે અલ્લાહની સાથે એકાંતમાં હોવ તો તમારું નિરીક્ષણ કર્યા કરો કે ખરેખર સંબંધનો શો હાલ છે."

મતલબ એ છે કે જ્યારે લોકો તમને દુરવેશ કહીને પુકારે અન તે તમારો હક઼્ક઼ અદા કરે છે તો તમે પોતાની દુરવેશીના હક઼્ક઼નું નિરીક્ષણ કર્યા કરો કે એ હક઼્ક઼ કેવી રીતે અદા થઈ રહ્યો છે. અને જો ખુદાની મખ્લૂક઼ તમને તમારા દાવાથી વિરૂધ્ધ કોઈ અન્ય નામથી પુકારે તો તેમની એ વાતો પસંદ ન કરો. તમે પણ તમારા દાવાની સાથે ઈન્સાફ અને સચ્ચાઈથી કામ લો, કેમ કે **લોકોમાં તે શખ્સ અત્યંત નીચ તથા ઝલીલ છે કે લોકો તેને દુરવેશ જાણે અને તે ખુદ એવો ન હોય. તે શખ્સ ઘણો સારો છે જેને લોકો દુરવેશ ન કહે પરંતું તે દુરવેશ હોય.** જે રીતે કે તે શખ્સ બુરો છે જેને લોકો અલ્લાહવાળો દુરવેશ કહે, જ્યારે કે તે એવો ન હોય. એનું દષ્ટાંત એવું છે કે કોઈ દાવો કરે કે હું ડોક્ટર છું અને તે બીમારોનો ઈલાજ કરવા લાગે, જ્યારે કે તે ડોક્ટરી વિદ્યાની કાંઈ જાણકારી ધરાવતો ન હોય, તો લોકોને ઔર અધિક બીમાર કરી આપે, જ્યારે ખુદ બીમાર પડે તો પોતાનો ઈલાજ કરવાથી લાચાર રહે અને બીજા ડોક્ટરને પોતાના ઈલાજ માટે શોધે. એવો દુરવેશ જેને લોકો બાખુદા (અલ્લાહવાળો) કહે અને તે બાખુદા હોય તે એવા ડોક્ટરની જેમ છે જે બીમારોનો ઈલાજ કરે અને જ્યારે ખુદ બીમાર પડે તો તેને બીજા ડોક્ટરની જરૂરત ન પડે, બલ્કે પોતે જ પોતાનો ઈલાજ કરે. એવો દુરવેશ જેને લોકો બાખુદા દુરવેશ ન જાણતા હોય પણ તે હોય બાખુદા દુરવેશ તે સાચા ડોક્ટરની જેમ છે, લોકોને પોતે ડોક્ટર હોવાની ખબર ન આપે અને તેમની રજૂઆતોથી મુક્ત હોય પરંતું ખુદ માફકસરના ખોરાક, રાહત આપનાર શરબતો અને ઉમદા તથા મધ્યમ હવાઓનો લેહાઝ રાખે જેથી બીમાર ન પડી જાય. એવો દુરવેશ

લોકોની આંખોથી ઓજલ રહે છે.

**(૯)** અમુક પાછલા મશાઈખ ફર્માવે છે : الفقر عدمٌ بلا وجود વજૂદ વિના અન અસ્તિત્વનું નામ ફક્ર (ફકીરી) છે.

આ કૌલ (કથન)નું લખાણ અપૂર્ણ અધૂરુ છે. એનો ભાવાર્થ શબ્દોમાં વર્ણવી નથી શકાતો કેમ કે કોઈ ચીજ મઅદૂમ (અન અસ્તિત્વવાળી) નથી હોતી અને ચીજના અસ્તિત્વ વગર વર્ણન નથી કરી શકાતુ. આ વાક્યથી મતલબ એ નીકળે છે કે ફક્ર (ફકીરી) કોઈ ચીજ નથી અને એ કે ઉપરોક્ત વર્ણવેલ સર્વ મશાઈખ તથા તમામ અવલિયા અલ્લાહનો ઈજમાઅ તથા એકમતી બેઅસ્લ છે કેમ કે તેઓ ખુદ પોતાની જાતના ફાની તથા મઅદૂમ છે અને આ વાક્યથી અયનનું અદમ મુરાદ નથી બલ્કે અયને અદમે આફત મુરાદ છે, જ્યારે કે માણસની સર્વ સિફતો આફત છે. જ્યારે આફતની નફી (નકાર) થઈ ગયો તો તે સિફતનું ફના મુરાદ છે અને સિફતનું ફના થવું વસૂલ તથા અદમે વસૂલના વાસ્તાને એમના સામેથી હટાવવું છે અને જાતથી તેમના હાલને મઅદૂમ કરવો એ જાતની નફી (નકાર) મુરાદ પામવું છે અને એમાં એને હલાક કરી દેવું છે.

**(૧૦)** લેખક رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મેં મુતકલ્લિમીન (તે ઉલમા જેઓ બૌધ્ધિક તર્કની સાથે ધાર્મિક મામલાઓ સાબિત કરવાના નિષ્ણાત)ની એક જમાઅતને જોઈ જેમને ફક્ર (ફકીરી)ની હકીકતની ખબર ન હતી અને તેઓ આ વાક્ય પર હસતા હતા. અને કહેતા હતા કે આ કેવી અયોગ્ય વાત છે ! અને મેં મુદઈયાને કાઝિબ (જૂઠા દાવેદારો)ની એક જમાઅતને જોઈ જે આ અયોગ્ય વાતને સ્વીકારતા અને તેના પર યકીન તથા ભરોસો કરતા હતા અને અસલ કિસ્સાનો તેમને ઈલ્મ જ ન હતો. તેઓ ઉઘાડા છોગે કહેતા હતા : الفقر عدمٌ بلا وجود કે વજૂદ વિનાના અદમનું નામ ફક્ર છે. જ્યારે કે એ બંનેવ ગલતી પર છે : એક ઈલ્મની ઉણપના કારણે હક્કનો મુન્કિર થયો, બીજાએ જેહાલત તથા નાદાનીને અપનાવી અને જાહેરી શબ્દોમાં ઉલઝીને રહી ગયો.

મશાઈખે તરીકતનાં લખાણોમાં અદમ તથા ફનાનો મતલબ બુરી હરકતો તથા નાપસંદીદા ખાસિયતોથી દૂર રહીને પસંદીદા તથા તથા ઉમદા ખૂબીઓની શોધ કરવું છે. તલબ તથા શોધના માધ્યમોમાં ગૈર મૌજૂદ હોવું મુરાદ નથી. સારાંશ કે દુરવેશે ફક્ર (ફકીરી)ની સર્વ મુરાદોમાં ખાલી અને દરેક સબબથી અજાણ હોવું જોઈએ.

હવે રહી એ વાત કે અસ્રારે રબ્બાનીમાં સૈર કરવી, તેનાથી પોતાનાં કામ પાર પાડવાં, પોતાના અમલને તેના સંબંધિત કરવો, અને મકસદોને તેનાથી સનદ આપવી. તો જ્યારે તેનાં કામો કોશિશ તથા મહેનતથી શર્તથી મુક્તિ પામી જશે તો કાર્યની નિસ્બત તેનાથી અલગ થઈ જશે. એ વખતે એના પર જે હાલ ગુજરે છે તે ગુજરી જશે. એ હાલમાં તે કોઈ ચીજને ન તો પોતે પોતાની તરફ લાવે છે અને ન પોતાનાથી દૂર કરે છે, સર્વ કાંઈ અલ્લાહની તરફથી સમજે છે, અને જે કાંઈ તેના પર વીતી જાય છે તે તેને અયન હક્ક સમજે છે.

**(૧૧)** હઝરત લેખક رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મેં ઝબાન દરાઝ દાવેદારો (જૂઠા)નો એક ગિરોહને જોયો જેઓ ફક્ર (ફકીરી)ના અસ્તિત્વમાં વજૂદના નકારના વિવાદના ખયાલથી તેમના કમાલના નકારને પ્રદર્શિત કરી રહ્યો હતો. આ વાત જાતે પોતે સખત અઝીઝ છે અને મેં જોયું કે એ લોકો ફક્રની હકીકતથી નકાર કરવાથી મુરાદ અયન ફકીરીથી નકારની સિફત જાહેર કરી રહ્યા હતા. અને જોયું કે તેઓ તાલિબે હક્ક તથા હકીકતની નફી (નકાર)ને ફક્ર તથા સિફત કહી રહ્યા હતા. અને જોયું કે પોતાની હવસ તથા વાસનાને

યથાવત રાખીને સંપૂર્ણ નકાર જાહેર કરી રહ્યા હતા અને તે લોકો ફક્રની દલીલોના દરેક દરજામાં પછાત હતા એટલા માટે કે માણસના માટે આ વાતનો ઈદરાક (પહોંચ, સમજ) વિલાયતના કમાલની નિશાની છે અને એ વાતને સમજવાના ઈચ્છુક હોવું એ અતિશય કક્ષાની હિંમત છે અને અયન અર્થ (મુરાદ)થી મહોબ્બત કરવી એ કમાલની મંઝિલ છે. જેથી ફક્ર તથા તસવ્વુફ (ફકીરી તથા સૂફીપણા)ના તાલિબ માટે એના સિવાય કોઈ માર્ગ નથી કે તેમની રાહ પર ચાલવા અને તેમના મક઼ામોને પાર પાડવા અને તેમની ઈબાદતો પર વિચારણા તથા ચિંતન કરીને સમજવાની કોશિશ કરે જેથી ખાસ મંઝિલ અંધકારમાં ન રહી જાય, એટલા માટે કે સર્વ ઉસૂલ ઉસૂલથી અને તમામ ફુરૂઅ ફુરૂઅથી નીકળે છે. જો કોઈ રસ્તે ચાલનાર ફુરૂઅથી રહી જાય તો ઉસૂલથી નિસ્બત બાકી રહે છે, પરંતુ જ્યારે ઉસૂલ જ રહી જાય તો તે કોઈ જગાએ બેસવાને પાત્ર નથી રહેતો અને કોઈનાથી નિસ્બત નથી રહેતી.

મેં આ સર્વ વાતો સ્પષ્ટપણે એટલા માટે વર્ણવી છે કે તમે તેમને ચિંતનની, રાહે હક્કના આદાબની કાળજી રાખો. હવે હું મશાઈખે તરીકતના કેટલાક ઉસૂલ તથા રહસ્યો અને તેમના તે નિર્દેશો જે તસવ્વુફના બારામાં ફર્માવ્યા છે તે વર્ણવું છું ત્યાર બાદ મર્દાને હક્કના અસ્માએ ગિરામી (મુબારક નામો) તથા તરીકતના મશાઈખના મઝહબોનો મતભેદ વર્ણન કરીશ. ત્યારબાદ હકીકતો તથા મઅરેફતો અને શરીઅતના હુકમો વર્ણવીને તેમના મકામોના રાઝો તથા આદાબ શક્ય ત્યાં સુધી વર્ણવીશ જેથી તમારા પર અને દરેક શખ્સ પર જે આ કિતાબને પઢે હકીકત જાહેર થઈ જાય. (وباللہ التوفیق) –*(ક્રમશઃ)*

પેજ નં.૪૮ નું ચાલુ.. આપનું નામ અલ આવાહ રાખી દીધુ હતું એટલે પનાહની જગા. *(અલ અસાબા, ૨/૧૦૯૧, સવાઈકે મુહર્રિકા, પેજ–૮૫)*

**(૯)** અલ્લાહ કરીમ ﷻએ પોતાના હબીબે કરીમ ﷺની શાનમાં ફર્માવ્યું : وَلَسَوْفَ يُعْطِيكَ رَبُّكَ فَتَرْضَىٰ "હે મેહબૂબ ! નજીકમાં જ આપનો રબ આપને એટલુ આપશે કે આપ રાજી થઈ જશો. (સૂ. દુહા, ૯૩/૫) અને સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہના બારામાં ફર્માવ્યું : وَلَسَوْفَ يَرْضَىٰ "અને બેશક ! નજીક છે કે તે રાજી થઈ જશે." *(સૂ. લૈલ, ૯૨/૨૧)*

**(૧૦)** આખરી સમયમાં આપે વસિયત કરી કે મને હુઝૂર ﷺની જેમ કફન આપવામાં આવે. (મુસ્તદરક, હ–૪૪૭૦) હુઝૂર ﷺ જેટલી જ ઉમર પામ્યા અને આપ ﷺની પાસે જ દફન થયા.

**(૧૧)** ફતહે મક્કાના મોકા પર મૂર્તિને પાડવા માટે નબી કરીમ ﷺ સૈયદના અલીયે મુર્તઝા رضی اللہ عنہના ખભા પર સવાર થયા. હઝરત અલી رضی اللہ عنہ આપને લઈને ઉઠી ગયા. નબી કરીમ ﷺએ તેમને કમજોર પામ્યા તો ફર્માવ્યું, બેસી જાવ ! આપ નીચે ઉતરી આવ્યા અને હઝરત અલી رضی اللہ عنہને ફર્માવ્યું કે મારા ખભાઓ પર બેસી જાવ ! આપ ﷺ હઝરત અલી رضی اللہ عنہને લઈને ઉઠી ગયા. હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે મને ખયાલ આવી રહ્યો હતો કે જો હું ચાહું તો આસ્માનને હાથ લગાડી શકુ છું.

*(અસ્સુનનુલ કુબરા લિલ નસાઈ, હ–૮૫૦૭)*

સુબ્હાનલ્લાહ ! આ હદીષમાં મૌલા અલી رضی اللہ عنہની કેવી પ્યારી ફઝીલત તથા મહાન એ'ઝાઝ વર્ણન થયેલ છે. ધિક્કાર છે ખારજીઓ પર જેઓ અલીની અદાવતમાં જલતા રહે છે. હવે જરા સિદ્દીકે અકબર رضی اللہ عنہના ખભાઓની હિંમતનો પણ અંદાઝો કરો. હિજરતની રાતે સિદ્દીકે અકબર رضی اللہ عنہએ મહબૂબે કરીમ ﷺના કદમોના નિશાન છુપાવવા માટે આપને આપના ખભાઓ પર ઉઠાવી લીધા અને ગુફાના દ્વાર પાસે લાવીને ઉતાર્યા. (અલ વફા, પેજ–૨૩૭) ધિક્કાર છે રાફઝીઓ પર જેઓ નબુવ્વતના બોજને સહન કરનારાની હિંમતનો ઈન્કાર કરી રહ્યા છે. –*(ક્રમશઃ)*

# ઝર્બે હૈદરી

(હફ્તો : ૪)

**અઝ** : *શયુખલ હદીષ વત્તફસીર પીર સાઈ*
**ગુલામરસૂલ ક઼ાસમી ક઼ાદરી નક઼્શબંદી** دام ظلہ العالی
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*વર્તમાન સમયમાં કેટલાક કહેવાતા સુન્નીઓમાં શીઆઈયત જેવા ખયાલોનો પગપેસારો થઈ રહ્યો છે જેનાથી ઘણા સુન્ની ભાઈઓ ગુમરાહીનો શિકાર થઈ રહ્યા છે, એવા સમયે 'અહલે સુન્નત વ જમાઅત'નો હક્ક઼ મઝહબ સુન્ની હઝરાત સમક્ષ રજૂ કરી ઈમાનની સલામતીનો માર્ગ સમારતી આ કિતાબ* ***'ઝર્બે હૈદરી'*** *નામથી અત્રે લેખમાળા રૂપે રજૂ કરીએ છીએ જે કુર્આન, હદીષ તથા ઉલમાના અક઼વાલથી રાફઝિયતના અંધકારને દૂર કરી અહલે સુન્નતની રોશની ફેલાવવા માટે ખૂબ જ સહાયકર્તા છે. એને જરૂરથી વાંચો વંચાવો અને ઈમાનમાં તાજગી મેળવો.*
*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

''પંજતન પાક'' તથા ''ચાર યાર''ની બંને ઈસ્તેલાહો (બોલીઓ) અજમી છે, પરંતું ''પંજતને પાક''ના ઠેકેદાર ''ચાર યાર''ની ઈસ્તેલાહ (બોલી) પર વાંધો ઉઠાવે છે અને કહે છે કે હક્ક઼ ચાર યારને બદલે હક્ક઼ સબ યાર કહેવું જોઈએ. અમારી વર્ણવેલી ઉપરોક્ત હદીષો તેમને લગામ આપવા માટે પૂરતી છે. બીજી બાજુ ચાર યારના ઠેકેદાર પંજતને પાકની ઈસ્તેલાહ પર વાંધો ઉઠાવે છે અને કહે છે કે પંજતને પાકને બદલે સબ તન પાક કહેવું જોઈએ. હદીષે રિદા અને હદીષ اَنَا حَرْبٌ لِمَنْ حَارَبَهُمْ وَسَلْمٌ لِمَنْ سَالَمَهُمْ પંજતને પાકની ઈસ્તેલાહના મુન્કિરોને લગામ આપવા માટે પૂરતી છે. અહલે સુન્નત અબાહતે અસલિયા (મૂળભૂત હુકમ મુબાહનો હોવું જ્યાં સુધી કોઈ બાબતનો હલાલ કે હરામનો હુકમ ન હોય તે મુબાહ છે)ના કાયદા પ્રમાણે બંને ઈસ્તેલાહાત (બોલીઓ)નો દિલો જાનથી ખુશીભેર સ્વીકાર કરે છે અને આ સર્વ અલ્લાહના પ્યારાઓના સાચા દિલથી ગુલામ છે. અલ્હમ્દુલિલ્લાહ !

''હક્ક઼ ચાર યાર''નો નારો અસલમાં એ ખારજીઓની રદ કરે છે જેઓ સૈયદના અલી رضی اللہ عنہ ને ચોથા ખલીફા રાશિદ સ્વીકારતા ન હતા. આ ગલત ફહમીને દૂર કરવા માટે ઈમામ અબૂ દાઊદ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَالرِّضۡوَان એ પોતાની સુનનમાં બાબુત તફઝીલ રચ્યો અને એમાં હદીષે ઈબ્ને ઉમર વ ઈમ્ષાલા વર્ણવી છે. એ બાબ (પ્રકરણ) પછી તરત બાબુલ ખુલફા (ખલીફાઓ વિશે પ્રકરણ) રચ્યું અને એમાં હદીષે સફીના વ ઈમ્ષાલા વર્ણવી છે. ઈમામ ખિલાલ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَان થકી પોતાની કિતાબુસ્સુન્નહમાં આ શિર્ષક (ટાઈટલ) આપવામાં આવેલ છે કે :–

تَثْبِيتُ خِلَافَةِ عَلِيِّ بْنِ أَبِي طَالِبٍ رضي الله عنه أَمِيرِ الْمُؤْمِنِينَ حَقًّا حَقًّا

એટલે ''અમીરુલ મો'મિનીન અલી ઈબ્ને અબી તાલિબની ખિલાફતની સાબિતી હક્ક઼ છે.'' આ ટાઈટલ હેઠળ લખે છે : ઈમામ અહમદ ઈબ્ને હંબલ رحمۃ اللہ علیہ એ એ શખ્સના બારામાં ફર્માવ્યું, જે શખ્સ અલીને ઈમામ (એટલે ખલીફા) નથી માનતો, એવો શખ્સ કઈ બાજુ જવા ચાહે છે ? શું હઝરત અલી رضی اللہ عنہ એ હદો કાયમ નથી કરી ? શું લોકોને હજ નથી પઢાવ્યો ? શું રસૂલુલ્લાહ ﷺ ના સહાબા તેમને અમીરુલ મો'મિનીન કહેતા ન હતા ? સાલેહ ઈબ્ને અલી ફર્માવે છે કે, ''મને એ શખ્સ સારો નથી જણાતો જે હઝરત અલી رضی اللہ عنہ ને ખલીફાઓમાં સામેલ ન કરે لَا يُعْجِبُنِي مَنْ يَقِفُ عَنْ عَلِيٍّ فِي الْخِلَافَةِ (અસ્સુન્નહ બિલ્ ખિલાલ્ પેજ–૬૧૦) وقال اسناده صحيح, આ પ્રકારના

કેટલાય અક્વાલ ખિલાલની સુન્નહમાં સહીહ સનદ સાથે મૌજૂદ છે.

સ્પષ્ટ થઈ ગયું કે ''હક્ક ચાર યાર''નો નારો અલી કરીમ رضی اللہ عنہને ખલીફા બર હક્ક સાબિત કરવા માટે લગાડવામાં આવે છે અને એમાં મઆઝલ્લાહ ! બુગ્ઝે અહલે બયતની બૂ નથી બલ્કે મહબ્બતે અલીની ખુશ્બુ મહેકી રહી છે. رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ

અહલે સુન્નતની નિશાની અને પેહચાન એ છે કે : **શયખૈન અબૂબક્ર, ઉમર)ને અફઝલ કહેવામાં આવે. શયખૈનની અફઝલિયતનો મુન્કિર ''રાફઝી''** તથા **ખત્નૈન (ઉષ્માન તથા અલી)ની મહોબ્બતનો મુન્કિર ''ખારજી'' છે.** જયારે કે એ ચારેવને અફઝલિયત તથા મહોબ્બતના હવાલાથી ભેગા માનનાર અને ચારેવને બરહક્ક સમજનાર અહલે સુન્નત છે. ''હક્ક ચાર યાર''ના એક જ નારામાં ખારજી તથા રાફઝી બંનેની રદ સમાયેલી છે. સૈયદના ઈમામ હસન رضی اللہ عنہને આ નારામાં સામેલ ન કરવાનુ કારણ એ છે કે નવાસાને યાર કહેવો મુનાસિબ નથી. તેમજ વિવિધ હદીષો પઢી ચૂકયા છીએ જેમનામાં કેવળ ચાર ખુલફાએ રાશિદીનનું વર્ણન છે અને ત્યાં નબી કરીમ ﷺએ ખુદ પોતાના શહઝાદાનો ઝિક્રે ખૈર (ઉલ્લેખ) નથી કર્યો.

હદીષોમાં વિવિધ પ્રકારના શબ્દો ફેરવી ફેરવીને અફઝલિયતે અબૂબક્ર સિદીક رضی اللہ عنہને સ્પષ્ટ કરી આપેલ છે. હવે છેવટમાં અમે એવી હદીષો નકલ કરી રહ્યા છીએ જે ઈન્શા અલ્લાહ ! મુન્કિરોના કિલ્લામાં ધરતીકંપ પેદા કરી દેશે.

હદીષ શરીફમાં છે : ''જો અબૂ બક્રનું ઈમાન સર્વ આલમોના ઈમાનની સાથે તોલવામાં આવે તો ભારે છે. *(ઈબ્ને અદી, ૧૦૧૨, મિન હદીષિબ્નિ ઉમર બિઈસ્નાદિન્ ઝઈફ. તેમજ બયહકીએ શોઅબુલ ઈમાનમાં રિવાયત કરી, હદીષનં. ૩૬, મૌકૂફન અલા ઉમર બિઈસ્નાદિન્ સહીહ)*

**હદીષ-૪૦** : હઝરત જુબેર ઈબ્ને મુત્ઈમ رضی اللہ عنہ ફર્માવે છે કે જયારે અલ્લાહ તઆલાએ નબી કરીમ ﷺને મબ્ઊષ ફર્માવ્યા અને આપની નબુવ્વત મક્કામાં જાહેર થઈ તો હું શામના પ્રદેશમાં ગયો. રસ્તામાં જયારે હું બસરા પહોંચ્યો તો મારી પાસે ઈસાઈઓની એક ટોળી આવી. તેમણે મને કહ્યું, તમે હરમવાળાઓમાંથી છો ? મેં કહ્યું, હા ! તેમણે કહ્યું કે શું તમે એ માણસને ઓળખો છો જેણે તમારામાં નબુવ્વતનો દાવો કર્યો છે ? મેં કહ્યું, હા. તેમણે મારો હાથ પકડયો અને પોતાના ઈબાદતાનામાં લઈ ગયા જેમાં કોતરેલી સૂરતો તથા તસ્વીરો હતી. તેમણે કહ્યું, શું તમે આ તસ્વીરોમાં એ નબીની તસ્વીરને ઓખળી શકો છો જે તમારા તરફ મોકલવામાં આવેલ છે ? મેં જોયું તો મને આપ ﷺની તસ્વીર જોવા ન મળી. મેં કહ્યું, એમાં તે તસ્વીર મૌજૂદ નથી. તે મને એનાથી મોટા ઈબાદતખાનામાં લઈ ગયા. એમાં પહેલાં કરતાં પણ અધિક તસ્વીરો મૌજૂદ હતી. તેમણે કહ્યું, અહીં જુઓ શું તમને તેમની તસ્વીર જોવા મળે છે ? મેં જોવાનું શરૂ કર્યું તો મને રસૂલુલ્લાહ ﷺની તસ્વીર નજર આવી ગઈ, સાથે જ અબૂબક્રની તસ્વીર પણ એ રીતે બનેલી હતી કે તેમણે રસૂલુલ્લાહ ﷺના કદમોને પકડેલા હતા. તેમણે મને પૂછયું, શું તમને તેમની તસ્વીર મળી ? મેં કહ્યું, હા ! મેં વિચાર્યું કે હું તેમને બતાવીશ નહીં જયાં સુધી હું તેમનો ખયાલ જાણી ન લઉં. તેમણે આંગળી રાખીને કહ્યું, શું આ જ તે નબી છે ? મેં કહ્યું, અલ્લાહની કસમ ! હું ગવાહી આપુ છું કે એ જ છે. તેમણે કહ્યું, જેમણે તેમના પગો પકડેલા છે એમને ઓળખો છો ? મૈં કહ્યું, હા ! તેમણે કહ્યું, હું ગવાહી આપુ છું કે આ જ તમારા નબી છે અને આ બીજો એમના બાદ એમનો ખલીફા છે.

**નોંધ** : અબૂબક્ર અધિક નમાઝો અને રોઝાઓના કારણે તમારા લોકોથી આગળ નથી નીકળ્યા બલ્કે

એ રાઝના કારણે આગળ નીકળી ગયા છે જે એમના સીનામાં સજાવી દેવામાં આવેલ છે. *(અખરજહુત્તિર્મિઝી અલ હકીમ ફીન્નવાદિર, ૩/૫૫, મન કૌલ બકર ઈબ્નિ અબ્દુલ્લાહ અલ મુઝની)*

મુહદ્દિષોએ એને મરફૂઅ હદીષ નથી સ્વીકારી પણ ઘણા બધા સૂફીઓએ એને મરફૂઅ હદીષ તથા સહીહ માનેલ છે. *(અહયાઉલ ઉલૂમ, પેજ–૩૫, રસાઈલે ઈબ્ને અરબી, પેજ–૩૦, અલ યવાકીત વલ્જવાહિર, પેજ–૪૩૭, સબએ સનાબિલ, પેજ–૬૨)* અને ફર્માવ્યું છે : આ હદીષ આ વિષય પર સ્પષ્ટ નસ (દલીલ) છે કે સિદ્દીકે અકબર સર્વ સહાબાથી અફઝલ છે. (અલ યવાકીત વલ જવાહિર, પેજ–૪૩૭) كَمَا شَهِدَ لَهُ سَيِّدُ الْمُرْسَلِيْنَ ﷺ (અહયાઉલ ઉલૂમ, પેજ–૩૫) રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું છે :–

مَا فَاقَ أَبُو بَكْرٍ بِكَثْرَةِ الصَّلٰوةِ وَالصِّيَامِ وَلٰكِنْ بِشَيءٍ وُقِّرَ فِي قَلْبِهٖ

"અબૂબક્ર અધિક નમાઝો અને રોઝાઓના કારણે તમારા લોકો કરતાં આગળ નથી નીકળ્યા બલ્કે એ રાઝના કારણે આગળ નીકળી ગયા છે જે એમના સીનામાં સજાવી દેવામાં આવેલ છે."

*(સબએ સનાબિલ, પેજ–૬૨)*

એનું સમર્થન અન્ય એક મકતૂઅ હદીષથી થાય છે. હઝરત અબૂ માલિક ઈબ્ને અશ્જઈ ફર્માવે છે કે મેં સૈયદના ઈબ્ને હનફિયાને પૂછ્યું, અબૂબક્ર સૌ પ્રથમ ઈમાન લાવ્યા હતા ? તેમણે કહ્યું, નહીં ! મેં કહ્યું, પછી કયા કારણે બુલંદ થયા અને આગળ નીકળી ગયા ત્યાં સુધી કે અબૂબક્ર સિવાય કોઈ એકનું નામ નથી લેવામાં આવતું ? كَانَ أَفْضَلُهُمْ إِسْلَاماً حَتَّى لَحِقَ بِاللّٰهِ عَزَّ وَجَلَّ "એ એ સૌથી ઈસ્લામમાં અફઝલ હતા ત્યાં સુધી કે અલ્લાહ ﷻથી જઈને મળ્યા. *(ઈબ્ને અબી શયબા, ૭/૪૭૨, અસ્સુન્નહ લિઈબ્નિ અબી આસિમ, હદીષ–૧૨૫૫, અસ્નાદુહૂ સહીહ)*

તદ્ ઉપરાંત અર્રિયાઝુન્નઝરહમાં એક હદીષના શબ્દો એ પણ છે કે, જે કાંઈ અલ્લાહે મારા સીનામાં રાખેલ છે, મેં તે સૌ અબૂબક્રના સીનામાં રેડી આપ્યું છે. આ હદીષને મુહદ્દિષોએ મૌઝૂઅ ઠરાવેલ છે, પરંતુ **સૂફીઓનું આ હદીષને સ્વીકૃતિ આપવી એ કમ સે કમ એ લોકો માટે જરૂર ચિંતનનો વિષય છે જેઓ જાહેરી ખિલાફત અને બાતિની વિલાયતની ચર્ચાઓ છેડે છે.** જેમ કે બાતિની વિલાયતને એ લોકો કરતાં બેહતર સમજવાવાળા એક મહાન સૂફી બુઝુર્ગ હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہનો કૌલ સાંભળો : ફારસી–૧૩૮) "દરેક તે ચીજ જે કિબ્રિયાની બારગાહથી મુસ્તફા ﷺના સીના પાકમાં દાખલ કરવામાં આવી હતી તે આપ ﷺએ સિદ્દીકના સીનામાં રાખી દીધી એમાં કોઈ ખરાબી નથી, કોઈ શક નથી બલ્કે આ અત્યંત તેહકીકી વાત છે કે ખરેખર દરેક ચીજ રાખી દીધી. *(મન્તિકુત્ તયર, પેજ–૨૮)*

## ★ સિદ્દીકનું નબીથી મળતાપણુ તથા સંપૂર્ણ ફના થવું ★

**(૧)** બચપનના સાથી હતા. કુર્આને સિદ્દીકે અકબર رضی اللہ عنہને ષાનીયે અષ્નૈન (નબીના ષાની) ઠરાવ્યા. હિજરતની રાતે સિદ્દીકે અકબર رضی اللہ عنہને અલ્લાહ કરીમે નબી કરીમ ﷺની જાનના મુહાફિઝ પસંદ કર્યા. જંગે બદરમાં સર્વ લોકો મેદાનમાં હતા જ્યારે કે સિદ્દીકે અકબર رضی اللہ عنہ બદરના અરીશમાં નબી કરીમ ﷺના જાનનો પેહરો આપી રહ્યા હતા.

**(૨)** જ્યારે નબી કરીમ ﷺ પર પ્રથમ વહી નાઝિલ થઈ તો આપ ﷺની હોસલા અફઝાઈના

માટે ઉમ્મુલ મો'મિનીન સૈયદા ખદીજા رضی اللہ عنہاએ ફર્માવ્યું કે આપને અલ્લાહ તઆલા કદાપિ બેઈજ્જત નહીં કરે. આપ સિલએ રહમી (સગાંથી સદવર્તાવ) કરો છો, ગરીબોના બોજ ઉઠાવો છો, કોઈને ખાલી હાથે નથી પરત કરતા, મહેમાનનો એહતેરામ કરો છો, હમેશાં હક્કવાળાઓનો સાથ આપો છો.

*(બુખારી, હદીષ–૩)*

હિજરતના સમયે આ જ શબ્દો ઈબ્ને દગ્નાએ સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہના માટે વાપર્યા હતા.

*(બુખારી, હ–૩૯૦૫)*

**(૩)** સુલહે હુદૈબિયાના મોકા પર નબી કરીમ صلی اللہ علیہ وسلمએ સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہને ફર્માવ્યું,

اِنِّی رَسُوْلُ اللهِ وَلَسْتُ أَعْصِيْهِ وَهُوَ نَاصِرِی "હું અલ્લાહનો રસૂલ છું અને હું તેની નાફર્માની નથી કરતો, તે જ મારો મદદગાર છે. તમે કોઈ દિવસ તવાફ કરવા જરૂર આવશો. ત્યાર બાદ જયારે તે સિદ્દીકે અકબર رضی اللہ عنہની પાસે ગયા તો તેમણે પણ એ જ શબ્દો કહ્યા કે

اِنَّهُ رَسُوْلُ اللهِ وَلَيْسَ يَعْصِيْ رَبَّهُ وَهُوَ نَاصِرِی--- فَإِنَّكَ آتِيْهِ مُطَوِّفٌ بِهٖ

*(બુખારી, હ–૨૭૩૧)*

**(૪)** નબી કરીમ صلی اللہ علیہ وسلم અબૂબક્ર رضی اللہ عنہના માલને પોતાના જાતી માલની જેમ ઉપયોગમાં લેતા હતા. (ફઝાઈલુસ્સહાબા, ૧/૭૨) હિજરત વખતે કાફિરોએ નબી કરીમ صلی اللہ علیہ وسلم તથા સિદ્દીકે અકબર رضی اللہ عنہને પકડવા માટે ઈનામ બહાર પાડયું હતું. *(મુસ્તદરક, હ–૪૪૮૧)*

**(૫)** નબી કરીમ صلی اللہ علیہ وسلمના દૌરમાં કોઈ માણસે પોતાની પત્નીને એકી સાથે ત્રણ તલાકો આપી દીધી. આપ صلی اللہ علیہ وسلم ગુસ્સામાં ઉભા થઈ ગયા. અને ફર્માવ્યું, શું અલ્લાહની કિતાબ સાથે રમત કરવામાં આવશે જયારે કે હું તમારા વચ્ચે મૌજૂદ છું ?! (નસાઈ, હ–૩૪૦, મિશ્કાત, હ–૩૨૯૨) જયારે સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہએ ખિલાફતની મસ્નદ સંભાળી તો મુર્તદોએ ઝકાત અદા કરવાથી ઈન્કાર કરી આપ્યો. એના પર આપ رضی اللہ عنہએ ફર્માવ્યું, શું દીનમાં ખામી લાગુ પડી જશે જયારે કે હું ઝિંદા મૌજૂદ છું ?! (મિશ્કાત, હ–૬૦૩૪) નબી કરીમ صلی اللہ علیہ وسلم તથા સિદ્દીકે અકબર رضی اللہ عنہ બંનેના શબ્દોનું સરખામણુ મેહસૂસ કરો. ઈમાનની નિગાહ એ પરિણમ આપશે કે સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ ફના ફિર્રસૂલના મકામ પર બિરાજેલ હતા.

**(૬)** જયારે મહબૂબે કરીમ صلی اللہ علیہ وسلمનો વિસાલ થયો તો અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ એલાન કરાવી આપ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના જિમ્મે જેનું કરજ હોય અથવા આપ صلی اللہ علیہ وسلمએ કોઈને વાયદો કર્યો હોય તો તે મારી પાસે આવી જાય, હું તે કરજ અદા કરી આપીશ અને વાયદો પૂરો કરી આપીશ. *(બુખારી, હ–૩૧૩૭)*

**(૭)** સિદ્દીકે અકબર رضی اللہ عنہના આ શબ્દો સોનાના પાણી વડે લખવાને પાત્ર છે : لَسْتُ تَارِكًا شَيْئًا كَانَ رَسُوْلُ اللهِ ﷺ يَعْمَلُ بِهٖ "મારાથી એ કામ નથી છૂટી શકતુ જેને નબી કરીમ صلی اللہ علیہ وسلم કરતા રહ્યા. *(બુખારી, હ–૩૦૯૩)*

એ જ કારણે આપ رضی اللہ عنہથી જે સહાબી رضی اللہ عنہએ પણ ઓસામાના લશ્કરની રવાનગી, ઝકાતના મુન્કિરો સાથે જંગ અને બાગે ફિદક જેવા મામલાઓના બારામાં વાત કરી તો આપે એ જ જવાબ આપ્યો કે નબી કરીમ صلی اللہ علیہ وسلمના તરીકા પર ચાલતા રહેવું એ મારી મજબૂરી છે.

**(૮)** સૈયદના અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہને હુઝૂર صلی اللہ علیہ وسلمની રહમતુલ લિલ્ આલમીનીથી એટલા પ્રમાણમાં ફયઝ મળ્યો હતો કે સહાબાએ કિરામે વધુ પેજ ૪૪ પર.

## તર્જુમા તફસીર સાથે



# કુર્આન પઢવા અને સાંભળવાની આદત અપનાવો !

અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી
(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી-મુંબઈ)
અનુવાદક : મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી દયાદરવી

જો આપણે કુર્આન પર અમલ કરવાનો દઢ નિશ્ચય કરી લઈએ અને તેના આદેશોને અનુસરવાનું શરૂ કરી દઈએ તો ઈન્શા અલ્લાહ ! આપણી પડતીનું પતન થશે.

ઉમ્મતે મુસ્લિમા પોતાની ઉન્નતી અને પતનના કારણો પર વિચાર વિમર્શ કરી રહી છે કે આપણી પડતીના કારણો શું છે અને ભૂતકાળમાં આપણી બુલંદી ક્યા આધારો પર હતી. કૌમના વિદ્વાનો પોત પોતાની અંતઃદષ્ટિ મુજબ તેનું વિવરણ કરે છે અને વિવિધ કારણો વર્ણવે છે. એક હદીષે મુબારકાનો મેં અભ્યાસ કર્યો તો તેમાં ઉન્નતી અને પતનના કારણોનો સ્પષ્ટ નિર્દેશ પામ્યો.

નબીયે કરીમ ﷺએ ફર્માવ્યું (ભાવાર્થ) : અલ્લાહ તઆલા આ કિતાબ (કુર્આન) દ્વારા કેટલાક લોકોને ઉઠાવી દે છે અને કેટલાકને પસ્ત કરી દે છે.

એ હકીકત છે કે જે લોકોને અલ્લાહ તઆલાએ બુલંદી અતા કર્માવી તેમની કામ્યાબીનું સૌથી મોટુ કારણ એ હતું કે તેઓએ કુર્આન મજીદને મજબૂતીથી થામી લીધું. પરંતુ કુર્આનને થામવાનો અર્થ કેવળ તેની તિલાવત અથવા તેને બરકત મેળવવા માટે મકાનો, દુકાનો કે પ્રસંગોમાં રાખી મૂકવું નથી. બલ્કે (ખરો અર્થ) તેના પૈગામને સમજવું અને તેના પર અમલ કરવું છે. જ્યારે આપણે ઉમ્મતે મુસ્લિમાનું વિશ્લેષણ કરીએ છીએ તો જોઈએ છીએ કે ભલે કુર્આન દરેક ઘરમાં મૌજૂદ છે, છતાંય ઉમ્મત પતનશીલ છે. તેનું મૂળ કારણ એ છે કે આપણે કુર્આનને કેવળ બરકત માટે સમજી લીધું છે અને તેના આદેશોને પ્રેક્ટિકલ જીવનમાં ઉતારવામાં ગફલત વર્તી રહ્યા છીએ.

ઘરોમાં કુર્આનની તિલાવત ત્યારે કરીએ છીએ જ્યારે કોઈ ઈન્તિકાલ કરી જાય અથવા કોઈ મર્હૂમને સવાબ પહોંચાડવાનો હોય. દુકાનોમાં તિલાવત ત્યારે કરવામાં આવે છે જ્યારે કારોબારમાં નુકસાન થવા લાગે અને બેબરકતી શરૂ થઈ જાય. કુર્આન જેવી અઝીમ કિતાબ માટે આ જ આપણી અમલી સોચ બની ચૂકી છે. પરિસ્થિતિ એટલી હદે ખરાબ થઈ ચૂકી છે કે નવી પેઢી કુર્આનથી બિલ્કુલ દૂર થતી જઈ રહી છે. જે વયે બાળકોને કુર્આન પઢવાની તા'લીમ આપવી જોઈએ આપણે તેમના હાથોમાં મોબાઈલ ફોન આપી દઈએ છીએ અને વળી બાળકોના ઉજ્જવળ ભાવિની આશા પણ રાખીએ છીએ ! આવા સંજોગોમાં કુર્આનથી નિકટતા અત્યંત અનિવાર્ય છે. કુર્આનની તિલાવત સાથે તેને સમજવું અને તેના પર અમલ કરવો અનહદ જરૂરી છે.

અલ્લાહ તઆલાએ કુર્આને મુકદ્દસને નાઝિલ કરવાનો મકસદ ખુદ સ્પષ્ટ ફર્માવ્યો છે :

وَاتَّبِعُوْٓا اَحْسَنَ مَآ اُنْزِلَ اِلَيْكُمْ مِّنْ رَّبِّكُمْ مِّنْ قَبْلِ

(ભાવાર્થ) : "અને તેની પૈરવી કરો જે તમારા રબ તરફથી તમારા તરફ ઉતારવામાં આવ્યું, જે બેહતરીન છે." (સૂરએ ઝુમર, આ. ૫૫)

પરંતુ આજે મુસલમાનોની સોચ એ પ્રમાણે થઈ ગઈ છે કે જાણે આ કિતાબ પ્રેક્ટિકલ લાઈફ માટે અમલ યોગ્ય નથી રહી. જ્યારે કે અલ્લાહ તઆલાએ ખુદ ફર્માવી દીધું છે કે, "આ કિતાબમાં આપેલ આદેશો સરળ છે." હકીકતમાં આપણે પોતે કુર્આન પર અમલને મુશ્કેલ અને પોતાની નફસાની ઈચ્છાઓની પેરવીને સરળ બનાવી લીધેલ છે, જેના પરિણામે

આપણે ઝિલ્લત અને રૂસ્વાઈના ભોગ બની ગયા છે. રમઝાનુલ મુબારકમાં તિલાવતે કુર્આનનો ખાસ શોખ જોવામાં આવતો હોય છે, પરંતુ એ પણ ધ્યાન પાત્ર છે કે માત્ર તિલાવત પૂરતી નથી. બલ્કે કુર્આનને સમજવા અને તેના પર અમલ કરવાનો જઝબો પેદા કરવો પણ જરૂરી છે. આપણે ત્યાં સામાન્યપણે કુર્આનની સમજૂતી અને તફસીર સાંભળવું તો સારૂ લાગે છે પરંતુ જ્યારે તેના પર અમલની વાત આવે છે તો આપણે પીછેહઠથી કામ લઈએ છીએ. રમઝાનમાં એ ન જોવું જોઈએ કે આપણે કેટલાં કુર્આન ખતમ કર્યાં. ચાહે દસ કર્યાં હોય અથવા વીસ, બલ્કે ખાસ ધ્યાન એ વાત પર આપવું જોઈએ કે શું આપણે કુર્આનને તર્જુમા અને તફ્સીર સાથે પઢયું ?! શું આપણે તેના આદેશો પર અમલ કરવાની નિય્યત કરી ?! આપણે 'કન્ઝુલ ઈમાન' અને અન્ય મોઅતબર તર્જુમા તફસીરો પઢવા સમજવાની આદત અપનાવવી જોઈએ અને પછી એ તા'લીમાતને પોતાના અમલી જીવનમાં ઉતારવાનો જઝબો પેદા કરવો જોઈએ જેથી કુર્આનની બરકતોથી વાસ્તવમાં લાભ લઈ શકીએ. રમઝાનુલ મુબારકમાં તર્જુમાની સાથે કુર્આન પઢવાની આદત અપનાવો. જ્યારે કુર્આનનો કોઈ આદેશ અથવા બુરાઈથી બચવાનો આગ્રહ નજર સમક્ષ આવે તો તેને પોતાના જીવનનો ભાગ બનાવવાની કોશિશ કરો. આપણે આ બાબરકત મહિનામાં કુર્આન પર અમલ કરવાનો નિશ્ચય કરી લીધો અને તેની હિદાયતો ને અપનાવવા લાગ્યા તો ઈન્શા અલ્લાહ ! આપણી પડતી ખત્મ થઈ જશે અને આપણે એકવાર ફરીથી ઉન્નતીના માર્ગે ચાલી શકીશું. આવો ! નિય્યત કરીએ કે ઈન્શા અલ્લાહ ! રમઝાનુલ મુબારકમાં કુર્આનને તર્જુમા સાથે પઢવાની સાથો સાથ તેના પર અમલ કરવાનો પણ સંકલ્પ લઈશું. અલ્લાહ તઆલા આપણને તેની તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)

*(નોંધ : રમઝાન સિવાય પણ કુર્આનને પઢવા સમજવાની આદત રાખવી જોઈએ કે એ આપણુ જીવન બંધારણ છે, એના આદેશો સમજીને અમલ કરીશું તો યક઼ીનન ! બંને જહાનમાં કામયાબી થશે. ઈન્શા અલ્લાહ ! –તંત્રી)(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, મુંબઈ–ઉર્દૂ, ફેબ્રુઆરી–૨૦૨૫)*


**કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ આયોજિત** ૧×૨ અથવા ૨×૨ સ્લીપર કોચ દ્વારા જમવા-રહેવા સાથેનો પ્રવાસ

## સ્પે. કાશ્મીર પ્રવાસ

**આખી ટીકીટ : રૂા. ૧૯,૦૦૧/-** | **પ્રવાસ સ્થળ** | **અડધી ટીકીટ : રૂા. ૧૦,૦૦૧/-**

**ઉદેપુર - કપાસણ - નાગોર - અમૃતસર (વાઘા બોર્ડર, સુવર્ણ મંદિર, જલીયાવાલા બાગ) - શ્રીનગર - સોનમાર્ગ - ગુલમર્ગ - પહેલગાવ - સરહિંદશરીફ - દિલ્હી - આગ્રા - ફતેપુરસીક્રી - અજમેર - જયપુર - પરત ધોળકા**

**પ્રવાસ દિવસ : ૧૬** | **બસ ઉપડશે તા. ૧૯–૫–૨૦૨૫ સોમવાર**

**બસ ઉપડવાનું સ્થળ : (૧) સ્વામિનારાયણ પેટ્રોલ પંપ પાસે ડભાણ, નડીયાદ, સમય : સાંજે ૪-00 કલાકે.**
**(૨) તાલુકા પંચાયત સ્ટાફ કવાર્ટસ પાસે, ધોળકા. જિ. અમદાવાદ, સમય : રાત્રે ૧0-00 કલાકે.**

**નોંધ :** (૧) પ્રવાસ માટે ગાઈડ ફી, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી રકમ રૂા. ૩00/– મુસાફરના શીરે રહેશે. (૨) રૂા. ૫00૧/– ભરી મનગમતી સીટ બુક કરાવો. (૩) બેંક, એલ.આઈ.સી., જી.આઈ.સી.ના કર્મચારીને એલ.ટી.સી. મળશે. એલ.ટી.સી. મેળવનારે ટીકીટ ઉપરાંત રૂા. ૧000/– અલગથી ભરવાના રહેશે. (૪) શ્રીનગર સાઈટ સીન સ્વખર્ચે રહેશે. (૫) શ્રીનગરમાં હોટલ રૂમ બુકીંગ ૪ વ્યક્તિ વચ્ચે એક રૂમ ફાળવવામાં આવશે. (૬) દિલ્લી સાઈટસીન સ્વખર્ચે રહેશે. (૭) તા. ૨૪–૫–૨૫ અને ૩0–૫–૨૫ અને ૪–૬–૨૫ સવારની ચા સ્વખર્ચે રહેશે. (૮) ૩ થી ૮ વર્ષના બાળકની અડધી ટીકીટ રહેશે, બે અડધી ટીકીટ વચ્ચે એક સોફો આપવામાં આવશે.

**આયોજક : શરીફખાન પઠાણ : (મો.) ૯૮૨૪૪ ૭૮૧૧૬**

Bank Name : State Bank of India, Dholka Branch | Bank Ac No. : 32996143540 | IFSC Code : SBIN0000364